સંસ્થાપક - સ્વ. રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક • વર્ષ ૫૬મું • અંક ૪થો • એપ્રિલ ૧૯૭૯

તંત્રી • બચુભાઈ રાવત




ફૂલદાન અને બીજાં પાત્રો. અન્યોન્યને કાપતી રેખાઓથી પડતા ગાળાઓમાં વિવિધ ભાત ભરીને ઉપસાવેલા આકારોનું સૌન્દર્ય (લીનોકટ : મૃગેશ ગાંધી) જુઓ આ અંકની 'કલાવાર્તા'.

સળંગ અંક ૬૬૪



હરણાં : કોરેલી રેખાઓ વડે હરણાંને વિશેષ ઉઠાવ આપતું સુંદર સંયોજન અને ઊંડાણ દર્શાવતું ભરત વાટલિયાનું એક લીનોકટ.
(જુઓ આ અંકની 'કલાવાર્તા')



અનુક્રમ

એપ્રિલ ૧૯૭૯ · અંક ૬૬૪

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ:રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ:રૂ.૨-૫૦

વાચકો લખે છે...

न जाने

ગાંધીજીનો અક્ષરદેહ ૪૦, પત્રાંક ૭૬ (પૃ. ૮૨) છગનલાલ જોશીને, તા. ૫–૩–૨૯. પછી થાય તે ખરું. 'न जाने, जानकीनाथः, प्रातःकाले किं भविष्यति' કલકત્તામાં શું થવાનું છે તેની કોને ખબર હતી?' ભાષાશુદ્ધિ માટે પાણિનિ સમક્ષ આગ્રહી ગાંધીજીએ આમાંનું સંસ્કૃત અવતરણ અક્ષરશઃ આમ લખ્યું હોય એમ માનવામાં આવતું નથી. કારણ આમાં બે દોષ સ્પષ્ટ દેખાય છે. એક તો શ્લોક (અનુષ્ટુપ વૃત્ત)નાં ચારે ચરણોમાંનું પ્રત્યેક ચરણ આઠ અક્ષરોનું હોય છે એટલે प्रातःकालेના સ્થાને प्रमाते હોવું જોઈએ. બીજું जानकीनाथः (પ્રથમા એકવચન)ના સ્થાને (हे) जानकीनाथ (સંબોધન એક વચન) જોઈએ; કારણ जाने પદ ज्ञा ધાતુનું વર્તમાનકાળનું ઉત્તમ પુરુષ એકવચનનું ક્રિયાપદ છે એટલે એનો કર્તા जानकीनाथः હોઈ શકે નહિ પણ अहम् (હું) હોવો જોઈએ: (હે) જાનકીનાથ, (આવતી કાલે) સ્હવારે શું થવાનું છે (એ) હું જાણતો નથી.' યથા दिशो न जाने (ગીતા), न जाने मोक्तारं ઈત્યાદિ (શાકુંતલ) ન જાણું 'जाने'ને ગુજરાતી 'જાણે'નું સંસ્કૃત રૂપ માની લઈને આપણા 'ગઝલના ઘેલાઓ'એ ગાઈ નાખ્યું:

'ન જાણે જાનકીનાથ...
ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે.'

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

राष्ट्रिय અને राष्ट्रीय

જાનેવારી-૭૯ના કુમારમાં શ્રી હરિશંકર પંડ્યાએ તત્સમ શબ્દોના પ્રયોગો વિષે ચાલતી અરાજકતા અને અશાસ્ત્રીયતા વિષે જે ચર્ચા ઉપાડી છે, તે આવકાર્ય છે. ખરો શબ્દ राष्ट्रिय છે. એના બે અર્થ થાય છે: (૧) રાષ્ટ્રનો નિવાસી કે નાગરિક; राष्ट्रे भवः, राष्ट्रे जातः राष्ट्रियः। (૨) બીજો અર્થ થાય છે રાજાનો સાળો. આ બીજા અર્થમાં राष्ट्रिय નો પ્રયોગ ઘણે ભાગે નાટકોમાં થાય છે: अमरकोश કહે છે: राजश्यालस्तु राष्ट्रियः। આચાર્ય ક્ષીરસ્વામી અમરકોશની ટીકામાં લખે છે: नाटयाद् अन्यत्र राष्ट्राधिकृतो राष्ट्रियः અર્થાત્ નાટકના પ્રસંગ સિવાય રાષ્ટ્રિય શબ્દનો અર્થ રાષ્ટ્રવાસી અથવા રાષ્ટ્રનો નાગરિક થાય છે. શ્રી હેમચંદ્રાચાર્ય પણ પોતાના અભિધાનચિંતામણિ કોશમાં જણાવે છે—राष्ट्रियो नृपतेः श्यालः। દીર્ઘઈકારાના राष्ट्रीय શબ્દનો એક અર્થ રાજ્યશાસનનો અધિકારી (ઑફિસર) એવો થાય છે. महाभारत માં આવે છે—ततः संप्रेषयेद् राष्ट्रे, राष्ट्रीयाय च दर्शयेत्। ૧૨–૮૫–૧૨.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

सर्जन અને सृजन

અનેક તત્સમ શબ્દોના વ્યવહારમાં ગુજરાતીમાં અને હિંદી ભાષામાં મોટી અરાજકતા અને અશાસ્ત્રીયતા પ્રવર્તે છે. દા. ત. નિર્માણ, રચના અને સૃષ્ટિ માટે સાચો અને શાસ્ત્રશુદ્ધ શબ્દ છે सर्जन; પરન્તુ ભલભલા સુલેખકો પણ सृजन વાપરે છે: પાણિનીય વ્યાકરણના सृज् ધાતુમાં કૃદન્ત લ્યુટ્ પ્રત્યય લગાડતાં તેની જગ્યાએ નિયમ પ્રમાણે अन् નો આદેશ થતાં सर्जन શબ્દ વ્યુત્પન્ન થાય છે. सृज ધાતુમાંથી જ उपसर्जन, विसर्जन, सर्ग, विसर्ग વગેરે શબ્દો પણ આવી જ રીતે નિષ્પન્ન થાય છે—શાસ્ત્રીય દૃષ્ટિએ सृजन પ્રયોગ ખોટો છે: ગુજરાત વિદ્યાપીઠનો જોડણીકોશ પણ सर्जन શબ્દની શુદ્ધતાને સંપુષ્ટ કરે છે:

આવી જ રીતે ઘણા તત્સમ શબ્દોના પ્રયોગો વિષે અરાજકતા અને શાસ્ત્ર-વિમુખતા વર્તાય છે. सम શબ્દ આગળ તદ્ધિત પ્રત્યય લગાડતાં साम्य, समत्व, समता, वैषम्य, विषमत्व, विषमता વગેરે શબ્દો બને છે. પણ साम्यता નો પ્રયોગ સાવ ખોટો છે. એ તો ડબલ તદ્ધિતની વિડંબના થઈ ગઈ! महत् શબ્દ સાથે તદ્ધિત પ્રત્યય આવતાં સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે तस्य भावस्त्व तलौ સૂત્રથી महत्त्व અને महत्ता શબ્દો નિષ્પન્ન થાય છે, પરન્તુ महानता અને महत्वता ના પ્રયોગો સાવ ખોટા ગણાય. તેમજ अरोगस्य भावः आरोग्यम् અથવા अरोगता અને अरोगत्व શબ્દો બને છે, પણ आरोग्यताનો પ્રયોગ તો હાસ્યાસ્પદ મનાય. चेतनथी चैतन्य, चेतनत्व અને चेतनता બને છે પણ चैतन्यताનો પ્રયોગ સર્વથા ખોટો છે. આ બધો જ પ્રપંચ (વિસ્તાર) વિચારણીય અને શોધનીય છે. इत्यलं बुद्धिमद् वर्येषु॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

આપણી જીવન સંસ્કૃતિ અને પાંચનો આંકડો

દિવાળી અંકમાં આપેલા લેખને અનુસંધાને:

પંચેન્દ્રિય: આંખ, કાન, નાક, જીભ, ત્વચા.

પંચકાશી: કાશી, ઉત્તરકાશી, ગુપ્તકાશી, દક્ષિણકાશી, શિવકાશી.

પંચકેદાર: કેદારનાથ, મધ્યમેશ્વર, તુંગનાથ કેદાર, રુદ્રનાથ કેદાર, કલ્પેશ્વર કેદાર, તેમાં અનુક્રમે શિવની પીઠ, નાભિ, હાથ, મુખ ને જટાનું પૂજન થાય છે.

પંચગવ્ય: ગાયમાંથી ઉત્પન્ન થયેલા પાંચ પદાર્થ: क्षीरं दधि तथा चाज्यं मूत्रं गोमयमेव च पञ्चगव्यम्।

પંચગંગા: પાંચ નદીઓનાં નામ વિષે જુદા જુદા ગ્રંથોમા જુદી જુદી માહિતી છે: ભાગીરથી, ગોમતી (ગોદાવરી), કૃષ્ણા, કાવેરી, પિનાકિની; ૨) શિવા, ભદ્રા, ભોગાવતી, કુભી, સરસ્વતી; ૩) કિરણા, ધૂતપાપા, સરસ્વતી, ગંગા, યમુના.

પંચજન: ઋગ્વેદમાં પંચજનનો ઉલ્લેખ 'પંચવ્રાતા, પંચકૃષ્ટયઃ' ઈત્યાદિ નામે પણ મળે છે.

ઋગ્વેદમાં પંચજન એટલે યદુ, તુર્વસુ, દ્રુહ્યુ, અનુ ને પુરુ. દા. ત. पञ्चजना मम होत्रं जुषध्वम्. ઋગ્વેદ ૧૦.૫૩.૪

અને

दिवं मर्त्य इव बाहुभ्यां नोदापुः पञ्चमानवाः।
શતપથ બ્રાહ્મણ. ૧૩.૫.૪.૧૪

યાસ્કના નિરુક્તમાં પંચજન એટલે गन्धर्वाः पितरो देवाः असुरा रक्षांसीत्येके। चत्वारो वर्णाः निषादः पञ्चमः इत्यौपमन्यवः। નિરુક્ત ૩.૮

પંચજીરી: ધાણા, સૂવા, સૂંઠ, વરિયાળી ને પીપરીમૂળના ગંઠોડાના ચૂર્ણમાં ખાંડ ને કોપરું મેળવી કરેલું મિશ્રણ.

પંચધામ (વિષ્ણુનાં): દ્વારિકા, મધુવન, પુલહાશ્રમ. મથુરા, શ્રીરંગ

પંચનદ: શતદ્રુ, વિપાશા, ઈરાવતી, ચંદ્રભાગા, વિતસ્તા. (અગ્નિપુરાણ અધ્યાય ૧૦૯)

પંચપિતૃતીર્થ: ગયા, નાભિગયા, પાદગયા, માતૃગયા, બ્રહ્મકપાલિ.

પંચપ્રયાગ: બે અથવા વધારે નદીઓનો સંગમ એટલે પ્રયાગ. પાંચના સંગમ વિશેષ પવિત્ર મનાયા છે. પાંચે પાંચ પ્રયાગ હિમાલયમાં છે. ૧) દેવપ્રયાગ (ભાગીરથી ને અલકનંદાનો સંગમ), ૨) કર્ણપ્રયાગ (અલકનંદા ને પિંડારનો સંગમ), ૩) રુદ્રપ્રયાગ (અલકનંદા ને મંદાકિનીનો સંગમ), ૪) નંદપ્રયાગ (અલકનંદા ને નંદાનો સંગમ), ૫) વિષ્ણુપ્રયાગ (અલકનંદા ને વિષ્ણુપદાનો સંગમ).

પંચમહાભૂત: પૃથ્વી, આપ, તેજ, વાયુ, આકાશ.

પંચલક્ષણ (પુરાણ):

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च।
वंशानुचरितं चैव पुराणं पञ्चलक्षणम्॥

પંચવેદી: ગયામાં, દક્ષિણમાં વિરજાપુરમાં, પશ્ચિમમાં પુષ્કરમાં, ઉત્તરમાં સમંતપંચકમાં ને મધ્યમાં પ્રયાગમાં—બ્રહ્માની પાંચ વેદીઓ છે. (વામન પુરાણ અ. ૨૨)

પંચ સરોવર: બિંદુ સરોવર, નારાયણ સરોવર, પંપાસરોવર, પુષ્કરસરોવર, માનસરોવર.

(મુંબઈ) —હેમાંગિની જાઇ

કેટલાંક સૂચનો, સુધારા, પ્રશ્નો

'કુમાર' પહેલેથી છેલ્લે સુધી વાંચવું જ પડે છે. નહિ તો કંઈક ગુમાવ્યાનો અફસોસ રહે છે.

સપ્ટેમ્બરના અંકમાંથી કેટલાંક સૂચનો, સુધારા, પ્રશ્નો ઊઠે છે: (૧) Hospital શબ્દનો ઉચ્ચાર ઑસ્પિટલ લખ્યો છે. જો એમ હોય તો an hospital લખાવું જોઈએ. પરંતુ એવું ક્યાંય વાંચ્યા-સાંભળ્યાનું જાણમાં નથી. (૨) Bionics: Environmentનો ઉચ્ચાર મારા ખયાલ પ્રમાણે એન્વાયરૉન્મેન્ટ છે, ઈન્વાયરન્મેન્ટ નહિ. (આ શૉર્ટ હૅન્ડ ઉચ્ચાર પર આધારિત છે. તેની જાણના આધારે આમ લખું છું.) (૩) પાનું ૩૧૪: Basicનો ઉચ્ચાર બેસિક છે, બેઝિક નહિ. (૪-અ) ફ્રીમેસન ધર્મ ક્યાનો છે? કોણે ક્યારે સ્થાપ્યો વિ. માહિતી આપશો? (૪-બ) 'ધર્મનાં પ્રતીકો'માં Theosophyના પ્રતીકમાં નાઝીનો સ્વસ્તિક, તારો, સાપ વગેરે છે એનો કોઈ ખાસ હેતુ કે સંકેત ખરો?

'વિનોદની નજરે'માં ચં. ચી. મહેતા અંગે વાંચવાની દિલ ભરીને મઝા આવી 'Bionics', 'ધર્મનાં પ્રતીકો' રસમય છે. શ્રી જનક ત્રિવેદીનાં ચિત્રો આંખ ને દિલને ગમી જાય એવાં છે.

નવેમ્બરના અંકમાં અંક ખોલતાં જ શ્રી ઉશનસૂનાં ચાર સૉનેટ દિલ ચોરી જાય છે. 'વિચાર-વિશેષ', 'વ્યક્તિ-વિશેષ' કાયમ સરસ હોય છે. 'મસોતું', 'કાનજીની રાધા' વાર્તાઓ ખૂબ ગમી. 'તલનો રસાયન-પ્રયોગ'માં તલના ઘણા ફાયદા વર્ણવ્યા છે. વચ્ચે જ એક લીટી છે: તલ કફ અને પિત્તને કરનાર છે. એમાં 'કરનાર' કે 'હરનાર?' વ્યક્તિગત જવાબની અપેક્ષા ન જ રખાય. પરંતુ 'કુમાર'માં જ મારા પ્રશ્નોનું નિરાકરણ થાય એમ ઈચ્છું છું. આજીવન ગ્રાહક બનવા લવાજમ કેટલું?

(અમદાવાદ) —તૃપ્તિ મહેતા

[*'ડિક્ષનેરી પ્રમાણે 'હૉસ્પિટલ', 'ઈન્વાયરમન્ટ' કે 'એન્વાયરમન્ટ' તથા 'બૅસિક' એ સાચા ઉચ્ચારો છે.

ફ્રીમેસન એટલે ફ્રીમેસનરી સંઘનો સભ્ય. ફ્રીમેસનરી એ કોઈ ધર્મ નથી પણ સંઘ કે બિરાદરી છે. એ વિષે એક ટૂંકી નોંધ આ અંકની માધુકરીમાં આપી છે.

થીઓસોફીના પ્રતીકમાંનો સ્વસ્તિક નાઝીનો નથી ભારતીય છે. નાઝીના સ્વસ્તિકનાં પાંખડાં ડાબી બાજુ હોય છે, ભારતીયનાં જમણી બાજુ. તેમાની અન્ય સંજ્ઞાકૃતિઓના અર્થ વિષે અન્ય જાણકાર વાચકોની માહિતી અમે આવકારીશું.

આજીવન ગ્રાહકનું લવાજમ રૂ. ૪૦૦.

ફેશી

'કુમાર' ૬૯૨માં શ્રી હરિનારાયણ આચાર્યની 'ફેશી' વિષેની નોંધ રસપ્રદ છે. મારી પાસે આટલી લીટીઓ છે:

સગપણમાં મોશી ફેશી
શિયાળામાં ડોશી ફેશી
માણસમાં દરજી ફેશી
મેતરની મરજી ફેશી
વાણિયાની...... ફેશી
મહારીમાં ભાંડ ફેશી

(મોશી=માશી / મેતર=હરિજન) આ જાતની પચાસ-સાઠ લીટી ભવાયાના પેડામાં સાંભળવા મળે છે. રાતે ખેલ નાખીને બીજે દિવસે બપોર સુધી ચોરામાં સૂતા રહે અને ઊઠે ત્યારે આજુબાજુના માણસોને આવા 'આપજોડિયા' સંભળાવે છે. માણસો ખુશ થાય એટલે બીડી કે ચા માગે! આવી રીતે 'લાડુ' વિશે પણ છે:

સગપણમાં સાઢુ લાડુ
વેવારમાં પાટુ લાડુ
જુવાનીમાં ઘોડુ લાડુ
ઘડપણમાં ગાડુ લાડુ
ભરબજારે ગેડો લાડુ
ચોમાસામાં શેઢો લાડુ

(પાટુ=ચતુરાઈ / ગેડો=લાકડી) આમાં હજુ આગળ છે. સ્વ. ગોકુલદાસ રાયચુરાએ આવાં એકત્ર કરેલાં એવું સ્મરણ છે. લોકસાહિત્યમાં આ એક ભુલાઈ જતો સાહિત્યપ્રકાર છે. હમણાં 'ઊર્મિ નવરચના'નો ઑક્ટો.-નવે. ૧૯૭૮નો અંક 'દુહા અંક' નીકળ્યો છે, એમાં આવી રચનાઓને 'જોડિયા' 'આપજોડિયા' (આપણે એને 'લોકજોડિયા' કહી શકીએ) કહેલા છે. હરિકથાકાર, ભવાયા અને એવા જોડકણાબાજ આદમીઓ આવી રીતે અસંખ્ય પંક્તિઓ બોલતા હોય છે. હોળીની રાતે પણ કોઈ એક ભૂંડા શબ્દ ઉપર આવા જોડિયા બોલાય છે. આવા જોડિયાઓનો સંગ્રહ થવો ઘટે. એમાં મનુષ્યસમાજ પોતાના અનુભવને કેવી કેવી રીતે સંઘરી રાખે છે એનો રસિક ઇતિહાસ છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

૨

સળંગ અંક ૬૯૨ (ફેબ્રુઆરી)માં 'વિનોદની નજરે' અંગે શ્રી રેખા પટેલ (સુપા)નું સૂચન આવકાર્ય લાગ્યું.

'ફેશી' વિષે મેં પણ એક વૃદ્ધ જન પાસેથી સાંભળેલું. તેમાં 'ફેશી'વાળા પત્રમાં છે તેવું જ છે. કેટલુંક આગળ:

ખોરાકમાં ખીચડી ફેશી,
મુખવાસમાં પાપડ ફેશી.


'કુમાર' ખેતીવાડી સુધારવા. ગૃહઉદ્યોગ ખીલવવા, પ્રજામાં રહેલી નિરાશા ને ઉદાસી દૂર કરવા, વિજ્ઞાન વિભાગને ઉપયોગી એમ જુદાજુદા પદ્ધતિસરના લેખને સ્થાન આપે તો કેવું સરસ?

(ચાડા) —અંબાલાલ જોઈતારામ વાળંદ

મેઘાણીની જન્મતારીખ

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મતારીખ ૧૭ ઑગસ્ટ ૧૮૯૭ અને તિથિ વિ. સં. ૧૯૫૩ના શ્રાવણ વદ પાંચમ તરીકે પ્રચલિત છે. આ જ દિવસ દર વર્ષે એમના જન્મદિવસ તરીકે ઊજવાઈ રહ્યો છે. એમના વિષેનાં પ્રકાશનોમાં વિવિધ તારીખો છપાતી રહી છે. 'જન્મભૂમિ'ના પ્રકાશન 'મેઘાણી સ્મારક ગ્રંથ'માં શ્રી ઉમાશંકર જોષીએ જન્મતારીખ ૧૭-૮-૯૬ આપી છે. 'કુમાર' માસિકમાં ૧૯૭૩માં હપ્તાવાર પ્રકટ થયેલા શ્રી કનુભાઈ જાનીની લિખિત વિગતવાર જીવનચરિત્રમાં તર્ક, અટકળો અને સ્વજનોના કહેવાના આધારે જન્મ તારીખ ૧૭-૮-૯૭, વિ. સં. ૧૯૫૩ના શ્રાવણ વદ પાંચમ નક્કી કરવામાં આવેલ છે. આ જ તારીખ સાહિત્ય અકાદમીનાં પ્રકાશનોમાં ઘર કરી ગઈ છે. પણ આ તારીખો પુરાવાના આધાર વગરની છે.

એ જ પ્રમાણે શ્રી ઉમાશંકર જોષી અને શ્રી કનુભાઈ જાનીએ શ્રી મેઘાણીના જન્મ-સ્થળને દાઠા તરીકે નિશ્ચિત કર્યું છે. આને પણ પુરાવાનો કોઈ આધાર નથી.



શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મતારીખ ૨૮-૮-૧૮૯૬, સંવત ૧૯૫૨ના શ્રાવણ વદ પાંચમ ને જન્મ-સ્થળ ચોટીલા છે. આના પ્રમાણરૂપે ત્યારની રાજકોટની સદરતાલુકાશાળા (જે આજે રાજકોટ તાલુકાશાળા નંબર ૮ તરીકે ઓળખાય છે)ના રજિસ્ટરના સંબદ્ધ પાનાની ઝિરોક્સ નકલ આ ઉપર રજૂ કરું છું. આથી જોઈ શકાશે કે ૧૯૦૧ના નવેમ્બરમાં પાંચ વર્ષની વયે શ્રી મેઘાણીને આ શાળામાં દાખલ કરવામાં આવ્યા (નંબર ૪૫૦૫) ત્યારે કૉલમ ત્રણ-ચાર અને પાંચમાં અનુક્રમે જન્મ-સ્થળ ચોટીલા, જન્મ-તારીખ ૨૮-૮-૧૮૯૬ અને તિથિ સંવત ૧૯૫૨ના શ્રાવણ વદ પાંચમ નોંધવામાં આવ્યાં છે. કૉલમ ૬માં શ્રી મેઘાણીના પિતાશ્રી કાળિદાસ દેવચંદ હ. પોતે સહી કરી છે.

શ્રી મેઘાણી એમનાં છેલ્લાં વર્ષો દરમ્યાન મારા કાર્યસાથી તરીકે નિકટ આવેલા. એમણે પોતાનો એક ફોટો મને ભેટ આપેલો જેમાં પોતાના હસ્તાક્ષરે ૧૮૯૬ લખેલું છે. આ ફોટો મારી પાસે મોજૂદ છે. ઉપરાંત, એમના જીવનકાળ દરમ્યાન પ્રકટ થએલાં પુસ્તકોમાંથી માત્ર 'રાજરાણી' એક એવું પુસ્તક છે કે જેમાં ફ્લૅપ પર લેખકના પરિચયમાં ૧૮૯૬નો જન્મ-સાલ તરીકે ઉલ્લેખ છે. આ વિગત શ્રી મેઘાણીની અનુમતિ વગર ન જ છપાઈ હોય એટલું જ નહિ, પણ મારું માનવું છે કે એમણે પોતે આપેલી માહિતી પરથી જ છપાઈ હોઈ શકે.

જેમ જન્મતારીખને પિતા અને પુત્રની ઉપર પ્રમાણેની અધિકૃતી મળી છે તેવી જ રીતે 'હું ધું પહાડનું બાળક' શીર્ષકે શ્રી મેઘાણીએ લખેલી લઘુ-આત્મકથામાં પોતાના જન્મસ્થાન તરીકે ચોટીલા ઓળખાવ્યું છે. મેં રજૂ કરેલા દસ્તાવેજમાં શ્રી કાળિદાસ દેવચંદે પણ ચોટીલાને જ જન્મસ્થાન તરીકે લખાવ્યું છે.

વ્યક્તિ પોતે પોતાની જન્મતારીખ અને પોતાના જન્મસ્થાન વિષે વિધાન કરે, અને પિતા એ માહિતીનું સમર્થન કરે એ પછી આ વિષે સર્વ વિવાદ, તર્ક અને અટકળોનો અંત આવવો જોઈએ. અથવા તો વિરોધી પુરાવાઓ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તો દસ્તાવેજી પુરાવાની અવગણના ન જ થવી જોઈએ.

સાચી જન્મતારીખ પ્રકાશનોમાં નોંધાય, રાષ્ટ્રીય સંસ્થાઓના રેકોર્ડઝમાં સુધારાય અને જન્મદિવસ સાચે દિવસે ઉજવાતો થાય એવા આશયથી શ્રી મેઘાણીના બે મુખ્ય ચરિત્રલેખકો શ્રી ઉમાશંકર જોષી અને શ્રી કનુભાઈ જાનીને આ સાચી તારીખ સ્વીકારતું સંયુક્ત નિવેદન કરવા મેં વિનંતી કરી છે. આ ઉપરાંત, નૅશનલ લાયબ્રેરી, રેડિયો, દૂરદર્શન, મેઘાણી સાહિત્યના તેમ જ એમને વિષેનાં પુસ્તકોના પ્રકાશકો અને લેખકોનો સંપર્ક સાધ્યો છે. સૌને મારી નમ્ર વિનંતી છે કે બીજા કોઈ વિરોધી પુરાવાઓ વિષે માહિતી હોય તો તે રજૂ કરે અને નહિ તો આ દસ્તાવેજી પુરાવાનો સ્વીકાર કરી જ્યાં જ્યાં આ ભૂલ પેસી ગઈ હોય ત્યાંથી તે દૂર કરવામાં મદદરૂપ બને.

(ગોરેગાંવ-મુંબઇ) —બાબુભાઈ પ્રા. વૈદ્ય

બેકાર યુવાનો માટે

'કુમાર' પરત્વે હૃદયથી પક્ષપાત છે. લાયબ્રેરીમાં સર્વ પ્રથમ 'કુમાર' વાંચું છું. ડિસે. '૭૮ના 'કુમાર'માં મુ. શ્રી રમેશભાઈ શાહની વાત સાચી છે. 'નવી પ્રજાને ઉદ્યમે વાળો' એ માટે હાલના યુવાનોને એક નમ્ર વિનંતી કે કૉલેજમાંથી ડિગ્રી લઈ બહાર આવ્યા પછી બેકાર રખડવું શરમજનક છે. અત્યારની સ્થિતિએ દેશને 'પેન' પકડવાવાળા યુવાનોની નહિ પણ 'પાનાં-પક્કડ' પકડવાવાળા મતલબ કે કારીગરો જેવા યુવાનોની જરૂર છે. મારો જ દાખલો આપું તો બી.કૉમ. થઈ બે વર્ષ નોકરી શોધવામાં પસાર કર્યાં પછી વર્તમાનપત્રો વહેંચ્યાં, પછી છાપાંની એજન્સી લીધી ને અત્યારે અમારા હાથ નીચે ત્રણ માણસો કામ કરે છે.

યુવાનોમાં નોકરી પ્રત્યેનો મોહ છૂટવો જોઇએ. પોતાનો નાનો એવો ધંધો હશે તો તેમાંથી આગળ વધાશે. તે માટે ન્યુસ પેપર એજન્સી, રબ્બર-સ્ટૅમ્પ બનાવવા કે કમિશનથી પ્રેસ માટે ઑર્ડર લાવવા, કોઈ વેપારી પહોંચી ન શકે તો તેનું બૅંકિંગ કે જકાત વગેરેનું કમિશનથી કામ કરી આપવું, કૅલેન્ડરની એજન્સી રાખી ઑર્ડર લેવા વગેરે ભણેલા લોકો માટે ઘણાં કામ છે કે જેમાંથી થોડી મહેનતથી ૫૦૦થી ૨૦૦૦ સુધી રકમ મળી શકે છે. હાલ અહીં જેતપુરમાં સાડીઓનાં કારખાનાંના માલિકોને ખૂબ કામ રહેતું હોઈ તેમની જકાતની કામગીરી કરવાવાળા ઘણા લોકો મહિનેદહાડે ૨૦૦-૩૦૦ આરામથી કમાય છે. વીજળીનાં બિલો ભરવા જવાં, અને મળતું કમિશન લેવું વગેરે. ઘણાં કામ માટે ઘણી જગ્યાએ માણસો મળતા નથી અને બીજી બાજુ બેકારી વધતી જાય છે. કહેવાનો મતલબ એટલો જ કે કોઈ પણ કામ કે જે મહેનત અને પ્રામાણિકપણે કરવામાં આવે તો તે શરમજનક નથી. પછી ભલે તે છાપાં વહેંચવાનું હોય.

મારો એક મિત્ર છે (અમે સાથે જ બી.કૉમ. થયા. તેણે હાલ બૅંકની નોકરીમાંથી રાજીનામું આપી સ્ક્રીન પ્રિન્ટિંગના ફર્મા બનાવવાનું કારખાનું નાખ્યું છે. તેની સ્થિતિ સાવ સામાન્ય હતી. પણ ઉદ્યમથી તે આગળ આવ્યો છે.

(જેતપુર) —સુરેન્દ્ર પી. મહેતા

સંસ્કૃત અનુવાદ

(૧) 'કુમાર' અંક ૬૬૦ ડિસેમ્બર ૧૯૭૮ના ૪૧૭મા પાના ઉપર લબ્ધપ્રતિષ્ઠ પ્રતિભા-સમ્પન્ન કવિશ્રી ભગવતીકુમાર શર્માનું 'નામ નમણું' નામનું એક અનેરું, નમણું ભાવોદ્રિક્ત સૉનેટ પ્રકટ થયું છે. આ કાવ્યના પાંચમા ચરણના અન્તિમ શબ્દ 'ગ્રીષ્મતાપભર્યો'માં

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૯)

દ્રૌપદી / ગોવિંદભાઈ પટેલ

• શાર્દૂલવિક્રીડિત •

શોભે આભ સમી સ્વયંવર સભા, ને વીજ શી દ્રૌપદી,
ભૂપાલો ઉડુની અદાથી ઝબકી રાજે સભામંડપે;
પુત્રીને પરણાવવા શરત જે પાંચાલ-ભૂપે કરી,
તેને ભીતરથી પરીક્ષી નૃપ કૈં પેખે ઊંચે મત્સ્યને.

સૌન્દર્યે, સઘળાય ભૂપ મહીં જે શૌર્યાંશ ઓપી રહ્યો,
તેને મત્સ્યની જેમ ઊર્ધ્વ કરીને આપી દીધી છે ગતિ.
ક્ષત્રીનાં જ નહિ, બીજા હ્રદયે છે ય રૂપનો ઓરિયો,
કૃષ્ણાની રસભાવના ફરી ફરી શોધી રહી છે પતિ.

જે શૌર્યે ક્રમ નીકળ્યા સકળ તે નીચી દગે મત્સ્યને
ચક્રાવે ચડતું નિહાળી પરના પ્રારબ્ધને તોલી રૂહે.
ન્યારીગ્રંથિથી ખિન્નકર્ણભડરૂહીઆળા બને ગ્રંથિથી
ત્યાં ધ્યેયાર્થ જતો નિહાળી નરને શ્રીકૃષ્ણ સ્પંદી રહે.

તાતે શર્ત કીધી'તી તે ફળી, અને કોડે ભરી દ્રૌપદી
વિંધાઈ જઈ પાંચ ભાગ થતી ત્યાં ભાળી રહે માછલી.

સળગે અક્ષર / કિશોરસિંહ સોલંકી

• ગાન •

સળગે અક્ષર સળગે અક્ષર સળગે અક્ષરનાત
ભાતભાતમાં જાતજાતમાં વાતવાતમાં વાત.

પથ્થર પીગળે પથ્થર પીગળે પથ્થર પીગળે પહાડ
પલકે આંસુ મલકે આંસુ છલકે આંસુ ત્રાડ.

દરિયે લાગ્યો દરિયો લાગ્યો દરિયો લાગ્યો દવ
માછલી જોતી માછલી ખોતી માછલી રોતી નવ.

સળગે અક્ષર, પથ્થર પીગળે, દરિયે લાગ્યો દવ
વાતવાતમાં છલકે આંસુ માછલી રોતી ભવ.

પ્રબોધને / મુકુન્દરાય પારાશર્ય

• માલિની •

ઉર મુજ બળતું'તું રૂ બળે તેમ છાનું,
નહિ જરી ભડકો કે દાહ બ્હારે કળાતો.
સ્વજન! તવ મળ્યોત્યાંસ્નેહનો સ્રોતએવો
પ્રકટ મુજ થયો છે પ્રાણનો પુણ્યદીવો.

■ દ્રૌપદી : પુરાણપ્રસંગને કેન્દ્રમાં રાખી નવીન અર્થઘટનની પ્રવૃત્તિમાંથી આ કાવ્યનો જન્મ થયો છે તે સહેજે કલ્પી શકાશે. પ્રથમ શ્લોકમાં દ્રૌપદીસ્વયંવરનું અલંકારમંડિત સ્થૂળ ચિત્ર છે, તો બીજા શ્લોકમાં 'રૂપનો આરિયો' રાખતા ભૂપાલો વચ્ચે દ્રૌપદી રસાન્વિત હૃદયરાજને શોધી રહી તે સૂક્ષ્મ હૃદયભાવનું ચિત્ર અપાયું છે. ત્રીજા શ્લોકની પ્રથમ બે પંક્તિઓમાં ભૂપોની મત્સ્યવેધની પ્રવૃત્તિ અને એ શ્લોકના ઉત્તરાર્ધમાં શ્રીકૃષ્ણના પાત્રનો પ્રવેશ સૉનેટની છેલ્લી કડી માટેના ઉચિત અર્થપલટાની પશ્ચાદ્ભૂ બની રહે છે. અંતે લાગે છે કે જાણે મત્સ્યવેધ નથી થયો, પણ દ્રૌપદીનો જ વેધ થયો છે! ■ સળગે અક્ષર : ચાર અંતરાના આ ગાનમાં પ્રથમ વાચને વાગ્મિતાની ગંધ આવી જવા સંભવ છે, પરંતુ પુનઃપુનઃ વાંચતાં એના કસબ પર ચિત્ત ઠરશે અને ત્યારે તરત જ સમજી શકાશે કે અશકયતાઓની વાત નવીન અભિવ્યક્તિ દ્વારા અહીં કરવામાં આવી છે. અક્ષરનું સળગવું, પથ્થરનું પીગળવું અને દરિયે દવ લાગવો આમ તો ક્યાં શક્ય છે? પણ જો એવું બને તો કેવો ખળભળાટ મચી જાય? અહીં તો એ શકયતાઓને ક્રિયમાણ બતાવી ગાનમાં વ્યાપ્ત વિષાદનો સૂર ખળભળાવી મૂક્યો છે. 'અક્ષર-નાત' કહેવામાં પણ સમગ્ર વાઙ્મયની અવદશાનો વિષાદ નિરૂપાયો છે, પછીના અંતરાઓમાં તો એ જ ભાવ વિવિધ ઉપકરણો લઈને રજૂ થયો છે. અને કસબની વાત કરીએ તો પ્રથમ ત્રણ અંતરા પરથી ચોથા પર આવી જાઓ એટલે ઉકેલ આપોઆપ! પહેલી, ત્રીજી અને પાંચમી પંક્તિના પૂર્વાર્ધો લઈ સાતમી પંક્તિ રચાય છે અને બીજી ચોથી તથા છઠ્ઠી પંક્તિઓના ઉત્તરાર્ધમાંથી શબ્દયુગ્મો લઈ આઠમી પંક્તિ રચાય છે. આ રીતે સમગ્ર કાવ્યનો ભાવ અહીં સુબદ્ધ બને છે. —ધી. પ.

સ્વસ્થતા

બહાદુરશાહ પંડિત

યુદ્ધ ચાલતું હતું એ દરમ્યાન કોઈએ આવી મહા અમાત્ય ચાણક્યને કહ્યું: 'મહારાજ, આપના સાથીઓએ આપને દગો દીધો છે. એ લોકો શત્રુઓ સાથે ભળી ગયા છે. આપની સેના પણ આપને છોડીને શત્રુ સાથે ભળી જવાની તૈયારીમાં છે?'

મહા અમાત્ય ચાણક્ય એ સાંભળીને શાંતિ અને સ્વસ્થતાથી બોલ્યા: 'બીજા કોઈને પણ હજી જવું હોય તો ખુશીથી જાય. માત્ર મારી બુદ્ધિ મને છોડીને ન જાય તો બસ!'

ગમે તેવી કટોકટીની ક્ષણે પણ મનને સ્વસ્થ અને શાંત રાખવું એ ખૂબ કપરું કામ છે. જીવનની કસોટી થાય એવો પ્રસંગ આવતાં માણસ મનની સ્વસ્થતા ગુમાવી બેસે છે અને કાં તો ગભરાઈ જાય છે અથવા ગુસ્સે થઈ જાય છે.

મનની સ્વસ્થતા ટકાવી રાખવા માટે સૌ પ્રથમ તો સહનશીલતાની જરૂર પડે છે. જેનામાં અખૂટ સહિષ્ણુતા હોય એ ગમે તેવી વિકટ પળે પણ મનને સ્વસ્થ રાખી શકે છે.

અમારા પાડોશમાં એક ભાઈ રહેતા હતા. એ ખૂબ શાંત અને સ્વસ્થ ચિત્તના હતા. એક વાર એમને ઘરના ખૂણામાંથી વીંછી કરડચો. બરાબર એ જ સમયે એમના વેવાઈ એમને મળવા આવી ચડચા. વેવાઈએ નીચેથી બૂમ પાડી: 'દિનકરરાય, ઘેર છો કે?' અને દિનકરરાયે, જે આંગળી પર વીંછીએ ડંખ માર્યો હતો એના પર રૂમાલ વીંટી દઈ, હસતા મુખે વેવાઈનું સ્વાગત કર્યું. વેવાઈ બેઠા ત્યાં સુધી એમણે એટલી સહજ રીતે એમની સાથે વાતો કરી કે વેવાઈને અણસારો સરખો ન આવ્યો કે આ માણસ વીંછીના ડંખની વેદનાથી પીડાઈ રહ્યો છે.

આટલી સહનશીલતા વિરલપણે જોવા મળે છે. પણ ચિત્તને સહિષ્ણુ બનાવીને આટલી સ્વસ્થતા રાખવી સાવ અશક્ય નથી.

મનની આવી સ્વસ્થતા સાચવવા માટે બીજો જરૂરી ગુણ છે ઉદારતાનો. જે વ્યક્તિ ઉદારતાથી બીજાની ભૂલ માફ કરી શકે એ મનની સમતુલા કદી ગુમાવતી નથી.

'સરસ્વતીચંદ્ર'ના લેખક ગોવર્ધનરામ ત્રિપાઠી વકીલાત કરતા હતા એ સમયનો આ પ્રસંગ છે. તેમની નાની દીકરીએ એક વાર પોતાની જાતે કાગળ કાપીને એક પતંગ બનાવ્યો અને પછી એમને બતાવી કહ્યું: 'જુઓ જુઓ મોટા કાકા, મેં કેવો સરસ પતંગ બનાવ્યો!'

ગોવર્ધનરામભાઈએ જોયું તો કલાકોની મહેનતથી એમણે તૈયાર કરેલા એક કેસનાં કાગળિયાં કાપીને એણે પતંગ બનાવ્યો હતો! આટલી બધી મહેનત વ્યર્થ ગઈ હોવા છતાં ગોવર્ધનરામભાઈએ પોતાની સ્વસ્થતા જરા પણ ગુમાવ્યા વિના દીકરીએ બનાવેલો પતંગ હાથમાં લઈ ખુશી વ્યક્ત કરતું હાસ્ય કર્યું. અને પછી એ નાની બાળકીના બરડે હાથ ફેરવતાં હેતથી કહ્યું: 'જો બહેન, મારી ચોપડીઓને અડકાય નહિ, હોં!'

ન્યૂટનની શોધખોળ અંગેના કાગળો એના કૂતરા ડાયમંડના તોફાનથી બળીને ભસ્મ થઈ ગયા ત્યારે એણે મનની સમતુલા ગુમાવ્યા સિવાય માત્ર એટલું જ કહ્યું હતું: 'ડાયમંડ, દોસ્ત, તને ખબર નથી કે તેં આ શું કર્યું!'

આવી માનસિક સ્વસ્થતા દૃઢ મનોબળને આભારી છે. જેનામાં કર્તવ્યનિષ્ઠા હોય એ માણસ પણ આવી સ્વસ્થતા રાખી શકે છે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ એક વાર કોર્ટમાં કેસ લડી રહ્યા હતા ત્યારે એમને એમનાં પત્નીના મૃત્યુના સમાચારનો તાર મળ્યો હતો, અને એ વાંચીને શાંતિથી ખિસ્સામાં મૂકી એમણે પોતાની દલીલો ચાલુ રાખી હતી એ વાત તો ખૂબ જાણીતી છે.

લોકમાન્ય તિલકે પણ આવી માનસિક સ્વસ્થતાનું અજબ ઉદાહરણ પૂરું પાડચું છે. તેઓ રાયગઢમાં ઊજવાઈ રહેલા પહેલા શિવાજી-ઉત્સવમાં હાજરી આપવા ગયા ત્યારે એમનો મોટો પુત્ર ગંભીર માંદગીમાં સપડાએલો હતો. એની છેવટની ઘડીઓ ગણાઈ રહી હતી, આમ છતાં તેઓ રાયગઢ ગયા કારણ કે એમના વિના ઉત્સવ ચાલી શકે એમ નહોતો. રાયગઢ પહોંચ્યા ને એમને તાર મળ્યો. પણ તિલક મહારાજે તાર એમ ને એમ ખિસ્સામાં મૂકી દીધો અને ઉત્સવ પૂરો થયા પછી જ એ તાર ફોડીને વાંચ્યો.

આવી માનસિક સ્વસ્થતા એ લાગણીશૂન્યતા કે જડતા નથી. સમતુલા કે સ્વસ્થતા એ સાધનાનું ફળ છે. ગીતાના બીજા અધ્યાયમાં અર્જુન કૃષ્ણને પૂછે છે:

स्थितप्रज्ञस्य का भाषा
समाधिस्थस्य केशव।
स्थितधीः किं प्रभाषेत
किमासीत व्रजेत किम् ॥

એના જવાબમાં કૃષ્ણે સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો ગણાવ્યાં છે, એ લક્ષણો પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરનાર માણસ માનસિક સ્વસ્થતા સહજપણે મેળવી શકે છે:

प्रजहाति यदा कामान्
सर्वान्पार्थ मनोगतान्।
आत्मन्येवात्मना तुष्टः
स्थितप्रज्ञस्तदोच्यते ॥

'જે મનની બધી કામનાઓ ત્યજી દઈને પોતે આત્મામાં સંતુષ્ટ રહે છે, એ સ્થિતપ્રજ્ઞ રહી શકે છે.'

दुःखेषु अनुद्विग्नमनाः
सुखेषु विगतस्पृहः।
वीतरागभयक्रोधः
स्थितधीः मुनिरुच्यते ॥

'દુઃખમાં જેને ખેદ થતો નથી અને સુખ વખતે જે સ્પૃહા વિનાનો રહે છે. જે રાગ, ભય અને ક્રોધથી રહિતછે તે સ્થિતપ્રજ્ઞ ગણાય છે.'

ગીતામાં આપેલાં આ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો રાતોરાત પ્રાપ્ત થતાં નથી. એના માટે હિમાલય પર જઈ તપ કરવાથી પણ સિદ્ધિ મળતી નથી. ખરેખર તો રોજિંદા જીવનમાં થતા અનુભવો વખતે મનને સ્થિર રાખવાના પ્રયત્નોમાંથી સ્થિતપ્રજ્ઞતા સિદ્ધ થઈ શકે છે.

ઈશ્વર પર અખૂટ શ્રદ્ધા રાખનાર પણ મનની આવી સ્વસ્થતા પ્રાપ્ત કરી શકે છે. જે શ્રદ્ધા મીરાંબાઈને હળાહળ વિષનો પ્યાલો ગટગટાવી જવાનું મનોબળ આપી શકે, જે શ્રદ્ધા નરસિંહ મહેતાને કુંવરબાઈનું મામેરુ ખાલી હાથે ભરવા જવાની પ્રેરણા આપી શકે અને જે શ્રદ્ધા સુધન્વાને ઊકળતા તેલની કડાઈમાં પડવાની હિંમત આપી શકે એ ઈશ્વરશ્રદ્ધા માણસને સંસારની સામાન્ય મૂંઝવણ વખતે સ્વસ્થ રહેવાની શક્તિ કેમ ના આપી શકે?

નસીબના આધારે જીવનારો માણસ પણ સ્વસ્થ રહી શકે. પ્રારબ્ધમાં હશે એ થશે જ એમ સંપૂર્ણ રીતે માનતો હોય એવો માણસ ગમે તેવી વિપત્તિના સમયે પણ ગભરાતો નથી કારણ કે એ જાણે છે કે–

'થનાર થીજો નવ થાય અન્યથા.'


ખલીફાનું વેતન

હજરત અબુબક્ર સિદ્દિકી જ્યારે ખલીફા બન્યા ત્યારે પ્રશ્ન ઊભો થયો કે ખલીફાનું વેતન કેટલું ઠરાવવું. ખૂબ વિચારણાને અંતે એવું નક્કી થયું કે આ બાબત ખલીફાની મરજી ઉપર છોડી દેવી. એ મુજબ અબુબકરને પૂછવામાં આવ્યું ત્યારે એમણે સામો પ્રશ્ન કર્યો કે મહીનામાં એક મજૂરની રોજની આવક કેટલી છે? બસ એટલું વેતન મને આપશો તો ચાલશે. જે રીતે મજૂર ચલાવી લે છે એ રીતે હું પણ ચલાવી લઈશ. આનો એક ફાયદો એ થશે કે હું સતત એવી કોશિશ કરતો રહીશ કે મજૂરની આવક વધતી રહે ને એથી મારી આવકમાં વધારો થાય. (સંપ્રસાદ)

એક નાના અખબારના મહાન તંત્રી

અનંત ગોપાલ શેવડે

લેખક · શંકરદેવ વિદ્યાલંકાર





નિર્ઝરની જેમ કલરવ કરતું સૌજન્ય, મધુર અને શ્રવણીય વાણી, પ્રભાવક લોભનીય દેહાકૃતિ, ઊંચા પ્રકારની સમજદારી, કોઇ પણ સમસ્યાનું તત્કાલ આકલન કરવાની સૂક્ષ્મ મેધાવિતા, અહંકારશૂન્ય સ્વભાવ અને સ્વતઃ તૈયાર કરેલી આચારસંહિતાનું બારીકાઈથી પાલન કરવાની મનોવૃત્તિ, આ બધી એમના વ્યક્તિત્વની આગવી લાક્ષણિકતા હતી.

मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥

પૂજ્ય ગાંધીજીના જીવનમાર્ગ અને ઉપદેશોને વરેલા, ધ્યેયવાદી સંનિષ્ઠ પત્રકાર, ઉદાત્ત સાહિત્યકાર, સ્વાતંત્ર્યસંગ્રામના સૈનિક, સમાજસેવક, વિશ્વપ્રવાસી, દૈનિક 'નાગપુર ટાઇમ્સ' અને 'નાગપુર પત્રિકા' (મરાઠી)ના પ્રધાન તંત્રી શ્રી અનન્ત ગોપાળ શેવડે કલકત્તા મુકામે હૃદયરોગના હુમલાથી ગઈ ૧૦મી જાન્યુઆરીએ દેવલોક પામ્યા છે. અવસાન સમયે એમની વય ૬૮ વર્ષની હતી.

એમનો જન્મ અંગ્રેજી શાસનના વખતના મધ્ય-પ્રાંતના હિંદીભાષીય ક્ષેત્રમાં છિંદવાડા જિલ્લાના સોસર ગામે ઈ. ૧૯૧૧માં થયો હતો. પ્રારંભિક શિક્ષણ પોતાના વતનમાં જ લઇને તેઓ નાગપુર વિશ્વવિદ્યાલયમાં ભણીને અંગ્રેજી સાહિત્યમાં એમ. એ. થયા. ભારતના સ્વાતંત્ર્ય આંદોલનથી પ્રભાવિત થઇને તેઓ ગાંધીજીના કાર્યક્રમ પ્રત્યે આકર્ષાયા. એમની માતૃભાષા મરાઠી હતી પરંતુ હિંદી ભાષા પ્રત્યે વિશિષ્ટ વલણ હતું. ઊગતી તરુણાઈમાં જ એમણે ગાંધીજીનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું. તે દરમ્યાન ગાંધીજીએ તરુણ અનન્તરાવને એક પત્રમાં લખ્યું: 'જો તમે હિંદી સેવાનું કાર્ય સ્વીકારો તો મને કેવો આનંદ થાય!'

તે વખતે પેટાવેલી હિંદીપ્રેમની ચિનગારીએ એમના વાઙમયીન જીવનને અદ્ભુત યશથી ઝળહળતું બનાવી દીધું. ઇ. ૧૯૭૧માં વસુધૈવ કુટુમ્બકમની ઉત્તમ ભાવનાથી નાગપુરમાં ભરાયેલા પ્રથમ વિશ્વ હિન્દી સમ્મેલનના મહાસચિવ તરીકે પ્રકટ થએલી એમની પ્રતિભા, કર્મશક્તિ, નિષ્ઠા અને પ્રબંધપટુતા ખૂબ યશસ્વી ને સ્મરણીય બની ગઈ. પ્રત્યેક રાજ્યમાં પરિભ્રમણ કરીને પોતાના અમાપ સૌજન્ય અને વાણીદાક્ષિણ્યથી બધા જ મુખ્ય મંત્રીઓને આ કાર્યની સિદ્ધિ માટે આશ્વસ્ત કરી લીધા, અને સમસ્ત રાષ્ટ્ર તરફથી એમને આ સમ્મેલન માટે સ્ફૂર્તિમાન સહકાર પ્રાપ્ત થયો. ત્યાર બાદ મૉરિશ્યસ ખાતે ભરાએલા બીજા વિશ્વ હિંદી સમ્મેલનના પણ તેઓ પ્રધાન કાર્યવાહક હતા.

લોકસેવાના માધ્યમ તરીકે એમણે પત્રકારત્વને પસંદ કર્યું. પત્રકારત્વ એમના મનમાં એક સામાજિક સાધના (મિશન) રૂપ હતું. ઈ. ૧૯૩૫માં એમણે પોતાના કેટલાક સાથીદારો સાથે મળીને 'ઇન્ડિપેન્ડેન્ટ' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. આ પત્રની સ્વતંત્ર અને ઉદાત્ત વિચારસરણીને લીધે એ યુગમાં અંગ્રેજી સરકારની એના ઉપર ખફા દૃષ્ટિ રહેતી હતી. આગળ જતાં ૧૯૪૪માં 'ઇન્ડિપેન્ડેન્ટ' ને 'નાગપુર ટાઈમ્સ'માં સમાવિષ્ટ કરી દેવામાં આવ્યું.

તે વખતે નાગપુર ટાઇમ્સ એક નાનું સરખું વૃત્તપત્ર હતું. પોતાની સંગઠનશક્તિ વડે કેટલાક આશાસ્પદ તરુણોને એમણે તેમાં શામેલ કર્યા અને પત્રને સ્વતંત્ર, નિષ્પક્ષ, નિર્ભીક ને આદર્શસેવી ધોરણે લઈ જવાના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા. શેવડેજી પોતે આસ્થાપૂર્વક, સાહસિક રીતે કામ કરતા હતા. તેમને અનેક સંઘર્ષો અને સંકટો સાથે બાથંબાથી કરવી પડી હતી. ન્યાયાલયોના અનેક પ્રકારના ખટલાઓમાંથી પસાર થવું પડ્યું હતું. છતાં તેથી વિચલિત થયા વગર સંઘર્ષો સાથે તેઓ ઝઝૂમતા રહ્યા. છેવટે તો સત્યનો વિજય થયો. એ સંઘર્ષોના અનુભવોને આધારે એમણે એક નવલકથા 'ડસ્ક બિફોર ડૉન' (ઉષા પહેલાંનું અંધારું) લખી છે.

આ કાળ દરમિયાન એમના સત્યનિષ્ઠ અને ગતિશીલ નેતૃત્વ અને દૂરદર્શિતાને લીધે નાગપુર ટાઇમ્સે મધ્ય પ્રદેશના એક નમૂનેદાર અંગ્રેજી દૈનિક તરીકે સારી પ્રતિષ્ઠા અને કીર્તિ મેળવી. સાચા સમાચારો, નિષ્પક્ષ અને સ્વતંત્ર વિવેચના, વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ પ્રત્યે વિધાયક દૃષ્ટિકોણ રાખવાથી પત્ર લોકાદર પામ્યું.

પત્રકારત્વના આદર્શો વિષે શેવડેજીને પૂનાથી પ્રસિદ્ધ થતા મરાઠી દૈનિકપત્ર 'સકાળ'ના પ્રવર્તક અને તંત્રી સ્વર્ગસ્થ નાનાસાહેબ-એન. બી.—પરુળેકર પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા હતી. એમના સંપાદન કૌશલ્ય અને વ્યાપક દૃષ્ટિકોણનો શેવડેજી વારંવાર ઉલ્લેખ કરતા. એકંદરે તેઓ સકાળના આદર્શોને દૃષ્ટિ સમક્ષ રાખતા હતા. નાગપુર ટાઇમ્સના સંકટના દિવસોમાં શ્રી નાનાસાહેબે જે સ્નેહ, સહકાર અને માર્ગદર્શન આપ્યું તે બદલ શેવડેજી ખૂબ જ આભારી અને કૃતજ્ઞ હતા. આગળ જતાં તો શ્રી નાનાસાહેબ નાગપુર ટાઇમ્સ પરિવારના એક લાડીલા સદસ્ય અને

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૬૩ માટેનું પં. 'દીનદયાળ ઉપાધ્યાય'ના લેખક શ્રી વિષ્ણુ પંડયાને મળે છે.

ઘટક બની ગયા હતા. નાગપુર ટાઇમ્સની સંચાલક સંસ્થા–'નવસમાજ સંસ્થા'ના તેઓ અન્યતમ સંચાલક હતા.

લેખકો તો ઘણા છે. કુશળ તંત્રીઓની પણ કમી નથી. નિપુણ વ્યવસ્થાપકો પણ ઓછા નથી. આયોજકોની પણ અછત નથી. પરંતુ એ બધી ગુણસંપદા જ્યાં એકત્ર થઈ હોય એવા દૃષ્ટિકોણ–સંપન્ન અને ઉદાર મનોવૃત્તિ ધરાવતા તથા તે બધી રાષ્ટ્રને ચરણે અર્પિત કરનારા ધ્યેયવાદી અને વ્યવહારદક્ષ તથા પોતાના સહકર્મીઓનો વિશ્વાસ ને વિકાસ સાધનારા મનુષ્યો અતિ વિરલ હોય છે. શેવડેજીમાં આ બધી ગુણશાલિતા જાણે કે મૂર્તિમંત થઈ હતી. એમણે અક્ષરબ્રહ્મની પૂજા કરી હતી. પણ સાથે જ અન્ય માધ્યમો વડે પણ માનવસેવાનું વ્રત લીધું હતું. પોતાના સહકર્મીઓ સાથે તેઓ બંધુતા સેવતા હતા.

એકંદર સાડા ચારસો કર્મચારીઓના તેઓ માલિક હતા, પરંતુ કોઇ દિવસ માલિકપણાના અભિમાનની ઝલક એમના સાથીઓએ જોઈ નહોતી. એક મધુર ભાઈચારાની હવા તેમણે નાગપુર ટાઇમ્સ પરિવારમાં પેદા કરી હતી. વૃત્તપત્રની તલવાર લઇને તેઓ રાજકર્તાઓ અને અનિષ્ટ તત્ત્વો સાથે લડતા, પરંતુ તે તલવારની નોકથી કોઇને વ્યર્થ ઇજા કરવાની ભાવના તેમનામાં હતી નહિ. વસ્તુનિષ્ઠતા અને સત્યપરાયણતાની પરિપાલના એમણે કરી.

એક વાર કોઈ ગેરસમજને લીધે રોષમાં આવીને લોકોની એક ટોળીએ નાગપુર ટાઇમ્સના ભવન આગળ પથ્થરમારો કરીને ત્યાંના સુંદર દીવાઓ તોડી નાખ્યા. તે વખતે શેવડેજીએ The light that no stone can extinguish શીર્ષક આપીને એક અતિ પ્રભાવશાળી અને સંતર્પક અગ્રલેખ લખ્યો હતો.

શેવડેજીએ પોતાની નીચે કામ કરતી અનેક વ્યક્તિઓનું જીવન-નિર્માણ કર્યું હતું. એમના એક સહકર્મી શંકરરાવ ખેહરકર લખે છે: 'હું ૧૯૪૯માં નાગપુર ટાઇમ્સમાં એક પ્રૂફરીડર તરીકે આવ્યો હતો. શેવડેજીના પ્રેમ, માર્ગદર્શન ને શિખામણથી હું પત્રકાર-કળાની દીક્ષા પામીને આજે તે જ પત્રના તંત્રીપદે પહોંચી શક્યો છું. મારી એકસઠ વર્ષની ઉંમરમાં મેં આવા વ્યુત્પન્ન વ્યક્તિત્વવાળા માણસો જવલ્લે જ જોયા છે.

નિર્ઝરની જેમ કલરવ કરતું સૌજન્ય, મધુર અને શ્રવણીય વાણી, પ્રભાવક લોભનીય દેહાકૃતિ, ઊંચા પ્રકારની સમજદારી, કોઈ પણ સમસ્યાનું તત્કાલ આકલન કરવાની સૂક્ષ્મ મેધાવિતા, અહંકારશૂન્ય સ્વભાવ અને સ્વતઃ તૈયાર કરેલી આચારસંહિતાનું બારીકાઈથી પાલન કરવાની મનોવૃત્તિ આ બધું શેવડેજીના વ્યક્તિત્વમાં હું જોઈ શક્યો છું.'

એમના બીજા એક શિષ્ય પત્રકાર હાલમાં નાગપુર પત્રિકાના તંત્રી શાંતારામ બાકીલ લખે છે: 'કોઈ સમસ્યાની વિચારગોષ્ઠી કરતી વખતે શેવડેજી કહેતા, કામ નાનું હોય કે મોટું, તે પદ્ધતિસર, શાસ્ત્રશુદ્ધ અને નિર્દોષ બને તેની તકેદારી રાખવી જોઇએ. નાની મોટી ત્રુટિઓ અને કમીઓની જાણ થતાં, અને તેની સુધારણાની વાત કરતાં, કોઈ પણ વખતે અધિકારશાહીની ગંધ સુધ્ધાં મેં તેમના વ્યક્તિત્વમાં જોઇ નથી.'

એક વાર નાગપુર યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાનાં પ્રશ્નપત્રો ફૂટી ગયાં. પ્રથમ તો યુનિવર્સિટીએ એ બાબત કશું ધ્યાન આપ્યું નહિ. છેવટે કેટલાંક પરીક્ષા-કેન્દ્રોથી બીજી વાર પરીક્ષાની માગણી થતાં પુનઃ પરીક્ષાનો નિર્ણય લેવામાં આવ્યો. નાગપુર ટાઇમ્સે તે વખતે આ ન્યાયપૂર્ણ નિર્ણય માટે મક્કમતા દાખવી ત્યારે શેવડેજીને ખૂનની ધમકીઓ અને નાસાચિઠ્ઠીઓ મળવા લાગી છતાં આ દુષ્ટપ્રવૃત્તિનાઉન્મૂલન માટે શેવડેજીએ જીવનસાટે ધીરતાપૂર્વક પોતાની ધ્યેયપ્રિયતા ને સત્યનિષ્ઠા દાખવી હતી.

ઈ. ૧૯૫૧માં નાગપુર ટાઇમ્સે પોતાનું સ્વતંત્ર ને નિષ્પક્ષ ધોરણ જાહેર કર્યું ત્યારે મધ્ય પ્રદેશની સરકારે નારાજ થઇને પત્રમાં પોતાની જાહેરાતો આપવાનું બંધ કરી દીધું. પત્ર મોટા આર્થિક સંકટમાં આવી પડયું. કદાચ એ બંધ કરવું પડે એવી પરિસ્થિતિ પણ હતી. પરંતુ શેવડેજી આથી વિચલિત થયા નહિ. વિકટ પરિસ્થિતિનો મુકાબલો કરવા માટે સૌથી પહેલાં એમણે પોતાના પગારમાં કાપ મૂક્યો ને અન્ય કાર્યકરોએ પણ સ્વેચ્છાએ ભોગ આપીને પત્રની પ્રતિષ્ઠા કાયમ રાખી.

અનુશાસન એમનો રુચિનો વિષય હતો. સ્વતઃ નિયમિત હોવાથી તેમના આદર્શના અનુસરણથી આપોઆપ સર્વત્ર અનુશાસનનું વાતાવરણ બની ગયું હતું. સર્વ વિભાગોના અધ્યક્ષોના સાથમાં જ નિર્ણય લેવાનો આગ્રહ રાખવામાં આવતો. સર્વ વિભાગોના અધ્યક્ષો સમાન માનવામાં આવતા. કોઈ બૉસ નહિ, કોઈ સબૉર્ડિનેટ નહિ. તેથી સર્વ સહકાર્ય કરો વિકસિત થયા, અને બંધુતા તથા નિષ્ઠાની હવા જામી.

વર્ષો પર્યન્ત તેઓ આગગાડીના ત્રીજા વર્ગમાં જ પ્રવાસ કરતા, સામાન્ય પાંથશાળા (હોટેલ)માં જ ઊતરતા. મામૂલી ખર્ચની પણ નોંધ રાખતા. તેથી સહકારીઓના મનમાં તેમના પ્રત્યે આદરભાવ હતો. કેટલાંક વર્ષો સુધી તો નાગપુર ટાઇમ્સ જ એમનું જીવન બની ગયું હતું. એક જ કુટુંબની ભાવના નવસમાજ સંસ્થા (માલિક સંસ્થા)માં પ્રવર્તતી હતી. One hearth, one home–'એક ચૂલો અને એક ઘર'ની મધુર ભાવનાના તેઓ દઢ હિમાયતી હતા.

થોડાં વર્ષો પૂર્વે મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી વસંતરાવ નાઇકે એમને કૉંગ્રેસ તરફથી રાજ્યસભાની ટિકિટ આપવા માંડેલી. પરંતુ પોતાના નિષ્પક્ષ અને સ્વતંત્ર દૃષ્ટિકોણનો વિચાર કરતાં શેવડેજીએ નમ્રપણે તેનો અસ્વીકાર કર્યો હતો. એમનું માનસ માનવતાવાદી હતું. પત્રકાર અને સાહિત્યકાર તરીકે એમણે એ ભૂમિકાનું પાલન આયુષ્યભર કર્યું.

ભારતીય જીવન, તેની સંસ્કૃતિ અને તેના આધ્યાત્મિક વારસા માટે તથા ગાંધીજીએ નિર્માણ કરેલી નવજાગૃતિ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા એમની ઉક્તિઓ અને કૃતિઓમાં દૃષ્ટિગોચર થાય છે. આચાર્ય વિનોબા સાથે એમનો નિકટ સંબંધ હતો. એક વાર નાગપુરના સાર્વજનિક જીવનમાં હિંસાના અણસાર દેખાયા. ત્યારે મહાત્માજીના દઢ અનુયાયી તરીકે શેવડેજીએ શાંતિમોરચો સંગઠિત કરીને શાંતિ-સ્થાપનાનું નેતૃત્વ કર્યું હતું. સ્વાધીનતા-સંગ્રામના એક ઉત્સાહી સૈનિક તરીકે ૧૯૪૨ના આંદોલનમાં તેઓએ ત્રણ વર્ષ સુધી કારાવાસ ભોગવ્યો હતો.

શેવડેજી કેવળ આંદોલન કરનારા નેતાઓ જેવા ન હતા. પોતાના વૃત્તપત્રના માધ્યમ વડે અને પોતાની સાહિત્યરચનાઓથી સમાજનું ઉદ્‌બોધન અને માર્ગદર્શન કરવાની એમની વૃત્તિ હતી. સમાજમાં વિધાયક કાર્યોનું ગૌરવ અને વિઘાતક વૃત્તિનો નિષેધ એ એમની નેમ હતી. આશાસ્પદ નવોદિત કલાકાર, મૂર્તિકાર, સંગીતકાર, કાવ્યકાર વગેરેને તેઓ પોતાના પત્ર દ્વારા પ્રોત્સાહન આપતા. એમના સ્વભાવમાં પણ ગુણગ્રાહક વૃત્તિ તરી આવતી હતી. એક મુસ્લિમ લેખક સજ્જને સંપૂર્ણ મહાભારતનું ઉર્દૂ ભાષાંતર કર્યું. શેવડેજીએ તેનું અવલોકન પોતાના પત્રમાં ઉત્તમ રીતે પ્રસિદ્ધ કરી તેને બિરદાવ્યું હતું.

ઈ. ૧૯૭૮ની ગાંધી-જયન્તીના શુભ દિવસે શેવડેજીએ જનસામાન્ય અને ગ્રામોમાં વસતી પ્રજા સુધી રાષ્ટ્રના આવાજને પહોંચાડવા માટે

નાગપુર ટાઈમ્સના ભાવના અને આદર્શ પ્રમાણે 'નાગપુર પત્રિકા' નામનું મરાઠી દૈનિક વૃત્તપત્ર શરૂ કર્યું. થોડા સમયમાં તો એ વૃત્તપત્રે પણ જનતામાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી લીધી છે. સામાન્ય રીતે દૈનિક વૃત્તપત્રો પ્રક્ષોભણીય અને સનસનાટી ભરેલા સમાચારો છાપનારાં હોય છે. પરંતુ એમનાં બન્ને વૃત્તપત્રોમાં તો પ્રજાના સાંસ્કૃતિક જીવનની જ ઝાંખી જોવા મળે છે. સાચા, હિતકારી, પ્રબોધક સમાચારો તથા સ્વસ્થ, પથ્યકારી અને પ્રેરક વિચારો આપવાનો આગ્રહ એમાં સેવાય છે.

પહેલાં નવસમાજ સંસ્થામાં બે પત્રો હતાં. 'નાગપુર ટાઈમ્સ' અને મરાઠી 'ભવિતવ્ય'. શેવડેજી સંસ્કૃત ભાષા અને સંસ્કૃત સાહિત્યના પરમ ભક્ત હતા. એમની મોટી પુત્રી સાધનાબહેને સંસ્કૃત સાહિત્યનો વિષય લઈને એમ.એ. કર્યું છે. આગળ જતાં મરાઠી 'ભવિતવ્ય'નું રૂપાંતર 'સંસ્કૃત ભવિતવ્યમ્'(અઠવાડિકમાં)માં થઈ ગયું. એના પ્રત્યે શેવડેજીને એટલી બધી મમતા હતી કે પૂરા એક વર્ષ સુધી સંસ્કૃત ભવિતવ્યમ્‌નું મુદ્રણ–પ્રકાશન નવસમાજ સંસ્થાએ વિના મૂલ્યે આપેલું.

પ્રશિષ્ટ સાહિત્યકાર તરીકે લલિત વાઙ્‌મયના ક્ષેત્રમાં પણ એમનું પ્રદાન વિશિષ્ટ અને નોંધપાત્ર છે. હિંદી ભાષામાં એમની દસ નવલકથાઓ, બે નવલિકાસંગ્રહો, અને બે નિબંધ-સંચયો પ્રસિદ્ધ થયા છે. એમની ઉત્તમ નવલકથાઓ પૈકીની એક 'જ્વાલામુખી' ૧૯૪૨ના ભારત છોડો આંદોલન પર રચાઈ છે. જેનું ગુજરાતી ભાષાન્તર વર્ષો સુધી ગુજરાત યુનિવર્સિટીમાં પાઠ્ય પુસ્તક તરીકે આદર પામ્યું છે. એનું અંગ્રેજી ભાષાંતર ૧૯૬૬માં અમેરિકામાં પ્રસિદ્ધ થયું અને રૂમાનિયન અનુવાદ ૧૯૭૪માં બુખારેસ્ટમાં છપાયો હતો. નૅશનલ બુક ટ્રસ્ટ ઑવ ઇંડિયા (નવી દિલ્હી) તરફથી 'જ્વાલામુખી'નું ભારતની ચૌદ ભાષાઓમાં ભાષાંતર કરવાનું નક્કી થયું છે. એમની ત્રણ નવલકથાઓ ભારત સરકારે બ્રેઈલ લિપિ માટે પસંદ કરી છે.

બીજી નવલકથા 'ડસ્ક બિફોર ડૉન' (ઉષા પહેલાંનું અંધારું) સ્વાતંત્ર્ય પછીના ભારતની પરિસ્થિતિનું આલેખન કરે છે. ત્રીજી અંગ્રેજી નવલકથા 'સાઇલેન્ટ સૉંગ' એક પ્રૌઢ રચના છે, જેમાં વિશ્વચેતનાનાં નૈતિક સંકટો, પરિસ્થિતજન્ય પરિવર્તનો અને માનવની અદમ્ય આધ્યાત્મિક શોધ માટેનું વિવેચન થયું છે. એમની 'ધ ગ્રેઈટ સ્મૉલ વર્લ્ડ' નામે યાત્રાપોથી વિષે એક અમેરિકન વિચારક લખે છે: 'A philosophical journey round the world in search of peace and understanding.'

શેવડેજી પોતાની યોજના પ્રમાણે ભવિષ્યમાં નીચેનાં ત્રણ પુસ્તકો લખવાની ભાવના સેવી રહ્યા હતા: (૧) Storm and the Rainbow, (૨) A Dark Hunger (બંને નવલકથા) અને (૩) Shadow & Sunshine (આત્મકથા).

એમની મહાન સાહિત્યિક સેવાઓ બદલ એમને મહાત્મા ગાંધી પુરસ્કાર અને 'પદ્મશ્રી'નું બહુમાન મળ્યું હતું. ઈ. ૧૯૬૯માં ગાંધીજીની જન્મશતાબ્દી પ્રસંગે ભારત સરકારે રાષ્ટ્રના સંસ્કાર-પ્રતિનિધિ તરીકે એમને યુરોપ અને અમેરિકાના વિવિધ દેશોમાં વ્યાખ્યાન-યાત્રા માટે મોકલ્યા હતા. આ યાત્રા દરમિયાન ગાંધીજીએ પ્રબોધેલાં સત્ય, અહિંસા તથા અધ્યાત્મ સાથે વિજ્ઞાનના સુભગ સમન્વયથી જ માનવજાતિમાં શાંતિ, મૈત્રી અને મુદિતા સ્થાપિત થઈ શકશે એ વિષે પ્રબોધક અને સંતર્પક વ્યાખ્યાનો એમણે આપ્યાં હતાં.

ઑગસ્ટ ૧૯૭૮માં સ્ટૉકહોમ (સ્વીડનની રાજધાની)માં મળેલી આંતરરાષ્ટ્રીય લેખક પરિષદ (P. E. N. International)માં ભારતના પ્રતિનિધિ તરીકે તેઓ સમ્મિલિત થયા હતા. ત્યાં પણ એમણે સાહિત્ય-સ્રષ્ટાઓના દાયિત્વ વિષે સુંદર ઉદ્‌બોધન કર્યું હતું. તેનું એક વિધાન નોંધવા જેવું છે: 'Man is an integral part of the cosmic force, which pervades the cr·:tion. If is in this grand and cosmic design that . e writer has to function to fulfil a task, which the time spirit wants him to perform.'

એક એવી માન્યતા પ્રવર્તે છે કે નવલકથા લેખકો ને સાહિત્યકારો સાંસારિક વ્યવહારોથી જરા દૂર જ રહેતા હોય છે. તેથી તેઓમાં સાંસારિક રીતભાતની સમજ હોતી નથી. શેવડેજી તેના એક જબરદસ્ત અપવાદ હતા. નાગપુર ટાઈમ્સના તેઓ કુશળ તંત્રી હતા, તેની સાથે તેઓ વ્યવસ્થાપન, મુદ્રણ, વિતરણ, વિજ્ઞાપન આદિની કામગીરી વિષે પણ એટલા જ સિદ્ધહસ્ત અને પ્રવીણ હતા. આવા એક બહુગુણી વ્યક્તિત્વનું એક અનુપમ પાર્શ્વ તે એમના ઉજ્જવલ વિચાર, પ્રસાદમયી વાણી, અને તેવું જ વ્યવહાર-દાક્ષિણ્ય. સ્વભાવજન્ય રસિકતા વડે તેમના આ ગુણો વધુ આલોકમય બની જતા.

ફ્રેંચ સાહિત્યકાર મૉપાસાં (૧૮૫૦-૧૮૯૩) કહેતો હતો કે સાહિત્યકારો પાસેથી વાચકો અનેક પ્રકારની અપેક્ષાઓ રાખતા હોય છે. તે તેમના જ શબ્દોમાં જોઈએ: The public is composed of several groups, whose cry to writers is: comfort me, amuse me, make me dream, make me laugh, make me weap, make me think.

પરંતુ શેવડેજી જેવા ભાષાકોવિદ એથી જુદી જ ધરતીની નિપજ હતા. શબ્દ-બ્રહ્મના તેઓ અદ્‌ભુત પૂજારી હતા.

ઈ. ૧૯૩૯માં તેમનાં લગ્ન થયાં હતાં. એમનાં પત્ની શ્રીમતી યમુનાબાઈ શેવડે પણ મરાઠી સાહિત્યનાં એક પ્રતિષ્ઠિત લેખિકા અને સંગીતવિદ્યાનાં ઉપાસિકા છે. બે પુત્રીઓ સાધનાબહેન અને અંજલિબહેન હજારિકા પણ સુશિક્ષિત અને સંસ્કારસંપન્ન છે.

સાદા સરલ જીવન અને ઉન્નત વિચારના ભારતીય આદર્શને વરેલા શેવડેજી એકંદર ઉદાત્ત જીવન જીવી ગયા. એમને માનાંજલિ અર્પતાં આપણે કહી શકીએ—

Life's race well run
Life's work well done
Life's victory has been won
And now well-earned rest. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૯

મૂઢ માર

મૂઢ મારમાં શરીરમાંથી લોહી નીકળતું નથી, પણ બેઠો માર પડે છે. પડવાથી, અથડાવાથી, મરડવાથી, ઘસાવાથી, વાગવાથી, માર પડવાથી એમ અનેક રીતે મૂઢ માર થઈ શકે છે. આમ થવાથી માંસધાતુમાં પીડન થાય છે, તેનું બંધારણ અસ્તવ્યસ્ત થઈ જાય છે, તેમાં વાત-પ્રકોપ થાય છે, અસહ્ય દુખાવો થાય છે, સોજો આવે છે અને તેમાં રતાશ પણ દેખાય છે.

ઉપચાર

૧) જે ભાગમાં માર પડ્યો હોય તે ભાગને આરામ આપવો. ૨) માર ઉપર પંચગુણ તેલથી હળવે હાથે માલિશ કરવું. ૩) દશાંગ લેપ, વાતઘ્ન લેપ કે શોથહર લેપને પાણીમાં કાલવી ઠંડો કે ગરમ લગાડવો. ૪) દુખાવો ખૂબ હોય તો ગોટાનો શેક કરવો. ૫) ઔષધમાં અગ્નિતુંડી વટી આપવી. તેનાથી દુખાવો અને સોજો ઘટે છે.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

બીજા વિશ્વયુદ્ધ દરમિયાનના એક બ્રિટિશ યુદ્ધ-સાહસની પરાક્રમકથા

ઓપરેશન ચેરીઅટ


બીજા વિશ્વયુદ્ધમાં ૧૯૪૨ની સાલ બ્રિટન માટે સૌથી વધુ કપરી નીવડી હતી. એની વ્યાપારી જહાજોને બહુ કુનેહપૂર્વક જર્મનીએ ખલાસ કરવા માંડી હતી. પોતાની જીવાદોરી સમી આ જહાજાત આમ નાશ પામે તો ભૂખમરા અને પેરાજય સિવાય બ્રિટનના નસીબે બીજું કંઈ ન રહે એ સ્પષ્ટ હતું. આમાં સૌથી મોટો ભય હતો જર્મન સબમરીનોનો. જહાજો તો જવલ્લે જ બ્રિટિશ કાફલા પર હુમલો કરવાની હિંમત કરતાં અને ક્યારેક તેઓ એ માટે પોતાની બંદરગાહ છોડીને બહાર આવતાં તો યે હુમલો કરીને તુરત નાસી જઇને નજીકમાં નજીકની બંદરગાહમાં લપાઈ જવાની નીતિ જ અપનાવતાં. ત્યાં એમને પોતાનાં ભૂમિદળ, વિમાનદળ અને નૌકાદળનું પૂરતું રક્ષણ રહેતું એટલે મહિનાઓ સુધી એમનાં યુદ્ધજહાજો આ રીતે સલામત છુપાઈ રહેતાં.

'ટર્મિટ્ઝ' પણ આવું જ એક ઝડપી ને બહુ શક્તિશાળી જહાજ હતું. હકીકતે તે એ સમયનું જર્મનીનું સૌથી વધુ ભયંકર જહાજ ગણાતું. આવા સતત ભયની સામે શો ઉપાય યોજવો એ બ્રિટનને માટે એક મોટો કોયડો હતો. એનો એકમાત્ર ઉપાય એને ખુલ્લા દરિયામાં પકડી પાડવાનો હતો, પણ એ એટલું સરળ નહોતું. ભયની સહેજ પણ ગંધ આવતાં એ પોતાની નજીકમાં નજીકની બંદરગાહના રક્ષણમાં છુપાઈ જતું. પણ જો એ ગંજાવર જહાજને રક્ષણ આપી શકે એવી બંદરગાહોનો જ નાશ કર્યો હોય તો? ફ્રાંસની કંઠારે એવું એક જ બંદર હતું કે જ્યાં એ સલામત આશરો લઈ શકે. લોઈર નદીના મુખ પાસે સેન્ટ નાઝરીના બંદરની ખાડી જ એક એવું સ્થાન હતું. ત્યાં સુધી પહોંચવા માટે નૅાર્મંડીની ગોદી પસાર કરવી પડતી હતી. યુરોપભરમાં આ ગોદી મોટામાં મોટી ગણાતી. ફ્રાંસના વિખ્યાત જહાજ 'નૅાર્મંડી'ને બાંધવા માટે એ ખાસ ઊભી કરવામાં આવેલી. એની બાજુમાં જ ભારે બૉમ્બમારા સામે યે ટક્કર ઝીલે એવો એક વાડો રચીને જર્મનીએ પોતાની ભયાનક સબમરીનો—'યુ-બોટો'—માટે પણ સંરક્ષણ ઊભું કર્યું હતું. જર્મન નૌકાદળનું એ ત્રીજા નંબરનું મોટામાં મોટું રક્ષણસ્થાન હતું. ખુદ ટર્મિટ્ઝનો નાશ કરવા કરતાં એના આ એક આશ્રયસ્થાનનો નાશ કરવામાં વધુ લાભ જોઈ અંતે બ્રિટિશોએ એક યોજના ઘડી કાઢી. 'ઑપરેશન ચૅરીઅટ' એ એનું નામ હતું.

નૅાર્મંડીની ગોદીને તોડી પડાય તો 'ટર્મિટ્ઝ' કે એવાં બીજાં કોઈ પણ ગંજાવર યુદ્ધજહાજો ત્યાં આશ્રય ન લઈ શકે, એટલું જ નહિ, પણ સાથોસાથ ત્યાંના લૅાક ગેઇટને પણ ઉડાવી દેવાય તો એ માર્ગેથી સમુદ્રનાં પાણી અંદરની બાજુએ ધસી જતાં પછી ભરતી-ઓટની ચડઊતરથી ત્યાંનો યુ-બોટનો વાડો પણ નકામો બની જાય. ઑપરેશન ચૅરીઅટમાં એનો પણ સમાવેશ હતો.

પણ એ કંઈ સરળ નહોતું. નૅાર્મંડીની ગોદીના સરકતા દરવાજા ૧૬૭ ફૂટ પહોળા, ૫૪ ફૂટ ઊંચા અને ૩૫ ફૂટ જાડા હતા. વળી સેન્ટ નાઝરી ટાપુ ઉપર પણ જર્મનીએ પૂરેપૂરી સંરક્ષણ વ્યવસ્થા રાખી હતી. પૂરતા રક્ષણદળ સાથે ને વિમાનવિરોધી તોપો સહિત શસ્ત્રસામગ્રીથી સજ્જ અનેક જહાજો એ બંદરગાહની રક્ષા કરતાં હતાં. નજીકમાં જ ખુલ્લા સાગર પર પણ જર્મન વિનાશિકાઓ (ડિસ્ટ્રૉયર્સ) સતત આ બંદરની ચોકી કરતા ફરતી રહેતી. અને કદાચ કોઈ કાફલો આક્રમણ કરવા આવે તો એ અહીં સુધી પહોંચે એ પહેલાં જ એની જાણ થઈ જાય એવી રડાર-વ્યવસ્થા પણ હતી. એટલે બ્રિટિશો ત્યાં પહોંચી શકે તો એનું ગરમાગરમ સ્વાગત થાય એની બધી જ તૈયારી ત્યાં હતી.

આવી પરિસ્થિતિમાં એક રીત શક્ય હતી, અને તે મારીને નાસી



નૅાર્મંડી એ ઉત્તર ફ્રાંસનો એક વિશાળ પ્રાંત છે. પોતાના એક વિખ્યાત ગંજાવર સફરી જહાજને પણ ફ્રાંસે 'નૅાર્મંડી' નામ આપેલું. કારણ તે અહીંની કંઠાર પરના સેન્ટ નાઝરી ટાપુમાં બંધાયું હતું. આટલાંટિક પારની સફરોમાં નૅાર્મંડી એ બ્રિટનના વિખ્યાત 'ક્વીન મેરી'નું હરીફ હતું. બીજા વિશ્વયુદ્ધના આરંભકાળમાં આગ લાગવાથી ન્યૂ યૉર્કના બારામાં એ નાશ પામેલું: એના બાંધકામ માટે ઊભો કરાએલો જહાજવાડો ત્યારે યુરોપભરમાં મોટામાં મોટો ગણાતો હતો. યુદ્ધ સમયમાં ફ્રાંસ પર કબજો મેળવ્યા પછી જર્મનીએ ત્યાં પોતાનાં મહાકાય યુદ્ધજહાજો અને વિનાશક સબમરીન–યુ-બોટો માટે ખાસ લંગરગાહ ઊભી કરેલી. બ્રિટિશ જહાજો પર હુમલો કરીને જર્મન જહાજો અહીં નાસી આવી આશ્રય અને રક્ષણ પામતાં સર્વ પ્રકારની યુદ્ધસામગ્રીથી સજ્જ અને સલામત એવા આ સ્થાનની જાગતી શત્રુચોકીઓ વચ્ચે પેસી જઇને તેનો નાશ કરવા માટે બ્રિટને જે ગુપ્ત યોજના ઘડી અને જે રીતે પાર પાડી તેની આ પરાક્રમકથા છે. વ્યૂહાત્મક દૃષ્ટિએ બંદરની સલામતીભરી રચના દર્શાવતા આ નકશા પરથી એ પરાક્રમ કેટલું કપરું હતું તેનો ખયાલ આવશે.

જવાની જર્મન રીતિ જ અખત્યાર કરવાની. એકાએક વીજળીની જેમ ત્રાટકવું, થઈ શકે તેટલું વધુ નુકસાન કરવું અને દુશ્મનો પૂરેપૂરા જાગે તે પહેલાં જ પાછા નાસી આવવું. આવા અણધાર્યા આશ્ચર્યમય આઘાત ઉપર જ બધો મદાર હતો.

દિવસો સુધી યોજનાની એકેએક બાબતનો વિચાર થયો. ચૂંટીચૂંટીને તારવેલા માણસોને એ માટે ખાસ તાલીમ અપાવા માંડી. સોળ મોટર-લૅાંચ, એક મોટર ટૉર્પિડો-બોટ, એક નાની મોટર ગન-બોટ અને પાંચ ટન જેટલો ડાઇનેમાઇટ ભરેલી એક વિનાશિકા સાથે કુલ ૬૩૦ જણનો કાફલો ઑપરેશન ચૅરીઅટ માટે તૈયાર કરવામાં આવ્યો. યોજના અંગે એક શબ્દ પણ બહાર ન પડે એની યે પૂરતી તકેદારી રાખવામાં આવી. સમગ્ર હુમલાની એકેએક વિગત અને સેકંડે સેકંડનો કાર્યક્રમ નિશ્ચિત થઈ ગયાં. એની કામગીરીના મુખ્ય ત્રણ ભાગ હતા :

૧) ડાઇનેમાઈટ ભરેલી વિનાશિકા 'કૅમ્પબેલ ટાઉન' દ્વારા નૅાર્મંડીની ગોદી પર ધસી જવું. સેન્ટ નાઝરીના બંદરની ખાડીમાં પ્રવેશવાના જૂના માર્ગ (ઓલ્ડ એન્ટ્રન્સ)ની બંને બાજુએ આવેલા સેન્ટ નાઝરી અને પેનહાઉટ ટાપુ પર કબજો મેળવી ત્યાંની જર્મન તોપોને ચૂપ કરી દેવી, વધુમાં વધુ નુકસાન કરવા ઉપરાંત પાછા ફરવા સારુ માર્ગ મોકળો કરવો—અને પછી નાસી છૂટવું.

૨) ગોદીના દરવાજાને દારૂગોળાથી ઉડાવી દેવા, તથા વળતા હુમલા માટે ધસી આવતા જર્મનોને ખાળવા સારુ તળભૂમિ અને બેટને જોડતા પુલો તોડી પાડવા અને ટાપુઓ પર પોતાની બીજી ટુકડીઓને વધુમાં વધુ નુકસાન કરવા માટે સમય આપવો.

૩) પેનહાઉટ ટાપુ પરની ટુકડીએ જૂના માર્ગ પરનો પુલ વળોટીને સેન્ટ નાઝરી ટાપુ પર આવી જઇને એ પુલને ઉડાવી દેવો અને 'ઓલ્ડ મૉલ' પાસે એમની રાહ જોતી મોટર લૅાંચ પર પહોંચી જઇને નાસી છૂટવું.

પ્લીમથના કમાન્ડર ઈન ચીફ ઍડમિરલ ફૉર્બ્સ આ સમગ્ર દળના નિગાહબાન હતા. દરિયા બાજુથી હુમલો કરનાર એકમોની જવાબદારી રૉયલ નેવીના કમાન્ડર આર. ઈ. ડી. રાઈડરને અને કમાન્ડો એટલે કે ઑપરેશન ચૅરીઅટના ચુનંદા જવાનોને દોરવણી આપવાનું કામ લૅફ. કર્નલ ન્યૂમૅનને સોંપાયાં હતાં.

બધી જ તૈયારીઓ થઈ ગઈ એટલે અંતે ૧૯૪૨ની ૨૬મી માર્ચની સાંજે ધુમ્મસભર્યા વાતાવરણની આડશે ફૉલમથ બંદરેથી ટચૂકડાં જહાજોવાળો નાનોશો કાફલો પોતાના પરાક્રમ માટે ગુપ્તપણે ઊપડ્યો. 'ઍથરસ્ટોન' અને 'ટાયનડેલ' નામની બે વિનાશિકાઓએ એને થોડે સુધી વળાવિયા તરીકે સાથ આપ્યો. રાઈડર અને ન્યૂ મૅન ત્યારે પોતાના હેડક્વાર્ટર સ્ટાફ સાથે ઍથરસ્ટોન પર હતા.

આક્રમક ટુકડીને ગન બોટ-૩૧૪ દોરી રહી હતી. એના મોરા પર બિલ સૅવેજ ઝડપી ગોલાબારી કરતી પોતાની ટચૂકડી 'પૉમપૉમ' તોપ સાચવતો બેઠો હતો. છેલ્લાં બેએક વર્ષથી ગનબોટ-૩૧૪ અંધારી રાતે ચૅનાલ વિસ્તારમાં ફ્રાંસના કિનારે બ્રિટિશ જાસૂસો ઉતારવા લપાઈ છુપાઇને કામ કરતી હતી. આજે હવે બહુ લાંબા ગાળે પોતાની ગોલંદાજીનું કૌશલ બતાવી આપવાની તક મળવાથી બિલ ખુશખુશાલ હતો. અત્યારે એ તડાફડી માટે અંધારામાં ટાંપીને બેઠો હતો.

ગનબોટ-૩૧૪ની બરાબર પાછળ ખખડધજ થઈ ગએલી અમેરિકન ડિસ્ટ્રૉયર કૅમ્પબેલ ટાઉન આવી રહી હતી. એના કાળકામાં ડાઇનેમાઈટ ધરબેલો હતો ને એના તૂતક ઉપર સંખ્યાબંધ કમાન્ડો ઊભરાતા હતા. લેફ. કમાન્ડર એસ. એચ. બિટ્ટી આ જંગી જહાજની દોરવણી સંભાળતો હતો. કૅમ્પબેલ ટાઉનની પાછળ બંને પડખે હારબંધ મોટર લૅાંચો આવતી હતી. એમાં ડાબા પડખાની મોટર લૅાંચ-૩૦૬ના નાનકડા બ્રિજ નીચે સાર્જંટ ફ્રૅંક ડચુરાન્ટ બે પગ વચ્ચે બ્રેન-ગન દબાવીને તૈયાર બેઠો હતો. એની ટુકડીને હુકમ હતો, સેન્ટ નાઝરીની ખાડીમાં દક્ષિણ બાજુના પ્રવેશમાર્ગ પરના ઝૂલતા પુલને અને લૅાક ગેઇટને ઉડાવી દેવાનો. જો એ પાર પડે તો ત્યાંથી દરિયાનાં પાણી અંદરની શાંત ખાડીમાં ધસી જઇને યુ-બોટના વાડામાં પેસી જઈ ખળભળાટ મચાવી દે, એટલું જ નહિ, એ પછી પે દર ભરતીઓટ વેળા એની ચડતીઊતરતી સપાટીના કારણે પાકા આવરણ તળે રક્ષાએલી જર્મન સબમરીનો પણ સતત ઊંચકાતી-પછડાતી રહે. ટૂંકમાં જર્મન યુ-બોટોનું એ આશ્રયસ્થાન નકામું બની જાય.

બીજો આખો દિવસ ચુપકીદીથી ધીરે ધીરે આ કાફલો દક્ષિણ તરફ સરકતો રહ્યો. યોજના પ્રમાણે એને મધરાત પછી રાતના ગાઢ અંધારામાં દોઢ વાગ્યે સેન્ટ નાઝરી બંદરે પહોંચવાનું હતું. સમયની આ પાબંદીનું ઘણું મોટું મહત્ત્વ હતું, કારણ એ કાફલો ત્યાં પહોંચે એ અગાઉ થોડી જ મિનિટો પહેલાં સિત્તેર જેટલાં બ્રિટિશ બૉમ્બરો સેન્ટ નાઝરી પર ચડી આવે એવી યોજના હતી. આ હવાઈ હુમલા સામે રક્ષણ માટે શત્રુઓનાં રડાર યંત્રો અને એમની તોપો રોકાઈ રહે, અને વિમાનોની ઘરઘરાટી તથા ગોલંદાજી ને બૉંબધડાકાના અવાજોમાં સમુદ્રમાર્ગે આવી રહેલા બ્રિટિશ કાફલાનાં જહાજોની ઘરઘરાટી દબાઈ જાય ને છેક સેન્ટ નાઝરી સુધી તેઓ સરળતાથી વિના પ્રતિકાર ઘૂસી જઈ શકે એવો આ બેત હતો. આમ, એ હવાઈ હુમલો શત્રુઓનું લક્ષ પોતા તરફ વાળવા માટેનું એક નાટક જ હતું, પણ લાગ મળે ત્યારે ત્યારે બૉંબ પણ ઝીંકતા જઈ થાય તેટલું નુકસાન પણ કરવાની એની નેમ હતી.

અંતે ફ્રાંસનો કિનારો દેખાયો. ગનબોટ-૩૧૪ ઍથરસ્ટોનના પડખે ચૂપકીદીથી સરી આવી. રાઈડર અને ન્યૂમૅન એના તૂતક ઉપર ઊતરી આવ્યા. તુરત ડિસ્ટ્રૉયર જહાજો અંધારામાં ફંટાઈ જઈ એમનાથી છૂટાં પડી ગયાં, અને સમગ્ર કાફલો હવે પોતાના પરાક્રમ માટે લક્ષ્ય તરફ રવાના થયો. હવે પછીનો બધો મદાર એમના પોતાના ઉપર જ હતો.

અંધકાર, કાફલાનું નાનું કદ અને તાજેતરમાં જ થઈ ગએલા બ્રિટિશ હવાઈ હુમલાથી જર્મનોને બેધ્યાન બનાવવાનો લાભ લઈ તેઓ શત્રુઓની બહુ નજીક સુધી પહોંચી ગયા.

એકાએક જર્મન સર્ચલાઈટ ઝબકી. ફરતો ફરતો એનો શેરડો કૅમ્પબેલ ટાઉન પર પડ્યો. એનાં બે ભૂંગળાં તો કાઢી જ નાખેલાં, ને બીજો પણ થોડો બાહ્ય ફેરફાર કરી નાખેલો એટલે કૅમ્પબેલ ટાઉન જર્મન ટૉર્પિડો બોટ 'મૉવે' જેવી દેખાતી હતી. પ્રથમ તો જર્મન ચોકિયાતો પણ વિચારમાં પડી ગયા, પણ પછી તુરત એના મોરા પાસે ચેતવણીરૂપે ગોળા છોડ્યા. આ ઘડી આવશે જ એમ ધારીને ગનબોટ-૩૧૪ના મુખ્ય સિગ્નલ-મૅન પાઈકને રાઈડરે એ માટે તૈયાર જ રાખ્યો હતો. પાઈક જર્મન ભાષા પણ જાણતો હતો. બ્રિટિશ જાસૂસોએ મેળવી આપેલી અહીંની જર્મન 'કૉલ સાઈન' (ઓળખ માટેની ગુપ્ત સંજ્ઞા)નો ઉપયોગ કરીને પાઇકે પોતાના આલ્ડિસ લૅમ્પ પર જર્મન ભાષામાં સંદેશો ઝબકાવવા માંડ્યો: 'દુશ્મનોએ બે જહાજને નુકસાન પહોંચાડ્યું છે. તત્કાલ અમને બંદરગાહમાં પ્રવેશવા દેવા વિનતિ છે.'

કંઠાર પર આ જવાબથી સંતોષ થયો લાગ્યો. એમણે તોપમારો બંધ કર્યો ને બ્રિટિશો ઝડપથી આગળ વધ્યા. બિલ સૅવેજે પોતાની પૉમપૉમના ઘોડા પર આંગળી ભેરવી દીધી. કર્નલ ન્યૂમૅન અને રાઈડર પોતાનાં ઘડિયાળો લઈ ઊભા હતા. બરાબર નિર્ધારિત સમયે જ તેઓ અહીં પહોંચી ગયા હતા. નોર્મંડીનો ધક્કો હવે દોઢ જ માઈલ દૂર હતો. એક નાનીશી ભૂલ અને સમગ્ર યોજના ધૂળધાણી થઈ જાય તેવી સ્થિતિ હતી. બસ, હવે પછીની દસ જ મિનિટ એમણે બરાબર સાચવી લેવાની હતી.

પણ એટલામાં તો ડાબી બાજુથી સર્ચલાઈટનો શેરડો અંધારું વીંધતો ફેંકાયો. ગનબોટ-૩૧૪, ટૉર્પિડો બોટ-૭૪ અને કૅમ્પબેલ ટાઉનને એ જોઈ ગયો. પાઇકે તુરત સંકેત ઝબકાવ્યો: 'થોભો'. પણ હવે જર્મનો ફરી છેતરાય તેમ નહોતા. કંઠાર પરની જર્મન તોપો ધણધણી ઊઠી.

અત્યાર સુધી તો બ્રિટિશો ચૂપ રહ્યા હતા, પણ હવે શત્રુઓને વળતો જવાબ આપવાની પળ આવી ગઈ હતી. કૅમ્પબેલ ટાઉને જ આરંભ કર્યો. સામસામી તોપોની ધણધણાટીમાં થોડી વાર તો બધું જ સ્તબ્ધ થઈ ગયું. બહુ નજીકનાં જ લક્ષ્ય હોઈ આકાશમાં ઊંચે ચડીચડીને ગોળા નીચે વરસતા હતા.

એકાએક ગનબોટ-૩૧૪ એક જર્મન ચોકિયાત જહાજની સામોસામ આવી ગઈ. સર્ચલાઈટના તેજમાં બિલ સૅવેજને એ જહાજ પૂરેપૂરું દેખાતું હતું. એણે નિશાન સાધીને તોપચીને હુકમ આપ્યો. ઘોડો દબાયો અને બિલની તોપના બે રતલી ગોળાએ એ ચોકિયાત જહાજના મોરા પર જ મંડાએલી તોપને ઉડાડી દીધી, એના ચાલકો દરિયામાં ફંગોળાઈ ગયા. અને હજી એનો ધડાકો શમે તે પહેલાં તો એણે પેલા જહાજના મધ્ય ભાગ પર ગોળા ઝીંકવા માંડ્યાં.

સાઠ જ સેકંડ પછી લેફ. કમાન્ડર બિટ્ટીએ કૅમ્પબેલ ટાઉનને નૉર્મંડી ડૅાકના દરવાજામાં ૧૯ નોટના વેગે જોરથી ભીચકાવી. ચારસો માઈલની ખેપ કરીને અને અડખેપડખેની ભારે ગોલાબારી વચ્ચે અંધારામાં એણે યોજનામાં નિર્ધારેલા સમયે જ પોતાનું લક્ષ્ય સિદ્ધ કરી લીધું. તુરત જ

એક મોટરલૉંચ તેની નજીક દોડી આવી અને તેમાંના કમાન્ડોને લઇને ઓલ્ડ એન્ટ્રન્સના ઓવારે ઉતારી દીધા. પાછળ જ ગનબોટ-૩૧૪ પણ આવી પહોંચી. તેમાંથી કર્નલ ન્યૂમૅન અને રાઈડર કાંઠે ઊતરી પડયા. નક્કી કર્યા પ્રમાણે ન્યૂમૅન ડાબી તરફ દોડી ગયો, રાઈડર જમણી બાજુ દોડયો. એને જોયું હતું કે કૅમ્પબેલ ટાઉન એના સ્થાને બરાબર ગોઠવાઈ ગઈ છે કે નહિ.

બિલ સૅવેજે બંદરના ધક્કા પર ગોળીઓ વરસાવવા માંડી. એકાએક એક મકાનની બાજુમાં બારેક જેટલા ઓળા દેખાયા. બિલે ત્યાં પણ ગોળીઓ છોડી, પણ ત્યાં તો બૂમ સંભળાઈ 'કૅમ્પબેલ ટાઉન'! પોતાના જ માણસો હતા એ તો! દોડીને તેઓ ગનબોટ-૩૧૪ પર ચડી ગયા.

કૅમ્પબેલ ટાઉનની સ્થિતિથી સંતોષ પામી રાઈડર માથા પર સૂસવતી ગોળીઓ વચ્ચે થઈને તુરત પાછો નાઠો. અથડામણથી યે એની અંદર ગોઠવેલા માસ્ટર ફયુઝને આંચ આવી લાગતી નહોતી. હવે એમાં થનારા વિસ્ફોટને કોઈ રીતે રોકી શકાય તેમ નહોતું. જહાજના આગળના ભાગમાં યે ચોવીસ જેટલા ચારસો રતલી ડેપ્થ ચાર્જ રાખ્યા હતા. માસ્ટર ફયુઝ સાથે તો એ બધા જોડયા જ હતા, પણ કદાચ એ ગોઠવણ બરાબર કામ ન કરે તો આગમચેતી વાપરી દરેક ત્રીજા ચાર્જ સાથે ટાઈમબૉમ્બ પણ જોડયા હતા. આ બધું જ એકસાથે ફાટવાનું હતું.

ત્યાં તો એકાએક ગજબનો ભયાનક ધડાકો થયો. પેલા કૅમ્પબેલ ટાઉનમાંથી કૂદી પડેલા અને બિલે જેમના પર ગોળીઓ છોડેલી એમનું જ એ કામ. એમણે કરેલી ગોઠવણ પ્રમાણે શત્રુઓના પાવર હાઉસને એમણે ઉડાવી દીધું હતું. ગોળીબારના તાસીરા સાથે ઈંટોનો પણ જાણે વરસાદ વરસી રહ્યો.

થોડી જ વાર પછી રાઈડરે ગનબોટ-૩૧૪ને નાઝરી ટાપુના ઓલ્ડ-મૉલ તરફ વળી જવા હુકમ આપ્યો. મોટર લૉંચોમાંના કમાન્ડો ત્યાં ઊતરવાના હતા અને પોતપોતાનાં કાર્યો પતાવી પાછા નાસી છૂટવા માટે પણ સૌએ ત્યાં એકઠા થવાનું હતું.

દરમિયાન સેન્ટ નાઝરી ટાપુ પરના જર્મન ચોકિયાતો હવે સાબદા થઈ ગયા હતા. એમણે વળતો હુમલો આરંભી દીધો. મકાનોનાં છાપરાં, ઓવારા ને ચોકિયાત જહાજો પરથી એમણે ગોળીઓ અને તોપગોળા વરસાવવા માંડયાં. પણ ખરો ભારે પ્રતિકાર તો પાકા બાંધેલા પિલબૉક્સ (માત્ર ગોળીબાર કરવા પૂરતી જ જગ્યા ખુલ્લી રાખી ચોપાસથી પાકા ચણતરથી આવરીને જમીનની અંદર કરેલી સંરક્ષણ રચના)માંથી થતો હતો. ઓલ્ડ મૉલના આખા વિસ્તાર પર ત્યાંથી ગોળીઓ વછૂટતી હતી. આ ગઢ જેવા પિલ બૉક્સના ગોળીબારને બ્રિટિશો રોકી શકે તેમ નહોતા.

મોટરલૉંચ ૩૦૯ના ફ્રૅંક ડયુરાન્ટે સોએક વારનાં અંતર-નિશાન ગોઠવી પોતાની બ્રેનગનમાંથી વારંવાર ગોળીઓ છોડવા માંડી. એકાએક એનાથી પચાસેક વાર દૂર જ એક મોટરલૉંચ સળગી ઊઠી. એમાંથી દરિયાની સપાટી પર રેલાએલા પેટ્રોલની આગથી પાણી પર બળતાં ચકરડાં રચાઈ ગયાં. એક તરફથી આ આગ અને બીજી બાજુથી પિલબૉક્સમાંથી વછૂટતી ગોળીઓ વચ્ચે મોટરલૉંચ ૩૦૯ ફસાઈ પડી. એમાંના કમાન્ડો હવે ઓલ્ડ મૉલને કાંઠે ઊતરી શકે તેમ નહોતા. નછૂટકે એ લૉંચને પાછા ખસવું પડયું, પણ જતાં જતાં યે ફ્રૅંકની બ્રેનગન પિલબૉક્સ પર ગોળીઓ ઝીંકતી જ રહી.

એટલામાં જ ગનબોટ-૩૧૪ લઇને બિલ સૅવેજ ત્યાં આવી પહોંચ્યો. ફ્રૅંકની જેમ એણે પણ પિલબૉક્સ પર નિશાન માંડી બસો વાર દૂરની નેમ ગોઠવી. પિલબૉક્સની ફાટમાં એની ગોળીઓ ગરમાગરમ હારડા પેઠે ઊતરવા લાગી. થોડી જ વારમાં એની નિશાનબાજી ફળી. પિલબૉક્સ શાંત પડી ગયું.

ત્યાં તો ઓલ્ડ મૉલ પરની સર્ચલાઈટ ઝબકી. એના શેરડાની સાથોસાથ જ એ તરફથી બે તોપગોળા વછૂટયા. બિલે તરત એ તરફ નિશાન ફેરવ્યું અને એની નેમ ફરતાં જ ચારેક જર્મનો પાછા પિલબૉક્સમાં કૂદી પડયા. બીજી જ પળે એમણે ગોળીઓ વરસાવવા માંડી. બિલે ફરી એ તરફ નેમ સાધી ને ફરી પિલબૉક્સ ચૂપ થઈ ગયું.

બિલની પાછળ રાઈડર વળી બીજી જ મુસીબતમાં ફસાયો હતો. બધી જ બાજુએથી એના પર ગોળીઓની તડામાર ચાલતી હતી. સર્ચલાઈટના પ્રકાશમાં એ ઉઘાડો પડી ગયો હતો. એની બોટને પણ ઠીકઠીક નુકસાન થઈ રહ્યું હતું. એને હવે ખાતરી થઈ ગઈ હતી કે નક્કી કર્યા પ્રમાણે પાછા ફરવા માટે આ સ્થળે સૌએ એકઠા થવું હવે શક્ય રહ્યું નહોતું. એનો રેડિયો પણ ચાલતો નહોતો અને પાછા ફરવાનો સંકેત આપવા માટે એની પાસે રૉકેટો પણ નહોતાં. એ તો કૅમ્પબેલ ટાઉન પાસે ડૂબેલી એમની મોટરલૉંચ સાથે જ પાણીમાં ગારદ થઈ ગએલાં. આમ, ઑપરેશન ચૅરીઅટનો આ ભાગ સ્પષ્ટપણે અફળ ગયો હતો.

અંતે એણે ઓલ્ડ એન્ટ્રન્સ તરફ પાછા જવા હુકમ કર્યો. ત્યાં રહેલા કમાન્ડોને સાથે લઈ લેવાનો એનો ખયાલ હતો. પણ કર્નલ ન્યૂમૅનના માણસો બીજો કોઈ ઉપાય ન રહેતાં બચવા માટે બંદરગાહ છોડીને ગામ વીંધી તળભૂમિ તરફ નાસી છૂટવા મથતા હતા. રાઈડર ત્યાં પહોંચ્યો ત્યારે એણે ચોતરફ સરજાએલી તબાહી જોઈ. પોતામાંનું કોઈ ઘાયલ થઈ પડયું હોય તો એને ઊંચકી લેવા ઝડપથી નજર ફેરવી લઇને પછી પૂર ઝડપે ખુલ્લા સાગર તરફ મારી મૂકવા એણે હુકમ આપી દીધો.

થોડા જ માઈલ પર એની ગનબોટને એક જર્મન ચોકિયાત જહાજે આંતરી. સામસામો ગોળીબાર થયો અને અંધારાનો લાભ લઈ એ નાસી છૂટયો. પણ હવે એની ગનબોટ ટકી શકે તેમ નહોતી એ ડૂબવાની અણી પર જ હતી ત્યાં એથરસ્ટૉન અને બીજી બ્રિટિશ વિનાશિકાઓ એની મદદે આવી પહોંચી. ગનબોટ-૩૧૪માંના બધા કમાન્ડો અને કમાન્ડર રૉબર્ટ રાઈડરને એણે પોતાના તૂતક ઉપર ઊંચકી લીધા.

આ બાજુ સાર્જન્ટ ફ્રૅંક ડયુરાન્ટ પોતાના નસીબને બિરદાવી રહ્યો હતો. એની મોટરલૉંચ-૩૦૬ ઓલ્ડ મૉલના દોજખમાંથી તો છટકી નીકળી પણ એક જર્મન વિનાશિકા એકાએક એના પર સીધી ધસી આવી. ફ્રૅંકે પોતાની બ્રેનગન ચાલુ કરી દીધી. પડખામાં જ આવી ગએલી ગંજાવર ડિસ્ટ્રૉયરના જર્મન કપ્તાને લૉંચને શરણે આવવા હુકમ કર્યો.

ફ્રૅંકે ગોળીઓ વરસાવીને એનો ઉત્તર આપ્યો. પણ બ્રેનગનમાં એ નવી ગોળીઓ ચડાવે એટલી વારમાં તો શત્રુઓ લૉંચ પર ઊતરી આવ્યા અને ફ્રૅંકની લડાઈ ત્યાં પૂરી થઈ ગઈ, એ કેદ પકડાયો.

પેલી બાજુ ટાપુ પર કર્નલ ન્યૂમૅન અને ગનબોટ-૩૧૪ તથા લૉંચમાંથી ઊતરેલા કમાન્ડોએ યોજના પ્રમાણે નાઝરી ટાપુ પરના જે મકાનને ઉડાવી દીધેલું એ જર્મનોનું અહીંનું હેડ ક્વાર્ટર હતું. થોડાક ગ્રૅનેડથી જ એ ભાંગી પડયું હતું.

પેનહોટ ટાપુ પર ઊતરેલા કમાન્ડોએ ઓલ્ડ એન્ટ્રન્સ પરની ચોકીઓને તોડી પાડવાની હતી. બીજી ટુકડીએ બીજી તરફ પણ એ જ કામ પતાવવાનું હતું અને ત્રીજી ટુકડીએ નૉર્મંડી ડૉકગેટની હાઇડ્રોલિક યંત્ર-રચનાના ચાલક વિશાળ પંપિંગ હાઉસને ઉડાડી મૂકવાનું હતું.

એ પંપિંગ હાઉસના લોખંડી બારણાને ઉડાડી દઈને તેઓ અંધારામાં જ એક સીડી દ્વારા અંદર ચાળીસેક ફૂટ ઊંડા ઊતર્યા ને ત્યાંની યંત્રરચનામાં સ્વિચબૉર્ડ, ટ્રાન્સફૉર્મર વગેરે જેવા જે જે મહત્ત્વના ભાગ નજરે ચડયા ત્યાં ત્યાં બૉમ્બ ગોઠવી દઈ નાઠા. ભયાનક ધડાકા સાથે એ પમ્પિંગહાઉસ ભાંગી પડયું ને ટ્રાન્સફૉર્મરોમાંથી ચોપાસ રેલાએલા તેલને પણ તેઓ આગ ચાંપતા ગયા.

આમ, ટાપુ ઉપર કરવાનાં લગભગ બધાં કામ સમયસર પાર પડી ગયાં. સૌએ હવે ઓલ્ડ મૉલ પર પહોંચી જવાનું હતું. (અનુ. પૃ. ૧૨૦)

ગોલકોંડા
દખ્ખણનો એક અડીખમ કિલ્લો અને કુત્બશાહીનું પાટનગર




દક્ષિણ હિંદના વિશાળ બહમની સામ્રાજ્યના પતનમાંથી જે નવી સલ્તનતો ઊભી થઈ તેમાં બિજાપુરની આદિલશાહી, અહમદનગરની નિઝામશાહી અને ગોલકોંડાની કુત્બશાહી મુખ્ય હતી. આમાં ગોલકોંડાની સલ્તનત સૌથી છેલ્લે સ્થપાઈ હતી અને બિજાપુર તથા અહમદનગરની તુલનામાં એણે વધુ શાંતિ ભોગવી હતી. ગોલકોંડાનો એ પ્રદેશ મૂળ તો વરંગળના વિશાળ કાકતીય હિંદુ સામ્રાજ્યનો ભાગ હતો, જે ઈ. ૧૪૨૩માં અહમદશાહ બહમનીએ જીતી લીધેલો, અને રાજ્યે નીમેલા સૂબા દ્વારા ત્યાંનો વહીવટ ચાલતો. અલબત્ત, પોતાના સામ્રાજ્યના વિકાસ માટે બહમની સુલતાનોએ કેટલાક સારાં કાર્યો પણ કરેલાં, પરંતુ એ રાજવંશના ચૌદ જેટલા સુલતાનોમાંના એક પાંચમા સુલતાનનો કાળ જ કંઈક શાંતિમાં વીત્યો. બાકી બહમની સામ્રાજ્યનો ઇતિહાસ પડોશીઓ સાથેનાં યુદ્ધો, પારિવારિક ખટપટો ને સુલતાનોના વિલાસની કથાઓથી જ ભરપૂર છે. એમાંના ચારનાં તો ખૂન થએલાં અને બેની આંખો ફોડી નાખવામાં આવેલી. ઉત્તર કાળમાં આ રાજવંશને જે કંઈ નામના મળેલી તે તેના એક મંત્રી મહમુદ ગાવાનના રાજકૌશલને આભારી હતી વરંગળમાં એણે એક તુર્કી સૂબા સુલતાન કુલી કુત્બની નિમણૂક કરેલી. બહમની રાજવંશના પાયા ડગમગવા લાગ્યા અને તેનો લાભ લઈ બીજા સૂબાઓએ પોતાનાં અલગ રાજ્યો ઊભાં કર્યાં ત્યારે યે એણે સુલતાન મહમદશાહ બહમનીનું વર્ચસ્વ જારી રાખેલું. પરંતુ રાજખટપટમાં મહમુદ ગાવાનનું પણ ખૂન થયું અને બહમની રાજવંશના અંતનો આરંભ થયો. ઈ. ૧૫૧૮માં સુલતાન કુલી કુત્બ શાહે પણ બહમની વર્ચસ્વ ફગાવી દઈ કુત્બશાહી નામે પોતાનો સ્વતંત્ર રાજવંશ ચાલુ કર્યો. ગોલકોંડા આ કુત્બશાહીનું પાટનગર હતું.

આ પ્રથમ કુત્બી સુલતાને લાંબું આયુ અને સમૃદ્ધ રાજ ભોગવ્યું. ઈ. ૧૫૪૩માં એની નેવું વર્ષની વયે એની હત્યા થઈ. મનાય છે કે કાવતરામાં એના શાહજાદા જમશેદનો હાથ હતો. આ જમશેદે સાતેક વર્ષ રાજ કર્યા પછી ૧૫૫૦માં એના ભાઈ ઇબ્રાહીમની તાજપોશી થઈ. દક્ષિણના મહાન ને સમૃદ્ધ હિન્દુ સામ્રાજ્ય વિજયનગરના ધ્વંસ માટે રચાએલા મુસ્લિમ સંગઠનમાં એણે પણ સાથ આપેલો. એના શાસન દરમિયાન ગોલકોંડાની સમૃદ્ધિની નામના હતી. પોતાના શાસનમાં એ હિન્દુઓને પણ ઊંચાં અધિકારપદ આપતો હતો. હિન્દુઓ પ્રત્યેની એની રહેમ નજર તથા વિજયનગરના પતન પછી ગોલકોંડાનાં વધી ગએલાં સામર્થ્ય, સમૃદ્ધિ અને મહત્ત્વ, દક્ષિણમાં પોતાનું વર્ચસ્વ વધારવા ઈચ્છતી ઉત્તર હિંદની મુઘલાઇને ખૂંચવાં લાગ્યાં હતાં. ઈ. ૧૫૮૦માં એનો પુત્ર મહમદ કુલી ગાદીએ આવ્યો. સુલતાન કુલી કુત્બશાહના વંશના આ પાંચમા સુલતાને ગોલકોંડામાં વધતી જતી પાણીની અછત અને રોગચાળાને કારણે ગોલકોંડાથી પાંચ-સાત માઈલ દૂર મુસી નદીના કાંઠે એક નવું પાટનગર વસાવી પોતાની એક પ્રેયસી ભાગમતિના નામ પરથી એને ભાગનગર (ભાગ્યનગર) નામ આપેલું. પણ ભાગમતિના મૃત્યુ પછી એ નગર હૈદરાબાદ નામે ઓળખાતું થયું. નિઝામ રાજ્યનું પાટનગર હૈદરાબાદ તે આ જ. ત્યાંની વિખ્યાત મક્કા મસ્જિદ અને ચાર મિનાર પણ આ મહમદ કુલી કુત્બશાહે જ બંધાવેલાં છે. એ પછી હૈદરાબાદ અને ગોલકોંડાનો ઇતિહાસ સમાન છે.

પોતાના ભૌગોલિક સ્થાન અને મજબૂત તથા ચાતુરીભરી કિલ્લેબંધીને કારણે ગોલકોંડા છેક મધ્યકાળથી એક મહત્ત્વનું અને સમૃદ્ધ નગર હતું. માર્કો પોલોએ પણ પોતાની પ્રવાસનોંધમાં એનો ઉલ્લેખ કર્યો છે. એણે લખ્યા પ્રમાણે તથા મનાતું આવ્યું છે તે મુજબ ગોલકોંડામાં હીરાની ખાણો તો નહોતી, પણ હીરાને પહેલ પાડવાનો ઉદ્યોગ ઘણો વિકાસ પામેલો હતો. સૂકા અને છૂટાછવાયા ગ્રેનાઈટ ખડકોવાળા પ્રદેશમાં લગભગ ૨૫૦ ફૂટ ઊંચા એક ડુંગર ઉપર ગોલકોંડાનો નાનો પણ મજબૂત કિલ્લો હતો. વરંગળના રાજાએ એ બંધાવ્યો હોવાનું મનાય છે. ઈ. ૧૩૬૪માં ગુલબર્ગાના મહમદશાહ બહમનીએ એ જીતી લીધા પછી થોડો સમય ગોલકોંડા મહમદનગરના નામે પણ ઓળખાતું. હૈદરાબાદ બંધાયું ત્યાં સુધી એ કુત્બશાહીનું પાટનગર રહ્યું અને છેલ્લે ઈ. ૧૬૮૭માં ઔરંગઝેબે ગોલકોંડાનો કિલ્લો સર કર્યો. આ દરમિયાન અવારનવાર યુદ્ધમાં થએલાં નુકસાન તથા શસ્ત્રોના વિકાસ સાથે પલટાતી જતી યુદ્ધશૈલીઓના કારણે એ કિલ્લામાં વારંવાર ફેરફારો થતા રહ્યા હતા, જે આજે પણ જોઈ શકાય છે.

ગ્રેનાઈટના એક ડુંગર પર બંધાએલા કિલ્લાનો કોટ ત્રણ માઈલના ઘેરાવાવાળો તથા ૮૭ બુરજોવાળો છે. કિલ્લાની અંદર અનેક મહાલયો, મસ્જિદો અને આવાસોનાં ખંડિયેર છે, જેમાં 'બાલા હિસાર' નામે ઓળખાતો રાજગઢનો ભાગ કંઈક ઠીક હાલતમાં છે. કિલ્લાને આઠ પ્રવેશ-



ગોલકોંડાનો કિલ્લો



દ્વારો હતાં જેમાંનાં ચાર હજી યે વપરાશમાં છે. કોટને ફરતી ખાઈ તો હવે અનેક સ્થળે પુરાઈ ગઈ છે. આ પહેલા કોટની દીવાલ ૧૭ થી ૩૪ ફૂટ જેટલી પહોળી છે. કેટલાક બુરજ ગઢની દીવાલની બહારની તરફ નીકળતા છે, જેથી દીવાલની બહારની બાજુ પર નજર રાખવાનું તથા ગોલંદાજી કરવાનું અનુકૂળ પડે. ગઢની ઈશાન બાજુએ નવ પાંખિયો એક કોઠો છે. ફૂલની ગોળાકાર નવ પાંખડી જેવી એની રચનાને કારણે તેના મથાળેથી લડતા સૈનિકોને વધુ લંબાઈ મળી શકે ને ગઢ બહારથી લડતા આક્રમકો ઉપર એમની પીઠ પાછળ પર ગોલંદાજી કરી શકાય એ એનો ઉદ્દેશ હશે.

ફતેહ દરવાજો એ કિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર છે. એમાં પ્રવેશવા બે બાજુથી વળાંકદાર સાંકડો માર્ગ છે. બંને બાજુએ ઊંચી દીવાલોથી રક્ષિત છે. લગભગ તેરેક ફૂટ પહોળા અને છત્રીસ ફૂટ ઊંચા આ પ્રવેશ માર્ગમાં ગઢની આગળ-પાછળની બંને બાજુએ તોતિંગ બારણાં છે, જેમાંનાં બારણાં પર લાંબા અણિયાળા ખીલા જડેલા છે. આ બે બારણાંની વચ્ચેનો ગાળો પણ બંને બાજુથી સંરક્ષકો લડી શકે તેવી ઊંચી ઓટલીવાળા ગાળાથી રક્ષિત બનેલો છે.


નૈર્ઋત્યે મક્કા દરવાજામાં પણ અંદર બહાર કાટખૂણે બે પ્રવેશદ્વાર છે. અહીં પણ બહારના પ્રવેશદ્વારને રક્ષણ આપતી દીવાલો છે.

ત્રીજો બનજારી દરવાજો વાયવ્યે છે. ત્યાં પ્રવેશની આગળ અર્ધ-ગોળાકાર આડશ છે. અહીં અંદર બહારનાં બારણાંની ઉપર પથ્થરની સપાટ છત છે જે એની આકાર-રચનાના આધારે જ ટકી રહી છે.

આ પ્રથમ કોટની અંદરની સપાટ ભૂમિમાં ગામ વસેલું. એની વચ્ચે ઊંચકાઈ આવેલા એક ટેકરાની ઉપર 'બાલા હિસાર' નામે ઓળખાતા રાજગઢનો વિસ્તાર છે. આ વિસ્તારના રક્ષણ માટે પણ બીજો એક ગઢ છે. આની યે અંદર ટેકરીની લગભગ અર્ધી ઊંચાઇએ ત્રીજો કોટ પણ છે, ત્યાંથી વળાંકો લેતો પથ્થર જડિત માર્ગ અને પગથિયાં ટોચ પરની ઈમારતો સુધી જાય છે. બાલા હિસાર દરવાજા સામે એક વિજયતોરણ છે ને તેમાં થઈને રાજગઢમાં પ્રવેશાય છે. બાલા હિસાર દરવાજાના રક્ષણ માટે એની સામે કોટથી અલગ એક બુરજ છે. જેના પરથી દરવાજા પર હુમલો કરતા શત્રુઓને એમની પીઠ પાછળથી મારી શકાય એવી એની રચના છે. દરવાજાની અંદરનો પ્રવેશમાર્ગ પણ લાંબો તથા બંને બાજુએ સંરક્ષણની વ્યવસ્થાવાળો છે. અહીં જે શોભનકંડાર છે તે હિંદુ શાસન સમયનું લાગે છે. જ્યાં દરવાજાનો પ્રવેશમાર્ગ પૂરો થાય છે ત્યાં સામે ઊંચું બાંધકામ કરીને ગઢમાં પ્રવેશતા શત્રુઓને ખાળવાની યોજના કરેલી છે. વળી, આ જ સ્થળેથી એ માર્ગ કાટખૂણે વળાંક લે છે તે પણ આવતા હુમલાના વેગને અવરોધક છે. હથિયારોનો પુરવઠો રાખવાની પણ અહીં વ્યવસ્થા હતી એમ જણાય છે. કોટની દીવાલ પણ અહીં બેવડી છે. અહીં અવારનવાર ફેરફારો ને મરામતો થતી રહી હોય તેવું લાગે છે.

આ છેલ્લા કોટ પછી ટેકરીના ચઢાણમાં અર્ધે રસ્તે એક મોટો કૂવો તથા ટોચ ઉપર રાજ–આવાસ અને રાજ–દફતરો તથા દરબાર–ખંડ છે.

ઉત્તરના મુઘલ શાસનને દક્ષિણ ભારતમાં આગળ વધવામાં જે કેટલાક કિલ્લા અવરોધરૂપ હતા તેમાં ગોલકોંડાનો કિલ્લો મુખ્ય છે. ખુદ ઔરંગઝેબના નેતૃત્વમાં આવેલી વિશાળ મુઘલ સેના સામે આઠ→



△ ગોદાવરી અને કૃષ્ણા નદીની વચ્ચે ગોલકોંડાનું સ્થાન દર્શાવતો નકશો અને (ઉપર ડાબી બાજુ) ગોલકોંડાની ત્રેવડી કિલ્લેબંધીની રચના બતાવતો નકશો. ડાબી બાજુ : ગોલકોંડાના કિલ્લાની બહાર ઉત્તરમાં આવેલી કુતુબશાહી સુલતાનોની ચોરસ આકારની ઘુમ્મટવાળી કબરો.

સેવતી-ગુલદાવદી



લેખક • શંકરદેવ વિદ્યાલંકાર

અંગ્રેજી—Chrysanthemum, હિન્દી—સેવતી, બંગાળી–ચન્દ્રમલ્લિકા

સેવતી-ગુલદાવડી-શીતકાલમાં ખીલતાં પુષ્પોમાં પોતાનાં આગવી સુવાસ અને સુષમાને લીધે વિશ્વવિદિત બની છે. લોકપ્રિયતાને કારણે એનું સ્થાન ગુલાબ પછી બીજું છે. દૂર પૂર્વના દેશોમાં તો બે-અઢી હજાર વર્ષથી એનો ઉછેર થતો આવ્યો છે. જાપાન અને ચીન દેશ એનું મૂળ વતન. જાપાનનું તો એ રાષ્ટ્રીય પુષ્પ છે.

જાપાનથી એનો પ્રસાર ઇંગ્લૅન્ડ ફ્રાંસ-સ્વિઝર્લૅંડ-અમેરિકા-કૅનૅડા ઑસ્ટ્રેલિયા એશિયાઈ દેશો અને ભારતભરમાં થયો છે કૃત્રિમ સંકરણ (વાનસ્પતિક ક્રિયાકલ્પ) દ્વારા એની હજારો જાતે વિકસવાઈ છે. માત્ર ઇંગ્લૅન્ડમાં જ એના ત્રણ હજાર જેટલા પ્રકારો છે ગ્રીક ભાષા પ્રમાણે ક્રિસૅન્થેમમનો અર્થ સુવર્ણપુષ્પ થાય છે. એનાં પાન અને પુષ્પોમાંથી કર્પૂર જેવી ભીની ભીની સુવાસ આપે છે. ભારતનાં ઉપવનોમાં થતી સેવતીનું શાસ્ત્રીય નામ–ક્રિસૅન્થેમમ ઇંડિકા લિન–Chrysanthemum Indica Linn છે.

સેવતીનાં પુષ્પો શ્વેત, પીળાં, વાસંતી, કેસરી, ગુલાબી, જાંબુડી વગેરે અનેક રંગોનાં થાય છે. એક જ વર્ષમાં એના એક છોડ પર એક સો જેટલાં ફૂલો ખીલે છે. એના બીજાંકુરોને છૂટા કરીને તેનો પ્રસાર કરવામાં આવે છે. સેવતીનાં પુષ્પો એકથી ત્રણ ઇંચ વ્યાસ સુધીનાં હોય છે. એના ખીલવાની ઋતુ ઑક્ટોબરથી ફેબ્રુઆરી સુધી હોય છે. એ સમયમાં પુષ્પપ્રેમી લોકો એને ચૂંટીને પોતાના દીવાનખાનામાં ફૂલદાનોમાં ગોઠવે છે. ઘણે સ્થળે આ સમયમાં સેવતીનાં વિધવિધ પુષ્પોનાં પ્રદર્શનો ને સ્પર્ધાઓ પણ યોજાય છે.

મોગલાઈ જમાનાના કોઈ વૈદ્ય–પંડિતે ચાર પ્રકારનાં સ્થળ–કમળોમાં સેવતીની ગણના આ પ્રમાણે કરી છે:

चतुर्धा स्थल-पद्मानि सेवन्ती गुलदावदी ।
नैपाली च गुलाबश्च बकुलश्चकदम्बकः ॥

સેવતીના છોડની ઊંચાઈ બે ફીટ સુધીની હોય છે. એનાં પાન કાંગરીવાળાં અને વચમાં જરા પહોળાં હોય છે. જંગલોમાં ઊગતી સેવતીનાં પાન નાનાં હોય છે. વૈજ્ઞાનિક રીતે ઉછેર પામેલી સેવતીનાં પાન વધુ મોટાં હોય છે. પુષ્પો સિંગલ અને ડબલ બન્ને મજાનાં હોય છે. ડબલમાં પાંખડીઓ ખૂબ હોય છે. પાંદડાં એકાંતરે હોય છે. છોડની શાખાઓ નરમ હોવાથી વિકસિત અને પુષ્પિત ડાળાંઓને ટેકા આપવા પડે છે. સેવતીના છોડ ખૂબ માવજત માગી લે છે. એના ઉછેર ને સંવર્ધન માટે રેતાળ અને પાંદડાંનાં ખાતરવાળી માટીની જરૂર હોય છે.

ઈસ્વી સન ૯૦૦માં જાપાનના સમ્રાટ ઉદાચે પોતાના રાજકીય ઉદ્યાનમાં સેવતીનું પ્રદર્શન યોજ્યું હતું. ૧૧૮૬માં સમ્રાટની તલવારને સેવતીનાં ફૂલોની શોભનભાતથી શણગારવામાં આવી હતી.

ઈ. ૧૮૮૦માં ફ્રાંસના એક વનસ્પતિશાસ્ત્રીએ ઈંગ્લૅન્ડના વિશ્વવિખ્યાત ક્યૂ ઉદ્યાનમાં સેવતીનો ઉછેર શરૂ કર્યો. પછી તો સમગ્ર યુરોપમાં એનો પ્રસાર થઈ ગયો. વ્યાપારિક દૃષ્ટિએ જોતાં સેવતીની ખેતી ઇરાન, અલજીરિયા, ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, સ્વિટઝરૂલૅન્ડ ને ભારતમાં થાય છે.

સેવતીનાં પુષ્પોમાંથી પાઇરૅન્થ્રમ નામનું કીટવિનાશક ચૂર્ણ અને અર્ક બનાવવામાં આવે છે. તેનાથી માકડ મચ્છર વગેરે મરી જાય છે, પણ માણસને કશી હાનિ થતી નથી. છાયાશુષ્ક ફૂલોમાંથી વધુ અસરકારક પાઇરૅન્થ્રમ પ્રાપ્ત થાય છે. એ ઉપરાંત એનાં પાન બાફીને બાંધવાથી ગૂમડું ફૂટી જાય છે. દાઝ ઉપર એનાં પાન લાભકારી ગણાય છે. □

આઠ માસ સુધી ઝીંક લેનાર ગોલકાંડાના કિલ્લાનું સામર્થ્ય ન સંરક્ષણક્ષમતા સહેજે સમજાય તેવી છે. અને છેલ્લે આ કિલ્લો સર કરવામાં એને જે સફળતા મળી તે યે એના સૈન્ય ને સરંજામની શક્તિ, યુદ્ધચાતુરી કે બહાદુરીથી નહિ પણ દગાખોરીથી જ હાંસિલ થઈ હતી.

આજે એ કિલ્લાના ભગ્ન અવશેષ, તથા તેની અંદરના અનેક મહાલયો, મસ્જિદો ને આવાસોનાં ખંડેરો જ જોવા મળે છે. જો કે બાલા હિસારનો ભાગ હજી યે કંઈક સારી હાલતમાં છે. કિલ્લાની ઉત્તરે થોડે દૂર કુત્બશાહી સુલતાનો અને તેના પરિવારની કબરો છે. ઊંચા ઓટલા પર ચોરસ આકારની ઘુમ્મટો વાળી આ કબ્રગા પરની છત્રીઓ કાળપ્રભાવથી અને ઔરંગઝેબની ચડાઈ વખતના તોપમારાથી ઠીકઠીક નુકસાન પામી હોવા છતાં હજી પોતાના વિશિષ્ટ આકાર ને બાંધણીના કારણે પ્રેક્ષણીય છે. પણ ગોલકોંડાની સમૃદ્ધિ અને સ્વાતંત્ર્યના સમયમાં એના પર જડેલી ઈરાની લાદીઓ અને અન્ય શોભનોથી અલંકૃત આ શાહી કબરોનો પ્રભાવ અનોખો જ હશે એમ એના આ અવશેષો જોતાં સમજી શકાય છે. આમાં યે, હૈદરાબાદની મક્કા મસ્જિદ ને ત્યાંના વિખ્યાત ચાર મિનાર બંધાવનાર મહંમદ કુલી કુત્બશાહનો મકબરો તો આજે યે ભવ્ય લાગે છે. ૧૮૦ ફૂટ ઊંચા એ મકબરામાં ૬૦ ફૂટ ઊંચો તો તેનો ઘુમ્મટ છે. એના પરનું શોભન હજી યે થોડું ટકી રહ્યું છે.

ગોલકોંડાનો કિલ્લો અને આ મકબરાઓ કુત્બશાહીના ભૂતકાળની ભવ્યતા, સામર્થ્ય અને સમૃદ્ધિની ઝાંખી પામવા માટે પૂરતા છે. □

‘વિનોદની નજરે’ લખતાં લખતાં

વિનોદ ભટ્ટ

કૅરિકેચર્સ લખવા અગાઉ બચુભાઇને એક વાર વાતવાતમાં મેં કહ્યું: ‘થોડાંક વ્યક્તિચિત્રો કરવાં છે...યશવંતભાઈ, ઉમાશંકર, લાભશંકર વગેરેનાં’.

‘એમાં ક્યાંક આડુંઅવળું લખાઈ જાય તો આપણા પર કોઈ બદનક્ષીનો દાવો ઠોકી દે.’ કહી બચુભાઇએ મારા ઉત્સાહ પર પહેલાં તો ઠંડું પાણી રેડચું. એ ભયસ્થાનનો વિચાર કરતાં હું ય થોડો ગંભીર થઈ ગયો. થોડો સમય એમ જ પસાર થઈ ગયો.

ફરી પાછું માથું ઠનક્યું એટલે યશવંત શુક્લનું રેખાચિત્ર લખીને બચુભાઇને આપ્યું. વાંચીને તે બોલ્યા: ‘તમારે ઓછામાં ઓછા આવા પચ્ચીસ લેખો તો કરવા જ પડશે.’

‘કરીશું...’ મેં સંમતિ આપી. જોકે પૂરા પચ્ચીસ લખી શકાશે કે કેમ એ બાબત એ વખતે મનમાં અવઢવ હતી.

‘યશવંત શુક્લથી જ શરૂ કરીશું?’ બચુભાઇએ પૂછ્યું.

‘હા...તેમનાથી જ શરૂ કરવામાં બે ફાયદા છે: એમની કૉલેજમાં એક ટર્મ ભણેલો એટલે ગુરુદક્ષિણા ચૂકવ્યાનો આનંદ થશે; ને ગણપતિનું સ્થાપન સૌ પ્રથમ કરવાથી સર્વ વિઘ્ન દૂર થાય છે એવી એક માન્યતા આપણે ત્યાં ચાલે છે એટલે.’

એટલે શરૂઆત યશવંતભાઈથી કરી. એ નારાજ ના થયા એટલું વળી સારું થયું: નહિ તો ત્યાં જ અટકી જવું પડત. જો કે મને કૉલેજમાંથી તેમણે કાઢી મૂકેલો એ પ્રસંગ એમની શિક્ષણકાર તરીકેની ‘ઇમેજ’ સાથે બંધબેસતો ન લાગવાથી તેમને થોડો ખૂંચ્યો હશે. પણ એમ તો યશવંતભાઈ ઉદાર છે. જવા દીધો.

જ્યોતીન્દ્ર દવે પરના લેખનો તેમનો પ્રતિભાવ ઘણા લાંબા સમય સુધી જાણવા ના મળ્યો. છેક ગયા વર્ષે આયુર્વેદિક હૉસ્પિટલમાં પોતાની દવા કરાવવા તે આવેલા ત્યારે બોલેલા: ‘તમને થશે કે મેં જવાબ કેમ ના લખ્યો. પણ ભાઈ, તમે તો મને બીરબલ સાથે સરખાવીને છેક છાપરે ચડાવી દીધેલો. છાપરે ચડાવીને તમે તો આઘા રહી ગયા પણ છાપરા પરથી નીચે ઊતરવાનું તો મારે હતું ને! લેખમાળા મઝાની જાય છે.’

બ્રોકરને ઑફપ્રિન્ટ ને અંક મોકલું તે અગાઉ તેમનો પત્ર આવ્યો: ‘...તમે મોકલેલાં અંક અને ઑફ પ્રિન્ટ મને મળશે એ પહેલાં હું તો તમારો સુંદર લેખ વાંચી બેઠો છું. મારા આખા કુટુંબે પણ તે લેખ વાંચ્યો છે. અમારો બધાનો પ્રતિભાવ એ વાંચીને એક જ પડ્યો છે: પ્રસન્નતાનો ને કૃતજ્ઞતાનો. તમે બધું જ ખૂબ જ લાગણીથી લખ્યું છે. હું તો તમારી પ્રેમભરી લાગણીનો અનુભવ હમેશાં કરતો જ આવ્યો છું. હવે આખા ગુજરાતે એ કર્યો. મારા જીવન અને સ્વભાવની કેટલી બધી બાજુઓને તમે સ્નેહ અને સમભાવપૂર્વક આલેખી છે!

એકાદ ઠેકાણે વિગતમાં ભૂલ આવી ગઈ છે. સુમનબેન મારાં બીજી વારનાં પત્ની નથી, પહેલી વારનાં જ છે. તેમને વિષે તમે એટલા સમભાવથી લખ્યું છે કે એમને બીજી વારનાં થવામાં પણ વાંધો નથી. (બીજી વારની પત્ની તરફ કોઈ પતિ રાખે એટલી ઉષ્મા બ્રોકરને સુમનબેન તરફ રાખતા જોવાને લીધે આ ભૂલ થઈ ગએલી; પુસ્તકમાં એ સુધારી લીધી છે.)

શેખાદમ આબુવાલા પોતાનું શબ્દચિત્ર વાંચીને ઘણો રાજી થએલો. ઑગસ્ટ ૧૯૭૬ના ‘કુમાર’ની દસ નકલોનું વેચાણ વધ્યું એ પરથી બચુભાઇએ ‘કુમાર’નું સર્ક્યુલેશન વધ્યું એવું કદાચ માન્યું હશે, પણ એ કૉપીઓ આદમે ખરીદેલી.

પણ મજ્મતની વાત તો બીજી બની ગઈ. આદમની જમાતવાળાને આ લેખ વાંચ્યા પછી જાણ થઈ કે પોતાની વચ્ચે, ખુદા બનવામાં એક વેઢો ટૂંકો પડ્યો છે એવો ઓલિયા જેવો માણસ રહે છે એની આપણને ખબર નથી! ને એના પ્રાયશ્ચિત્ત રૂપે એ લોકોએ શેખાદમનું સન્માન કર્યું.

પેટલીકર પરનો લેખ છાપતી વખતે બચુભાઇને ઘડીભર મનમાં એવી દહેશત લાગેલી કે પેટલીકરનું ‘મૅનરીઝમ’ ‘એ રીતે’ વાંચીને તે નારાજ થઈ જશે. પણ મને લાગે છે કે પેટલીકરને બચુભાઈ કરતાં મેં વધારે ઓળખ્યા છે. મારું લાગવાનું તો બાજુએ રહ્યું, તેમના ષષ્ટિપૂર્તિ ગ્રંથમાં એ લેખ પણ તેમણે છાપવા દીધો—એ રીતે.

ડૉ. મધુસૂદન પારેખ-‘પ્રિયદર્શી’ શરમાળ માણસ છે. જો કે તેમની શરમાળ આંખમાં છુપાએલો રાજીપો હું વાંચી શક્યો છું.

અને ‘સંદેશ’વાળા ચીમનભાઈ પટેલની સામે બેસીને તેમના પરના લેખવાળું કુમાર’ તેમને વાંચવા આપેલું. લેખ વાંચતી વખતે એક હાથે તે કાચના ગોળાનું પેપરવેઈટ રમાડતા હતા. મને મનમાં થડકો હતો કે લેખ વાંચીને પેપરવેઈટનો મારા માથા પર ઘા કરશે એટલે સલામતીની ભાવનાથી પેપરવેઈટનો ‘કૅચ કરવાની પોઝિશનમાં હું બેઠેલો. લેખ પૂરો કરી ‘કુમાર’ બાજુ પર મૂકી ચીમનભાઇએ મને પૂછ્યું: ‘બીજા શા ખબર છે?’ હું તો વિચારમાં જ પડી ગયો. તેમના ચહેરા પર કોઈ પ્રતિભાવ જ જોવા ના મળે. મેં તેમને પૂછ્યું: ‘આ લેખ વિષે—.’

‘યુ આર વેરી ઑનેસ્ટ ઈન યૉર રાઇટિંગ...અને બધું આપણને ગમતું જ લખાય એવો આગ્રહ પણ ના રખાયને?’ ચીમનભાઈની ખેલદિલીથી હું રાજી થયો. (જો કે રાધેશ્યામ શર્માએ એ વખતે મને ખાનગીમાં કહેલું કે તમારી જગ્યાએ મેં આવો કડક લેખ લખ્યો હોત તો ચીમનભાઈએ મને ‘સંદેશ’નો ઝાંપો જ બતાવી દીધો હોત.)

નિરંજન ભગતે લેખ વાંચીને કહેલું કે ‘તમે લખી છે એ ‘બસ્ટાર્ડ’ ગાળ હું નથી બોલતો, પણ હવે તો ખાસ બોલીશ...તમે મને આબેહૂબ ચીતર્યો છે.’

લાભશંકર ઠાકર પરનો લેખ છાપવા અગાઉ બચુભાઇએ મને ચેતવેલો: ‘લાભશંકર નોટિસ મોકલશે, હોં!’

‘તમે એની ચિંતા ના કરો, એ બધું મારા પર છોડી દો...’ મેં કહ્યું લેખ પ્રકટ થયો તેની પછીના અઠવાડિયા સુધી બચુભાઈ ટપાલમાં લાભશંકરની નોટિસની રાહ જ જોતા’તા. પણ લાભશંકરે તેમને નિરાશ કર્યા. લાભશંકર સાચા અર્થમાં શંકર નીકળ્યા. હળાહળ પચાવી ગયા, હસતા હસતા. એમની ઝિંદાદિલીથી હું મ્હાત થઈ ગયો. ગયા ઑક્ટોબરમાં મેં કહ્યું કે ‘મારી આ શ્રેણી વિષે તમારે કશું કહેવું—લખવું હોય તો આપણે છાપીશું, ચોક્કસ લખશો. મને ગમશે.’ જવાબમાં તા. ૧૫–૧૦-૭૮ના રોજ એમણે મને એક પત્ર મોકલ્યો જે અહીં આપું છું.

“પ્રિય વિનોદ, તમારી સૂચના પ્રમાણે, લખ્યું છે. પેલા લખાણ ઉપરના પૅરૅબલ રૂપે! એને યથાવત્ છાપશો, ટૂંકાવ્યા વગર. લખાણના મથાળાનું મહત્ત્વ નથી. એ ન છાપો તો ચાલે.

એક ઐતિહાસિક અહેવાલ

કાંકરિયા તળાવમાંથી દુર્ગંધ આવે છે—પારાવાર. તે વિષે સંશોધનકાર્ય કરતા એક તદ્વિદ્ નીચેના તારતમ્ય પર આવેલા છે:

વિનોદ ભટ્ટ નામના એક લેખક, શેખાદમ આબુવાલા નામના એક લેખક (સંભવત: આબુના કોઈ મલ્લ) અને જર્મનીના કોઈ પ્રકાશક

એક ચાંદની રાતે કાંકરિયામાં નૌકાવિહાર કરતા હતા. વિનોદ ભટ્ટ એમના લેખોનો થોકડો લઇને ખોળામાં વાત્સલ્યભાવથી બેઠા હતા. તેઓ લેખની એક એક લીટી મુદ્રણદોષો સાથે વાંચતા હતા. શ્રી આબુવાલા એનો જર્મન ભાષામાં અનુવાદ કરતા હતા અને જર્મન પ્રકાશકને સંભળાવતા હતા. શ્રી આબુવાલા જે ક્ષણે જર્મન ભાષામાં અનુવાદ (પ્રત્યેક શબ્દ બે કે ત્રણ વખત) બોલતા હોય તે ક્ષણે શ્રી વિનોદ ભટ્ટ જલેબીનો એકએક કકડો જર્મન પ્રકાશકના મોંમાં મૂકતા હતા. અચાનક પ્રચંડ વાવાઝોડું આવ્યું; અને વિનોદ ભટ્ટના ખોળામાંથી સર્વ કટિંગ્સ ઊડીને કાંકરિયા તળાવમાં તરવા લાગ્યાં.. વિનોદ ભટ્ટે જર્મન પ્રકાશક તરફ લંબાવેલો જલેબીનો કકડો મૂંઝાઈ જઇને પોતાના મોંમાં મૂકી દીધો અને હીબકાને દબાવવા આંગળીઓ ચાટવા માંડયા. ભીની આંખે એમણે કાંઠા તરફ જોયું તો ચમકયા. કાંઠા ઉપર અતિશય વિશાળ કદનાં 'કેરિકેચર્સ' ચાંદનીના પ્રકાશમાં સહર્ષ કૂદતાં હતાં અને ફૂંકો મારતાં હતાં. એમની ફૂંકોથી આ વાવાઝોડું સર્જાયું હતું. કોણ છે આ બધા? આંસુની ચાસણીનું આવરણ લૂછીને જોયું તો હતા—શાંતિલાલ, નીરુભાઈ, રાધેશ્યામ, રઘુવીર, લાભશંકર... એક લાંબી કતાર.

ભયભીત વિનોદ ભટ્ટ બેઉ મિત્રો સાથે સામે કાંઠે પહોંચ્યા તો એક અશ્વની ક્ષુદ્ર હણહણાટી સંભળાઈ. ત્રણે જણ અશ્વ ઉપર સવાર થયા. અશ્વ અર્ધો બેસી ગયો અને ઠચુક ઠચુક 'સ્પોટ રનિંગ' કરવા લાગ્યો. 'કુમાર! ઊભો થા, દોડ, પવનવેગે!' વિનોદના ભયભીત છતાં પ્રેરક શબ્દો સંભળાતાં અશ્વ કુદરતી હાજતનો વેગ રોકી શક્યો નહિ. બધું સરકવા લાગ્યું સરોવરમાં છાપાનાં કટિંગ્સ ભણી નિઃસહાય 'વિનોદની નજરે'.

કાંકરિયાનાં પાણી ગંધાઈ ઊઠયાં છે ત્યારથી,
આ ઉપરની ઘટના બની છે જ્યારથી.

—લાભશંકર ઠાકર (તા. ૧૫-૧૦-૭૮)"

ઠાકોરભાઈ ઠાકોર પર લેખ લખવા છતાં હજુ ય મારી પત્ની તેમની શાળામાં શિક્ષિકા તરીકે કામ કરે છે એ જ એમનો પ્રતિભાવ.

આ શ્રેણીમાં કોઈ વધુમાં વધુ ગુસ્સે થયું હોય તો એ 'ગુજરાત સમાચાર'ના માલિક શાંતિલાલ શાહ. લેખ વાંચીને તેમણે બચુભાઇને ફોન પર કહેલું કે 'હું પણ ધારું તો તમારા વિષે 'ગુજરાત સમાચાર'માં લખાવી શકું.' મેં એમને ફોન કર્યો તો મારા પર પણ ખિજાઈ ગયા. 'તમે તો મારી પત્તર ફાડી નાખી' એવું ય બોલ્યા. મેં તેમને શાંતિથી સમજાવ્યા કે તમે માનો છો એવું નથી, શાંતિભાઈ. "બિટવીન ધ લાઈન્સ" વાંચશો તો તમને જણાશે કે મેં તમારી કેટલી પ્રશંસા કરી છે!'

'તો એમ કરો, અહીં આવીને મને સમજાવો કે સારું શું લખ્યું છે.' તે બોલ્યા. તેમને મળ્યો. લેખ ફરીથી વાંચી સંભળાવ્યો ત્યારે ખુશ થઈ જતાં તેમણે મને કહ્યું : 'તમે તો ચાર, બિલકુલ સાચું લખ્યું છે, હોં!' પણ આજની ઘડી સુધી તે નક્કી નથી કરી શકયા કે લેખમાં પ્રશંસા કરી છે કે ઘસાતું લખ્યુ છે!—ને જે મળે તેને લેખ બતાવીને પૂછે છે : 'જુઓને ભાઈ, પેલા ગુડગુડિયાએ આમાં શું બાફ્યું છે!'

આ લેખમાળાને કારણે મારા કેટલાક ભ્રમનું નિરસન થઈ ગયું. જયંતી પટેલ–રંગલો–હાસ્યરસનો જાણકાર માણસ છે. એ તે કંઈ મન પર લેતો હશે?–એવી છાપ હું ધરાવતો હતો. પણ પોતાના લેખ વિષેનો પ્રતિભાવ જયંતીએ આવો આપ્યો : 'તું તારું જ્ઞાન વધાર. "ન્યૂ યૉર્કર"-માં આવતાં પ્રોફાઈલ્સ વાંચતો જા, તારી બુદ્ધિ વધશે.' વગેરે.

તો વેણીભાઈ પુરોહિતે લખ્યું : 'તમે તો મને પ્રેમના ખોબલે ખોબલે નવડાવી નાખ્યો ભઈલા!' ને પછી એક પ્રસંગ ટાંક્યો : 'એક બપોરે તે ઘેર જમવા જવા માટે બસ-સ્ટૉપ પર લાઈનમાં ઊભા હતા. ત્યાં તેમની પાસે એક કાર આવીને ઊભી રહી. કારનો આગળનો દરવાજો ખોલીને કાર-ચાલકે કહ્યું : 'આવી જાઓ વેણીભાઈ.'

'પણ હું તમને નથી ઓળખતો, ભાઈ...'

'તમે ભલે નથી ઓળખતા; પણ હું તમને ઓળખું છું. વિનોદ ભટ્ટે 'કુમાર"માં તમારો પરિચય કરાવ્યો છે.'—ને એ ડૉકટર વેણીભાઇને પોતાને ત્યાં પરાણે જમવા તેડી ગયા.'

પુષ્કર ચંદરવાકરનું ચિત્ર વાંચીને ઘણા મિત્રોએ કહેલું કે તે ચોક્કસ નાખુશ થઈ જશે. પણ ના થયા. પોતાની ખુશી વ્યક્ત કરતો પત્ર લખ્યો.

હિંમતલાલ કપાસીને આમ તો કશું ખાસ સ્પર્શતું નથી. પણ પોતાનો લેખ વાંચીને વિનોદ જાનીના નાના ભાઈ સનતને તેમણે કહ્યું : 'આ લેખ લખીને વિનોદે મને પચ્ચીસ વર્ષ નાનો બનાવી દીધો છે—જુવાન બનાવ્યો છે.'

વિનોદ જાની તો મારો પડછાયો છે એટલે તેને માઠું લાગવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો.

મનમાં હતું કે ચન્દ્રકાન્ત બક્ષી ટેવ મુજબ બાંયો ચડાવશે અને બે-પાંચ બરમૈયા ગાળો આપશે. પરંતુ મારા વા'લાએ બાગબાગ થઇને લખ્યું.: 'તમે ચાર, બડા પ્યારથી લખ્યુ છે. મને મઝા પડી. તમારી પાસે ભયાનક X-Ray દષ્ટિ છે, પણ જાતજાતના લેન્સ ફેરવતા રહેવાની કલાકારની આંખો પણ છે. મારા તરફથી મુબારકબાદી કહું?' એટલું જ નહિ, મુંબાઈ કલ્યાણ ખાતે સાહિત્ય પરિષદમાં મળ્યા ત્યારે દિલથી ગળે લગાડયો. ઘેર જમવા નિમંત્ર્યો. બક્ષીની આ અદા જોરદાર લાગી.

અંક આપ્યાના બીજા દિવસે સવારમાં જ રાધેશ્યામ શર્માએ પોતાના પુત્ર દ્વારા પાંચ લીટીનો પત્ર પહોંચાડયો : 'પ્રિય ભાઈ, બકાના ભાઈના સૌ! તમે મારી પાકી ફિલમ ઉતારી આપી! ધન્યવાદ. આભારી છું.'

રંગીલા આબિદ સુરતીએ જણાવ્યું કે 'મારા વિષે તું એટલું બધું જાણે છે, પણ મારા પર તેં રહેમ કરી છે, એવું શાંતિલાલ પરનો લેખ વાંચ્યા પછી લાગ્યું. તેં જે છુપાવ્યું છે એ બધું ભવિષ્યમાં લખી કાઢજે. માસૂમા તો પોતાની પર્સમાં આ લેખ લઈને ફર્યા કરે છે ને જે મળે તેને બતાવે છે, જુઓ, મારા ઢબ્બુજી પર ભટ્ટજીએ લેખ કર્યો છે.'

લેખ વાંચ્યા પછી બે દિવસ સુધી રઘુવીર ચૌધરીએ જવાબ નો'તો આપ્યો. પછી ફોન પર કહેલું : 'બરાબર છે. ઠીક લખાયો છે. પણ પુસ્તક કરો ત્યારે ચિનુના નામનો ઉલ્લેખ કાઢી નાખજો.'

પણ નીરુભાઈ સારી પેઠે ખીજવાઈ ગએલા. તેમનાથી ય વધારે તો તેમના મિત્રો ચિડાએલા. એ લોકોએ 'કુમાર'માં પત્રો પણ લખેલા. પછી શિવ પંડયાની શોકસભામાં નીરુભાઈ મળ્યા ત્યારે મારા ખભે હાથ મૂકીને બોલ્યા : 'મારા મનમાં તમારા માટે કોઈ જ દુર્ભાવ નથી. ફરગેટ ઈટ.' ને મારા મનમાં કયારે ય કશું નથી હોતું એ નીરુભાઈ જાણે છે. હમણાં માર્ચની બીજી તારીખે તેમના પુત્ર ફાલ્ગુનના લગ્નમાં પ્રેમથી આઈસ્ક્રીમ પણ ખાધો. નીરુભાઈના લેખમાં 'તે દરિયાવ દિલ છે' એટલું ઉમેરવાનું રહે છે.

અંક મળ્યો એટલે આદિલ મન્સૂરીએ મને મજાકિયા લહેજામાં ફોન કર્યો : 'કુમાર'માંની બધી જ ચોરીઓ તમે મારા પર ચડાવી દીધી? થોડીક બીજાના નામે ચડાવવી'તીને! તમે લખ્યું છે કે હું માત્ર પાંચ અંગ્રેજી જ ભણ્યો છું; પણ પાંચ નહિ, હું સાત અંગ્રેજી ભણ્યો છું, હોં! બે સ્ટાન્ડર્ડ તમે ગુપચાવી દીધાં. જો કે મારા પર કોઈ સરકારી ઑફિસ-માંથી ફૉર્મ આવે એમાં કવૉલિફિકેશનનું ખાનું આવે છે ત્યારે ઍજ્યુકેશન સામે હું 'નિલ' લખું છું.'

અશોક હર્ષનો પ્રતિભાવ એટલો જ હતો કે તમે મને બચાવી લીધો છે; નીરુ જેવું કડક નથી લખ્યું. જો કે તમે જે કંઈ મારા ને નીરુ માટે લખ્યું છે એ બધું સાચું જ છે.

ઉમાશંકરને અંકની સાથે પત્ર લખેલો. પત્રનો ઉત્તર આપીને પોતાની મથરાવટી મેલી કરવા તે નહિ ઈચ્છતા હોય, પણ કોઈ કાર્યક્રમમાં મળ્યા

લઘુકથા

માનસી

મૂળ લેખક: વનફુલ
અનુવાદક: સુકન્યા ઝવેરી

તે દિવસે તેની રાહ જોતો મારા પહેલે માળના નિર્જન ઓરડામાં બેઠો હતો. બારીમાંથી દેખાતું હતું કે એક નાની વાદળી પણ સ્થિર બની રાહ જોતી હતી. ઘરના ખૂણામાં ફૂલદાનીમાં પણ રાહ જોતાં હતાં એક ગુચ્છો લાલ ગુલાબ. માનસીને ગુલાબ ગમે છે. હું દરિદ્ર, તોપણ એને માટે ગુલાબ ખરીદી લાવ્યો હતો. હું જાણું છું જો હું એને મેળવી શકું ...ના, એ અસંભવિત સ્વપ્ન ક્યારેય સફળ થશે એની તો હું કલ્પના પણ કરી શકતો નથી. તોપણ એની રાહ જોઉં છું.

દાદરમાં પગરવ સંભળાયો: ખટ ખટ અવાજ જાણે મારી સમસ્ત આશા ડગ દેતી આવતી હતી એમ લાગ્યું. એવી રીતે અવાજ કરી માનસી આવતી નહિ. તેનું આવવું આવિર્ભાવ જેવું. અચાનક એ બારણામાં આવી ઊભી રહે—નિઃશબ્દ. ઝુલ્ફાં અને મૂછવાળો એક માણસ થોડી વારમાં આવ્યો: 'દિદિ આવી નહિ શકે; આ પત્ર મોકલ્યો છે.' એમ કહી એક કવર આપી એ ચાલ્યો ગયો. ઉત્તર માટે ઊભો પણ ન રહ્યો. પત્ર વાંચી જોયું કે જવાબ દેવા જેવું કશું જ નહોતું.

માનસીએ લખ્યું હતું: ક્ષમા કરજો, વચન આપ્યા છતાં પણ હું આવી શકતી નથી. અચાનક મને લાગ્યું કે લગ્ન એક સામાજિક પ્રસંગ છે. સમાજને, પરિવારને અવગણી, માબાપનાં મનને કષ્ટ આપી જો લગ્ન કરું તો એ લગ્ન સુખી નહિ નીવડે. લગ્ન ન કરીએ તોપણ પ્રેમ અમ્લાન જ રહેશે એ વિશ્વાસ છે. એટલે જ તમારા જીવનમાંથી મારી સામાજિક સત્તાને સેરવી લઉં છું. એક લૉટરીની ટિકિટ લીધી હતી. આ સાથે તે મોકલું છું આજે ખબર મળ્યા છે કે તેને પહેલું ઈનામ મળ્યું છે. એક લાખ પચીસહજાર રૂપિયા મળશે. વખતે ક્યારેક મળીશું. વખતે ન પણ મળીએ. ગુસ્સો નહિ કરતા. માનસી ન આવી.

દસ વર્ષ પછી. એક લાખ પચીસ હજાર રૂપિયા આજે ઘણા લાખમાં ફેરવાઈ ગયા છે. શહેરના ઉચ્ચ લત્તામાં વિશાળ બંગલામાં હું હાલમાં રહું છું. ચાર મોટર છે. બે ઑફિસ છે. અનેક નોકર-ચાકર છે. બંગલામાં પ્રત્યેક માળે ટેલિફોન છે.

તે દિવસે મારી પત્નીના આત્મીય એક દલાલ સાથે હું જરૂરી વ્યવસાય વિષે વાતચીત કરતો હતો. વ્યવસાયમાં કેટલાક લાખ રૂપિયાનો લાભ થવાની સંભાવના હતી. મારી પત્ની પણ સામે બેસીને એના સંબંધીને માટે ચા બનાવતી હતી. એવામાં ટેલિફોન બજી ઊઠ્યો.

નીચેને મજલેથી મારા પ્રાઇવેટ સેક્રેટરી મિ. ચક્રવર્તી બોલ્યા: 'માનસીદેવી નામે એક વિધવા સ્ત્રી ત્રણ નાનાં છોકરાંઓને લઇને મળવા આવ્યાં છે. આપને મળવા માગે છે.' મેં કહ્યું: 'હમણાં હું કામમાં છું. મળી નહિ શકું.'

દલાલ સાથે વાતો ચાલતી રહી. એ પછી અચાનક જાણે કોઇએ મારી પીઠ પર ચાબુક માર્યો. હું વાતચીત અર્ધી મૂકી ઉતાવળે નીચે આવ્યો. જોયું, માનસી નહોતી; ચાલી ગઈ હતી. □

ત્યારે તેમણે જ કહ્યું: 'તમારો પત્ર મળી ગએલો. હું તો મૃત્યુ પામેલી વ્યક્તિઓ વિષે જ લખું છું એટલે એ લોકોનો પ્રતિભાવ જાણી શકાતો નથી એટલે મેં મારો પ્રતિભાવ તમને જણાવ્યો નથી.' તેમનો પ્રતિભાવ પૉઝિટિવ હશે એમ માનું છું. નેગેટિવ હોત તો તરત જ જાણી શકાયો હોત,—તે જણાવ્યા વગર રહી શકત જ નહિ.

ચં. ચી. મહેતાએ લખી જણાવ્યું: 'આજે હમણાં 'કુમાર'નો અંક મળ્યો—તા. ૨૧મી સપ્ટેમ્બરે. આભાર. લખાણ મને તો ગમ્યું. ધારવા જેટલું કડક કે કટુ તો નથી જ. સૌ વાતમાં સૌથી વધારે વાત ગમી તે છેલ્લી અને તે સત્ય હકીકત છે. રોજ મૃત્યુને કહું છું, ચાર-પાંચ દિવસ પહેલાં મહેતલ—ઍપૉઈન્ટમેન્ટ આપીને આવજે. અને મને શ્રદ્ધા છે કે એની મને જાણ થશે જ—આ દાયકામાં નહિ આવતે દાયકે.'

તારક મહેતા સાચો હાસ્યકાર છે. પોતાના પરની ગમ્મત તેમને હસાવી શકે છે. તે બિલકુલ મુક્ત આત્મા છે.

પ્રવીણ જોષી તો લડ હતો. તેના પરનો લેખ સાંભળીને ખડખડાટ હસતો અત્યારે ય હું જોઈ શકું છું.

કવિ માધવ રામાનુજે કહ્યું કે ઝીણાભાઈ દેસાઈ-સ્નેહરશ્મિ-નો લેખ મારે તેમની શાળા સી. એન. વિદ્યાવિહારમાં પ્રાર્થનામાં વાંચવો. વાંચ્યો—ઝીણાભાઇની હાજરીમાં વાંચ્યો. એ વખતે બધાની સાથે તે પણ મોટેથી હસ્યા, પછી ગંભીર થઈ ગયા. આર. એચ. કાપડિયાની ષષ્ટિપૂર્તિ વખતે મળ્યા ત્યારે બોલ્યા: 'મારા પરનો લેખ તમે પુસ્તકમાં ના લેશો.' 'કેમ?' મેં પૂછ્યું.

'એમાં તમે લખ્યું છે કે મેં મારા ડ્રાઈવરને પણ સાહિત્ય પરિષદનો સભ્ય બનાવેલો એ વાતને કોઈક ગંભીર માની બેસે.'

'સાહેબ, આ લેખમાળાને કોઈ જ ગંભીરતાથી લેતું નથી. એટલે તમે એ બાબત ફિકર ના કરશો.'

'બીજી વાત તમે એ લખી છે કે હું માનું છું કે આખા ય ભારતમાં એક જ પાઠ્ય પુસ્તક હોવું જોઇએ; ઊલટું મેં તો એનો વિરોધ કર્યો છે એટલે ગેરસમજ ના ફેલાય એ માટે એટલો ભાગ સુધારી લેશો.'

'હવે એ શક્ય નથી; કેમ કે પુસ્તક છપાઈ ગયું છે. તમે પહેલાં કહ્યું હોત તો લેખની સાથે જ ફૂટનોટમાં એટલો ભાગ ઉમેરી દેત. બીજી આવૃત્તિ થશે તો તમારું સૂચન ધ્યાનમાં રાખીશ.' મેં જણાવ્યું.

શિવકુમાર જોશી નારાજ થયા હોય એવું તમના પત્ર પરથી તો નથી જણાતું. હા, ટેવ મુજબ તેમણે કેટલાક ખુલાસા કર્યા છે ખરા!. દા. ત. તે તેમના સુપુત્ર રુચિરના પી. આર. ઓ. છે એવું લોકો માને છે એમ મેં તેમના પરના લેખમાં લખેલું. એના અનુસંધાને તેમણે જણાવ્યું છે કે 'રુચિરનો પી. આર. ઓ. હું છું, ને એની મને શરમ નથી. મને ખબર છે કે સીદીભાઈનો સીદકાં વહાલાં એ કોટિમાં બેસે એવો મારો વર્તાવ નથી. એને હું ભગવાનના દક્ષિણ કરનું દાન ગણું છું. (ઇંદિરા સંજય માટે, મોરારકાકા કાન્તિ માટે સેવે છે એવા અપત્ય સ્નેહની આ વાત નથી) એ એક બૉર્ન આર્ટિસ્ટ છે, તમે ક્યારેક એની કવિતા કે વાર્તા વાંચો તો તમને પણ એની એ ક્ષેત્રની સૂઝ માટે માન થાય. હી ઈઝ મચ એબવ મી—બોથ ઈન લિટરેચર ઍન્ડ પેઇન્ટિંગ. એક કલાકારની બીજો કલાપ્રેમી કદર કરે એથી વિશેષ પી. આર. ઓ.પણું હું નથી કરતો...' વગેરે.

પણ વસુબહેન પરનો લેખ તો તેમને સામે બેસાડીને, તેમની અરધો ડઝન સખીઓની વચ્ચે બેસીને વાંચેલો. લેખ પર દોઢ કલાક સુધી થએલ ટીકા ટિપ્પણો ને મજાક-મશ્કરીઓમાં એક સરસ હાસ્ય-નવલકથાનું 'થીમ' છે એટલે એ ચર્ચા અહીં નથી કરતો; પરંતુ તા. ૩-૩-'૭૯-નો વસુબહેનનો પત્ર અહીં ઉતારું છું:

'પ્રિય વિનોદ,

વિનોદના કેલાઇડોસ્કોપમાં મેં મારું કાર્ટૂન જોયું. ભેદભરમભર્યા સસ્પેન્સ પિક્ચરનો અંત કોઈ અધીરિયો ઉતાવળિયો અગાઉથી કહી દે તેમ મારા અંગેની બધી ગપસપનો અંત આણી દઈ કેટલાયની મજા તેં બગાડી નાખી! બધી દંતકથાઓ દફનાવી દીધી! જનાર્દનના રેખાંકનને

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૬ પર)

શેઠ સી. એન. કૉલેજ ઑવ ફાઇન આર્ટ્સ-ના વિદ્યાર્થીઓનાં ગ્રાફિક-ચિત્રોનું પ્રદર્શન

અમદાવાદની શેઠ ચી. ન. કૉલેજ ઑવ ફાઈન આર્ટ્સના કલાશિક્ષણનો ઉમદા ફાલ રાજ્યકક્ષાનાં અને અન્ય કલાપ્રદર્શનોમાં હવે અવારનવાર જોવા મળે છે. અહીંના અમુક વિદ્યાર્થીઓએ તો કલાક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ પણ ગણનાપાત્ર સિદ્ધિ દાખવી છે. આ ફાઈન આર્ટ્સ કૉલેજની સ્થાપના અગાઉ પણ ગુજરાતના જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખ પાસે અહીં અનેક વિદ્યાર્થીઓએ કલાની તાલીમ લઇને નામના મેળવી છે. ઈ. ૧૯૫૦માં શેઠ ચી. ન. વિદ્યાવિહારે કલાના વધુ અભ્યાસ માટે વ્યાસંગ-(હૉબી) વર્ગો શરૂ કરેલા. ૧૯૫૨માં કલાશિક્ષકો માટેની તાલીમ અને પેઇન્ટિંગના વર્ગો, તે પછી ડી. એમ. અને એ. એમ.ની પરીક્ષાઓ અને '૬૨થી 'કૉમર્શિયલ આર્ટ'નો અભ્યાસક્રમ પણ અહીં શરૂ થયો. ૧૯૬૦માં આ કલામહાવિદ્યાલયના નવા મકાનનું ખાતમુહૂર્ત થયું. આજે અહીં પેઇન્ટિંગ, ઍપ્લાઈડ આર્ટ, શિલ્પ, આર્ટ ટીચર્સ ડિપ્લોમા વગેરેના પૂર્ણ અભ્યાસક્રમો ઉપરાંત કલા-વ્યાસંગીઓ માટે શિલ્પ, સેરામિક્સ અને પેઇન્ટિંગના હૉબી ક્લાસ પણ ચાલે છે.

કલાશિક્ષણના નવા નવા અભ્યાસક્રમો આમ અહીં અમલી બનતાં કલાની વિવિધ શાખાઓના વિકાસની જે સવલતો વધી તેમાં મુદ્રણક્ષમ કલા—ગ્રાફિક આર્ટની ખાસ તાલીમનો પણ સમાવેશ થાય છે. ઍચિંગ, વૂડકટ, લિનોકટ, લિથોગ્રાફી, સિલ્ક સ્ક્રીન પ્રિન્ટિંગ વગેરે વિવિધ માધ્યમોવાળી આ મુદ્રણક્ષમ કળા હવે આપણે ત્યાં અપરિચિત નથી રહી. આપણા અનેક કલાકારોએ એમાં આગવી સિદ્ધિ દાખવી છે. આ કૉલેજના વિદ્યાર્થીઓ પણ તેમાં જે પ્રગતિ કરી રહ્યા છે તેનો ખયાલ આપતું એક પ્રદર્શન તાજેતરમાં અમદાવાદમાં યોજાયું હતું. અહીં તથા આ અંકમાં અન્યત્ર તેમાંની કેટલીક કૃતિઓ આપી છે. વિવિધ કક્ષાના વિદ્યાર્થીઓની જ આ કૃતિઓ હોઈ તેમાં કદાચ પીઢ કલાકારની સિદ્ધહસ્તતા જોવા ન મળે, પણ વિવિધ વિષયો પ્રત્યેનો તેમનો અભિગમ, માધ્યમ પરનો કાબૂ અને રજૂઆતનું કૌશલ એમની ભાવિ ક્ષમતાનો નિર્દેશ તો આપે છે જ. □

એક નિષ્ઠાવાન ચિત્રશિક્ષક

ગાંધીજીએ પ્રસારેલા રાષ્ટ્રીય શિક્ષણના નવા વિચારમાં ચિત્ર-સંગીતાદિ લલિત કળાઓને જે મહત્ત્વ અપાયું હતું તેને સ્વીકારીને જે નવી રાષ્ટ્રીય શાળાઓ દેશમાં સ્થપાઈ હતી તેમાં કરાચીના 'શારદા મંદિર'નું અનોખું સ્થાન હતું. સ્વ. શ્રી મનસુખરામભાઈ જોબનપુત્રાએ 'ભારત સરસ્વતી મંદિર' સંસ્થા સ્થાપીને તેનું નિર્માણ કરેલું અને દેશના વિભાજન પછી સર્વાંગી કેળવણી અંગે પોતે સેવેલાં સ્વપ્નોને વધુ વિકસિત રૂપ આપી દક્ષિણ સૌરાષ્ટ્રમાં 'શારદાગ્રામ' રૂપે તેનું નવનિર્માણ કર્યું. આ અનોખી શિક્ષણસંસ્થા માટે આરંભથી જ એમણે કરાચીમાં ચુનંદા શિક્ષકો એકઠા કરેલા. તેમાં ચિત્રકલાના શિક્ષક શ્રી જગજીવનભાઈ માવદીઆનું સંસ્થામાં અને વિદ્યાર્થીઓમાં અનોખું સ્થાન હતું.




△ મથાળે: ગામની શેરી (એચિંગ : વિલ્સન સોલંકી)

નીચે : મોર (વૂડકટ : જગદીશ સોની) મોરની દેહાકૃતિ પરથી રચેલા આકારોની કલામય રમત



સંસ્થાની અનેકવિધ સંસ્કારપ્રવૃત્તિઓમાં એક યા બીજી રીતે એમના કલાપ્રદાનથી સદા અનેરો ઓપ મળતો રહેતો.

શિક્ષક બનવા માટે વિવિધ ઉપાધિઓ જરૂરી હોવાનો જમાનો હજી શરૂ નહોતો થયો ત્યારે યુવાન વયે એમણે માત્ર પોતાની કલાશક્તિના બળે ચિત્રશિક્ષણનું કાર્ય અપનાવ્યું અને પૂર્ણ નિષ્ઠાપૂર્વક



ઉપર : શરબતવાળો (વૂડકટ : ભરત મેવાડા)
નીચે : યુગલ (વૂડકટ : રણવીર ચૌહાણ)



આજીવન એને નિભાવ્યું. ચિત્રકામ ઉપરાંત કલાકૌશલનાં બીજાં અનેક સ્વરૂપોમાં પણ એમને ઊંડો પ્રવેશ હતો અને શારદા મંદિરમાં ઠેર ઠેર એની પ્રતીતિ જોવા મળતી. સંસ્થાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, શિક્ષણ-પ્રદર્શનો કે ઉત્સવોમાં પણ એમની કલાસૂઝ પ્રકટ થઈ મહેકતી. સંગીતનું એમનું જ્ઞાન એમની શક્તિમાં એક સુરીલું ઉમેરણ બની રહેતું. મૅલેરિયામાં ક્વીનાઈનના કારણે બધિરતા આવી ગઈ ત્યાં સુધી તેઓ સંગીતના વર્ગો પણ લેતા. સ્વ. વિષ્ણુ દિગંબરના શિષ્ય પં. લક્ષ્મણરાવ બોડસ પાસે એમણે સંગીતની તાલીમ લીધેલી અને પં. નારાયણરાવ વ્યાસ, વિનાયકરાવ પટવર્ધન કે મુબારકઅલીખાં જેવા તે સમયના ખ્યાતનામ ગાયકોને સાથ આપવા જેટલું કૌશલ એમણે હાર્મોનિયમ પર મેળવેલું. 'સંગીત પ્રવેશિકા' નામે એક પાઠ્યપોથી પણ તૈયાર કરેલી અને શારદામંદિરમાં વિધવિધ પ્રસંગોએ ગવાતાં અનેક ગીતોની મધુરસ્વરરચનાઓ એમણે કરેલી. શોખને ખાતર એમણે લખેલા થોડા હાસ્યલેખોમાં ને એમની સાથેના વાર્તાલાપોમાં કોઈ પણ બાબતને રમૂજી વળાંક આપવાની એમની આગવી શક્તિનાં દર્શન થતાં. પ્રવાસ-પર્યટનોના પણ એ રસિયા. એનું આયોજન પણ એ બહુ ચોકસાઈપૂર્વક કરે. ફોટોગ્રાફીના પણ અચ્છા જાણકાર એટલે પ્રવાસોમાં એ કાર્ય તો ચાલે જ, પણ એ ઉપરાંત આવે પ્રસંગે સાથેના વિદ્યાર્થીઓને પોતે જાતે બનાવેલાં બટાટાવડાં ખવડાવવામાં તેઓ અજબ આનંદ અનુભવતા. પોતાના વિદ્યાર્થીઓ પ્રતિ એમને અત્યંત વાત્સલ્ય રહેતું. ચિત્રવર્ગના નિયમિત તાસ ઉપરાંત શાળાના સમય પહેલાં ને પછી તથા રજાઓમાં પણ એમનું ચિત્રશિક્ષણ ચાલતું જ રહેતું. તેજસ્વી લાગતા વિદ્યાર્થીઓને સૂર્યોદય પહેલાં વહેલી સવારે દશ્યાલેખનની પ્રત્યક્ષ તાલીમ ને મહાવરા માટે તેઓ હોંશથી લઈ જતા.

શારદામંદિર, શારદાગ્રામ અને છેલ્લે પોરબંદરના આર્ય કન્યા ગુરુકુળમાં એમણે જે સેવાઓ આપી તેમાં સર્વત્ર પોતાની શક્તિ શિષ્યવાત્સલ્ય અને કાર્યનિષ્ઠા વગેરે ગુણો વડે એમણે આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. એમની પાસેથી કલાદીક્ષા પામેલા બહોળા શિષ્યવૃંદમાંથી ઘણાએ કલાક્ષેત્રે સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. એમની વયનું આ ૭૫મું વર્ષ હતું. આવતી શરદપૂર્ણિમાએ એમનું બહુમાન કરવાનું વિચારાઈ રહ્યું હતું, પણ એમની અપેક્ષારહિત કલાસેવાને એ કદાચ નહિ જચ્યું હોય. ગઈ ૧૮મી ફેબ્રુઆરીએ એમના ઓચિંતા અવસાનથી આજે બહુ જ ઓછા જોવા મળતા સેવાનિષ્ઠ અને શિષ્યવત્સલ શિક્ષકોની સંખ્યા વધુ નાની બની છે. —બિ. ટાંક

વિનોદની નજરે (અનુ. પૃ. ૧૧૪થી) તેં સહેજ સરખો ય ઉઝરડો ન પડવા દીધો તે મને ખૂબ ગમ્યું. એકબીજા પ્રત્યે અમારું ધોરણ ખૂબ ઊંચું રહ્યું છે—બંને ઊંચાં છીએ માટે. પ્રસન્નતાને ટકાવીરાખવામાં પુરુષાર્થમાં વિનોદ જ સહાયકરેછે —વસુબેન'

બચુભાઈનું રેખાચિત્ર દોરવાનું બહુ મન હતું. એ માટે તેમને સમજાવ્યા, પણ માન્યા નહિ એક જ દલીલ કરતા રહ્યા : 'કુમાર'-ના તંત્રી તરીકે હોદ્દો ભોગવતો હોઉં ત્યારે તેમાં મારા વિષે કશું છપાય એ સેલ્ફપબ્લિસિટી જેવું લાગે. ભદ્દું લાગે...' તેમનું કહેવું સાચું છે. સાથે મને એવું પણ લાગ્યું કે તેમના પરનો લેખ 'કુમાર' સિવાય અન્યત્ર લખવામાં મને મઝા ના આવે...ખુલાસા માટે જ આટલું લખ્યું છે. □

[આવતે મહિને વિનોદ ભટ્ટ એમનાં પત્નીની નજરે]

પચ્ચીસ વર્ષ પહેલાં

એપ્રિલ ૧૯૫૪-સળંગઅંક ૩૬૪



નાક વિષે



આ તમે જાણતા હતા ?

'આ તમે જાણો છો ?' એવા મથાળા નીચે એ કાળે વિવિધ વિષયો પર મબલખ માહિતી આપતી નાના લેખની એક માળા આવતી. એમાંથી આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો 'નાક' વિષેનો લેખ:

માનવીની મુખાકૃતિને તેમજ તેના વ્યક્તિત્વને શોભાવતું કોઈ અંગ માનવદેહમાં હોય તો તે તેનું નાક છે. નાક વિનાનું માણસ જેટલું બદસૂરત લાગે છે એટલું બીજા કોઈ પણ અંગના અભાવે નથી લાગતું. એટલા માટે તો 'નાક'નો લાક્ષણિક અર્થ સ્વમાનશીલતા કે ઈજ્જત તરીકે ઘટાવવામાં આવે છે, અને માનભંગ કે બેઇજ્જતી સહી લેનારને 'નકટા'ના વર્ગમાં મૂકવામાં આવે છે. જૂના સમયમાં કોઈ પણ વ્યક્તિની વધુમાં વધુ બેઇજ્જતી કરવી હોય તો તેનું માથું સલામત રહેવા દઈને માત્ર નાક વાઢી લેવામાં આવતું, જગતના મહાન ખગોળશાસ્ત્રીઓમાં જેની ગણના થાય છે એ ડેનિશ વિજ્ઞાની ટાઇકો બ્રાહીનું નાક જ એના પ્રતિસ્પર્ધીએ દ્વંદ્વયુદ્ધમાં ઉડાવી દીધેલું. બ્રાહીએ આથી સોનાનું નાક ધારણ કરીને પોતાની મુખાકૃતિની શોભા જાળવી રાખવાનો પ્રયાસ કરેલો.

ઘાટીલું નાક જેમ ચહેરાની શોભા વધારે છે તેમ આ ઘાટહીન નાક તેને કદરૂપ પણ બનાવે છે. ઇતિહાસમાં એવું સૌથી કદરૂપું નાક ફ્રેન્ચ સાહસિક ને સૈનિક તેમ જ નાટ્ય અને કટાક્ષના લેખક સીરાનો દ બર્જેરાક (૧૬૧૯-૫૫)નું નોંધાએલું છે. એના નાકની હાંસી ઉડાવનાર ૧૦૦૦ જણ સાથે એ દ્વંદ્વયુદ્ધમાં ઊતરેલો, જેમાં ૧૨ને તો એણે જાનથી ખત્મ કરી નાખેલા. એડમંડ રોસ્ટાંડે એના પર નાટક લખીને એને અવિસ્મરણીય બનાવેલો છે.

આજે નાટક અને સિનેમાએ મુખસૌન્દર્યનાં જે ધોરણો સ્વીકારેલાં છે તેને અનુરૂપ પોતાનાં નાક બનાવવા નટનટીઓ તે પાછળ પુષ્કળ ખર્ચ કરે છે. એકલા પારી(સ)માં જ રોજ સરેરાશ દસ સ્ત્રીઓ પોતાના નાકનો ઘાટ બદલવા નિષ્ણાતો પાસે ઉપચાર કરાવે છે, જેમાં છ સ્ત્રીઓ તખ્તા કે પરદા પર કામ કરતી નટીઓ હોય છે. નાકનો ઘાટ આપવાની આ કલા પ્રાચીન કાળે આપણા દેશમાં પણ પ્રચલિત હતી. જુદા જુદા ઘાટના નાકના બંધ બેસે એવા અલંકારો આપણા દેશમાં જેટલા શોધાયા એટલા ભાગ્યે જ બીજા કોઈ દેશોમાં શોધાયા હશે. પુરાતત્ત્વવેત્તાઓના જણાવ્યા મુજબ આજથી ૩૦૦૦ વર્ષ પર પણ હિંદમાં નાકને લગતી 'પ્લાસ્ટિક સર્જરી' પ્રચલિત હતી. હિંદુઓની આ શલ્યક્રિયા મધ્યયુગમાં ઈટલીએ અપનાવી. પંદરમી સદીનો ઈટાલિયન સર્જ્યન બ્રૅન્કા એવો પ્રસિદ્ધ શલ્યશાસ્ત્રી હતો. પરંતુ એના પછી એ પરંપરા ચાલુ રાખનાર બીજા શલ્યશાસ્ત્રી ગૅસ્પેરી તાગ્લીઆકૉન્સીને (૧૫૯૪–૯૯) મૃત્યુ પછી કબ્રસ્તાનમાં દાટવા દેવામાં નહોતો આવ્યો, કારણ નાકને ઘાટીલાં બનાવવામાં એની સફળતા સેતાનને આભારી ગણવામાં આવેલી!

પ્રસિદ્ધ ઈટાલિયન કલાકાર લીઓનાર્દો દ વિન્ચીએ મનુષ્યના નાકના કુલ આઠ પ્રકાર ગણાવેલા છે. આપણા વૈદક તેમ જ સામુદ્રિક શાસ્ત્રમાં પણ નાકના આકાર અને લક્ષણભેદ ગણવામાં આવ્યા છે. ઈ. ૧૮૧૯માં લખાએલા ટી. ફૂકના 'મુખલક્ષણશાસ્ત્ર' (Science of Physignomy)માં જણાવ્યા મુજબ નાકની લંબાઈ મસ્તકના ચોથા ભાગ ને ચહેરાના ત્રીજા ભાગ જેટલી હોવી જોઈએ. લેવેટરના જણાવ્યા મુજબ નાકની લંબાઈ કપાળની પહોળાઈ બરાબર હોવી જોઈએ.

સાહિત્ય-જગતમાં અનેક સાહિત્યકારોએ તેમની નાયિકાઓનાં સુંદર નાકનાં વર્ણનો કરેલાં છે, પરંતુ વસ્તુજગતમાં સુંદર નાક પરની એવી ફિદાગીરીનો દાખલો તાજેતરમાં અવસાન પામેલા એક ફ્રેન્ચ દાક્તરનો છે. તે પોતાની પાછળ મોટું ભંડોળ મૂકી ગયો છે, જેમાંથી દર વરસે અમુક રકમ જેનું નાક સૌથી સુંદર સાબિત થાય તેને આપવાનું પોતાના વસિયતનામામાં તે જણાવતો ગયો છે. કોઈ પણ દેશના નાગરિકને આ હરીફાઈમાં ભાગ લેવાની તેણે છૂટ મૂકેલી—એકમાત્ર રશિયન સિવાય. પરંતુ મૅજિસ્ટ્રેટોએ તેનું આ પ્રકારનું વસિયતનામું મંજૂર નથી રાખ્યું.

આધુનિક સમયમાં સૌથી બેડોળ નાક કોઈનું નોંધાએલું હોય તો તે અમેરિકન કરોડપતિ પીઅરપૉઈન્ટ મૉર્ગનનું. એણે પોતાના નાક પર બાઝેલી ભીંગડા જેવી લાલાશ દૂર કરવા મોટી રકમની ઑફર કરેલી, પણ દુનિયાભરના ચામડીના નિષ્ણાતોમાંથી કોઈ તે નિવારી શકેલું નહિ.

બેડોળ નાક શરમને બદલે ક્યારેક ગર્વનો વિષય પણ બની શકે છે. ફિલ્મજગતમાં કામ કરતા જિમી ('સ્નોઝલ') ડુરાંટને તેના બેડોળ નાકને લઇને જ હાસ્યનટની ભૂમિકા સાંપડેલી છે અને એ ભૂમિકા ટકાવી રાખવા પોતાના બેડોળ નાકનો ૫૦,૦૦૦ પૌન્ડનો તો તેણે વીમો ઉતરાવેલો છે!

મુખશોભા તરીકેની નાકની મહત્તા બાજુએ મૂકી વિચારીએ તો શરીરના એક અંગ તરીકેની તેની ઉપયોગિતા તેની ઘ્રાણશક્તિ અથવા સૂંઘવાની શક્તિમાં રહેલી છે. જો કે માણસ કરતાં બીજાં પ્રાણીઓમાં સૂંઘવાની શક્તિ ઘણી વધારે હોય છે. દાખલા તરીકે માણસના નાકના ઉપરના થોડાક ભાગમાં જ સૂંઘવાની શક્તિ ધરાવતા ઘ્રાણકોષો પથરાએલા છે જ્યારે હરણના અડધા જેટલા નાક સુધી એ પથરાએલા છે. વળી માણસજાતમાં પણ વ્યક્તિ દીઠ તેની તીવ્રતામાં ઓછાવત્તો ફેર રહે જ છે. કેટલાકની સૂંઘવાની શક્તિ અત્યંત તીવ્ર હોય છે જ્યારે કેટલાકની સાવ બુઠ્ઠી. બર્લિનમાં ગૅસ સળગી ઊઠીને અકસ્માત ન થાય તેની સાવચેતી ખાતર એક કાળે ખાસ 'ગૅસ સૂંઘી કાઢનારા' રાખવામાં આવતા જેઓ ક્યાંયથી પણ ગૅસ 'લીક' થતો હોય તો તરત પોતાની ગંધશક્તિ વડે શોધી કાઢતા. રોમન કવિ માર્સલે એક કંસારાનો દાખલો ટાંકેલો છે જે એની સામે ધરવામાં આવેલું તાંબુ સૂંઘીને જ કહી આપતો કે તે ગ્રીસની ધરતીનું હતું કે ઈજીપ્તની અથવા તો આફ્રિકાના અન્ય કોઈ ભાગની. રણપ્રદેશમાં મુસાફરી કરતા બદુ લોકો એક વસતિસ્થળથી બીજા વસતિસ્થળનાં અંતર તેમ જ દિશાનું માપ કેવળ પોતાની ઘ્રાણશક્તિના આધારે જ કાઢતા હોય છે.

કેટલાક લોકો સ્વભાવે જ ગંધજડ હોય છે. તેઓ કશી વાસ પારખી શકતા નથી હોતા. કહેવાય છે કે મહાત્મા ગાંધીજીને કશી વાસ જ આવી શકતી ન હતી. ડૉ. ગૅઝમેરી સી. ખઈનલૅન્ડના કહેવા પ્રમાણે માણસજાતમાં ગંધજડતાનું પ્રમાણ રતાંધળાપણા જેટલું જ છે અને એ વારસાગત ઊતરી આવે છે. એવું અનુમાન કરવામાં આવે છે કે સેંકડે બાર માણસો ગંધજડ છે. □


સાહિત્યસંપર્ક

હરીન્દ્ર દવે અને 'હયાતી'

ધીરુ પરીખ

આ વર્ષે જે ગુજરાતી સાહિત્યકૃતિ સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થઈ છે તે કાવ્યસંચય 'હયાતી'ના કવિ હરીન્દ્ર દવેનો જન્મ ૧૯૩૦ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે થયો હતો. ગુજરાતી અને અંગ્રેજી વિષયો સાથે મુંબાઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. થઈ એમણે પત્રકારત્વના ક્ષેત્રે વ્યાવસાયિક કારકિર્દી વિકસાવી. ઈ. સ. ૧૯૫૧થી ૧૯૬૨ સુધી મુંબાઈના દૈનિક 'જનશક્તિ'ના ઉપતંત્રી તરીકે સેવાઓ આપ્યા પછી ૧૯૭૩થી એ જ દૈનિકનું એઓ દૃષ્ટિસંપન્ન તંત્રીપદ સંભાળે છે. વચ્ચે ઈ. ૧૯૬૨થી ૧૯૬૮ સુધી ભારતીય વિદ્યાભવનના પાક્ષિક 'સમર્પણ'નું તંત્રીપદ સંભાળેલું અને ૧૯૬૮ થી ૧૯૭૩ સુધી મુંબાઈમાં 'યુસિસ'ના ગુજરાતી વિભાગના સંપાદક તરીકે પણ કામગીરી બજાવેલી.

સર્જક તરીકે એમની ખ્યાતિ મુખ્યત્વે કવિતા અને નવલકથાનાં ક્ષેત્રો પર નિર્ભર છે. 'આસવ' નામક એમનો પ્રથમ ગઝલ-સંગ્રહ ઈ. ૧૯૬૧માં પ્રકટ થએલો અને બીજો ગઝલ-સંગ્રહ 'સમય' ૧૯૭૨માં. 'મધુવન' નામે ગઝલોના સંપાદનમાં એમણે ગુજરાતના નીવડેલા ગઝલકારોની રસમય કૃતિઓનો સુભગ સંચય કર્યો છે. 'મૌન' અને 'સૂર્યોપનિષદ્' એમના બીજા બે કાવ્યસંગ્રહો અનુક્રમે ૧૯૬૬ અને ૧૯૭૫માં પ્રકટ થયા છે. વચ્ચે ૧૯૭૨માં 'અર્પણ' નામક મુક્તકસંગ્રહ પણ એમણે આપ્યો છે. ઈ. ૧૯૭૦માં પ્રકટ થએલી અને ખૂબ પ્રશંસાએલી એમની નવલકથા 'માધવ



ક્યાંય નથી' ઉપરાંત 'અગનપંખી' (૧૯૬૨), 'પળનાં પ્રતિબિંબ' (૧૯૬૬), 'અનાગત' (૧૯૬૮) અને 'સુખ નામનો પ્રદેશ' (૧૯૬૬) એમની અન્ય લોકચાહના પામેલી નવલકથાઓ છે. એમણે 'યુગેયુગે' નામનું નાટક ૧૯૬૯માં આપ્યું હતું જેને એ વર્ષનું ગુજરાત રાજ્યનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત એમના કાવ્યસંગ્રહ 'મૌન' અને નવલકથાઓ 'અનાગત' તથા 'માધવ ક્યાંય નથી'ને પણ ગુજરાત રાજ્યનાં પારિતોષિકો એનાયત થયાં હતાં. 'કવિ અને કવિતા'માં એમણે વિવિધ કવિઓનાં કાવ્યોના આસ્વાદો કરાવ્યા છે તો 'મુશાયરાની કથા', 'ગાલિબ' અને 'સ્વામીનારાયણ સંપ્રદાય'માં તે તે પુસ્તકનું શીર્ષક સૂચવે છે તે વિષય વ્યક્તિ પર પોતાની વિવેચના પ્રકટ કરી છે. એમણે શાળા-મહાશાળાનાં કેટલાંક પાઠ્યપુસ્તકો અન્યોની સાથે સંપાદિત કર્યાં છે, તો એમનાં કેટલાંક પુસ્તકો મહાશાળામાં પાઠ્યપુસ્તક તરીકે પણ ચાલે છે.

જે સંગ્રહને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો છે તે 'હયાતી'માં શ્રી હરીન્દ્ર દવેના પૂર્વોક્ત પ્રકટ કાવ્યસંગ્રહોમાંથી તેમ જ તેમની કેટલીક અગ્રંથસ્થ રચનાઓમાંથી પસંદ કરીને શ્રી સુરેશ દલાલે કરેલું સંપાદન છે. એમાં 'આસવ' સંગ્રહમાંથી છ, 'મૌન'માંથી ત્રેવીસ, 'અર્પણ'માંથી સાત શ્લોક, 'સમય'માંથી અઢાર, 'સૂર્યોપનિષદ'માંથી આડત્રીસ ને અન્ય સોળ રચનાઓ સંગૃહીત કરવામાં આવી છે. આમ, આ સંગ્રહમાં ગઝલો છે, ગીતો છે, સૉનેટ છે તથા અન્ય છંદોબદ્ધ અને છંદમુક્ત રચનાઓ સમાવવામાં આવી છે. શ્રી હરીન્દ્ર દવેના સર્જનકાળના આરંભની મુગ્ધ રોમૅન્ટિક રચનાઓ સાથે 'સૂર્યોપનિષદ' અને તે પછીની કેટલીક રચનાઓ જોતાં એમની કવિતાનો સ્પષ્ટ આલેખ અહીં મળી રહે છે. ગઝલોના મિજાજ અને ગીતોની ઋજુતા સાથે કેટલીક છંદમુક્ત રચનાઓમાં અભિવ્યક્તિ અને વિષય પરત્વે આધુનિકતાનું પણ અહીં દર્શન થાય છે. સમગ્રતયા કવિનો ભાવપિંડ ભાવનાવાદી ને અભિગમ રોમૅન્ટિક હોવાની પ્રતીતિ સહેજે થાય છે. સુન્દરમ્-ઉમાશંકરની પેઢી પછીના કવિજનોની પ્રારંભિક અસર ઝીલીને એમની કવિતાપ્રવૃત્તિ ધીમેધીમે નિજી માર્ગને નક્કી કરી લેતી આગળ વધે છે. આ સંગ્રહની રચનાઓ, આમ, શ્રી હરીન્દ્ર દવેની આરંભથી અત્યાર સુધીની કવિછબિનું સમ્યક્ પ્રતિબિંબ પાડે છે અને એ પરિપ્રેક્ષ્યમાં આ સંપાદનને મળેલો પુરસ્કાર એ કવિની પ્રતિભાને જ મળેલો પુરસ્કાર હોઈ આવકાર્ય અને આનંદકર છે. કવિ હરીન્દ્ર દવેને માણવા-જાણવા-નાણવા માટે 'હયાતી' ઉચિત સંપાદન બની રહ્યું છે. □

નવાં પ્રકાશનો

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

નેવું વર્ષ ભાગ ૧–૨: જાણીતા નવલકથાકાર શ્રી યશોધર મહેતાએ ઉક્ત નવલકથાના બે ભાગમાં, એમણે ત્રણ ભાગમાં આપવા ધારેલી ઈ. ૧૮૫૭ થી ૧૯૪૭ સુધીનાં નેવું વર્ષના ગાળાની ઐતિહાસિક પીઠિકા પર કલ્પનાસભર વાર્તા ઊપસાવી છે અને કથનાત્મક રસિક શૈલીમાં તે વહાવી છે. મનહરલાલ, શશિભૂષણ અને સુમતિના આંતરસંવાદો ને સંબંધોને પડછે પ્રસ્તુત કાલાવધિને નવલનાયક બનાવતી આ કૃતિ નજીકના જ ભૂતકાળની સજીવ છબિ બની હોઈ સુવાચ્ય છે. પ્રથમ ભાગ પછી બીજો ભાગ ત્રણ વર્ષે પ્રકટ થયો હતો, હવે ત્રીજો ભાગ લેખક જલદી આપી વાચકોનો અધૂરો વાર્તારસ પરિતૃપ્ત કરે એવી માગણી ને લાગણી રહે જ. (બંનેનું પાકું પૂઠું, પ્રત્યેકનાં પૃ. આશરે ૩૪૨, પ્રત્યેકની કિં. રૂ. ૧૬.)

કુરુક્ષેત્રને પંથે: મહાભારતના વસ્તુ પર આધારિત, શ્રીકૃષ્ણને કેન્દ્રવર્તી પાત્ર તરીકે રાખી અનેક પ્રસંગોને નિરૂપતી શ્રી દક્ષિણકુમાર જોશીની પ્રસ્તુત નવલકથાના બે પછીના આ ત્રીજા અને ચોથા ભાગમાં પણ વાર્તારસની જમાવટ, ક્યાંક તીવ્ર તો ક્યાંક ફીકી લાગે છતાંય, એકંદરે વાચનક્ષમ બની શકયા છે. શૈલીનું પોત પાંખું અને પીંખાએલું લાગે છતાંય પરિચિત વસ્તુ વિષયને લીધે તે બહુ ખટકતું નથી. આ જ કથા તેના પાંચમા ભાગમાં શ્રીકૃષ્ણના દેહોત્સર્ગ સાથે લેખકે પૂરી કરવા ધારી છે. (આ બે ભાગનું પૂઠું પાકું, પ્રત્યેકનાં પૃ. લગભગ ૩૫૦, પ્રત્યેકની કિં. રૂ. ૧૮–૫૦.)

પ્રેરણાપરબ: રોજિંદા જીવનવ્યવહારમાં નાના પ્રસંગોએ માનવીનું મન કઈ રીતે વર્તવા કરે છે અને કઈ રીતે વર્તવું જોઈએ એની પ્રેરણા આપતા ફાધર વાલેસના લઘુ પ્રસંગલેખોનો આ સંગ્રહ તેમની 'નવી પેઢીને' પુસ્તકશ્રેણીના છઠ્ઠા ભાગ તરીકે પ્રકટ થાય છે, તે નવી પેઢીના જીવનઘડતર માટે પથ્ય વાચનસામગ્રી પૂરી પાડે છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૭, રૂ. ૫.)

કલા અને સાધના: જીવનમાં પરમ સત્યના અનુભવોની દિશા ઊઘડે એ આશયથી શ્રી 'આનંદે' એમના ૧૬ લેખોના આ લઘુ પુસ્તકમાં કાવ્યાભાસી શૈલીમાં પોતાના વિચારો પ્રકટ કર્યા છે. (કાચું પૂઠું, પૃ. ૭૮, રૂ. ૫-૨૫.)

પોતાની ઓળખાણ: આ સદીના એક મહાન ચિંતક જે. કૃષ્ણમૂર્તિની વિચા-

દિવંગત

લેખક - શંકરદેવ વિદ્યાલંકાર

અનુક્રમે ▷
પં. પરશુરામ ચતુર્વેદી
મૌલીચંદ્ર શર્મા
રાધાકૃષ્ણજી





પંડિત પરશુરામ ચતુર્વેદી

હિન્દી સાહિત્ય જગતમાં સંત સાહિત્યના મર્મજ્ઞ મનીષી તરીકે વિખ્યાત અને 'ઉત્તરીય ભારત કી સંત-પરંપરા'ના લેખક અને આચાર્ય પંડિત પરશુરામ ચતુર્વેદી ૮૪ વર્ષની ઉમરે ત્રીજી જાન્યુઆરીએ (૧૯૭૯) દેવલોકવાસી થયા.

સંત, સૂફી, નાથ અને સિદ્ધ સાહિત્યના ભારત-વિશ્રુત અધ્યેતા અને માર્મિક વિદ્વાન પં. પરશુરામનો જન્મ ઉત્તર પ્રદેશમાં આવેલા બલિયા જિલ્લામાં ૧૮૯૪માં થયો હતો. પ્રયાગમાં ઉચ્ચ કેળવણી લઈને તેમણે દર્શનશાસ્ત્રમાં એમ. એ. તથા કાયદાની એલએલ. બી.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. તેઓ બલિયામાં વકીલાત કરતા હતા. તેઓ આચાર્ય નરેન્દ્ર દેવ, આચાર્ય ધીરેન્દ્ર વર્મા, આચાર્ય શ્રી બાબુરામ સકસેના અને કવિવર સુમિત્રાનંદન પંતના સહપાઠી હતા અને બલિયામાં આવેલી સતીશચંદ્ર કૉલેજના અધ્યક્ષ હતા. એમની સાહિત્ય સેવાઓ માટે ઉત્તર પ્રદેશીય સરકારે એમને ૧૯૭૫માં પંદર હજાર રૂપિયાનો પુરસ્કાર આપ્યો હતો. અખિલ ભા. હિંદી સાહિત્ય સંમેલને એમને 'સાહિત્ય-વાચસ્પતિ'ની પદવી આપી હતી. કાશીની નાગરી પ્રચારિણી સભાએ પણ એમનું બહુમાન કરેલું. ભારતની અનેક સાહિત્યિક ને સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે તેઓ સંકળાએલા હતા. 'ઉત્તરીય ભારત કી સંત-પરંપરા' ગ્રંથ માટે એમને મંગલાપ્રસાદ પારિતોષિક મળ્યું.

સ્વર્ગસ્થ શ્રી ચતુર્વેદીજીએ રહસ્યવાદ, વૈષ્ણવ ધર્મ, સંત-સાહિત્ય કે પ્રેરણા સ્રોત, કબીર સાહિત્ય કી પરખ, દાદૂદયાલ ગ્રંથાવલી, હિંદી સાહિત્ય કા ઇતિહાસ (ચતુર્થ ખંડ), સંત કાવ્ય, હિંદી કાવ્યધારા મેં પ્રેમપ્રવાહ, મીરાબાઈ કી પદાવલી, મધ્યકાલીન પ્રેમ-સાધના, સૂફી કાવ્યસંગ્રહ, વગેરેનું સંપાદન કર્યું છે.

પંડિત મૌલિચંદ્ર શર્મા

૧૨મી જાન્યુઆરીએ આપણા એક વરિષ્ઠ સમાજસેવી, સાહિત્યસેવી ને ભાષાવિદ્ પં. મૌલિચંદ્ર શર્મા ૭૮ વર્ષની ઉમરે દિવંગત થયા.

હરિયાણા પ્રદેશના ઝજ્જર ગામે એમનો જન્મ. ભારતીય ભાષાઓની પ્રગતિ ને પ્રતિષ્ઠા માટે તેમણે ઘણો પુરુષાર્થ કર્યો. તેઓ અનેક ભાષાઓ જાણતા અને અખિલ ભારતીય સંસ્કૃત સાહિત્ય સંમેલનના અધ્યક્ષ તથા હિંદી સાહિત્ય સંમેલનના મહામંત્રી રહ્યા હતા.

સ્વરાજ્ય પહેલાં તેઓએ અનેક રજવાડાંઓમાં અમલદાર અને દીવાન તરીકે કામ કર્યું હતું ને અનેક રાજ્યોના તેઓ સલાહકાર પણ હતા. ઈ. ૧૯૩૦-૩૧માં તેઓએ ગોળમેજી પરિષદમાં પણ ભાગ લીધો હતો. ડૉક્ટર શ્યામાપ્રસાદ મુખર્જીના અવસાન પછી તેઓ ભારતીય રાજકારણ ઉપરાંત અનેક સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ સક્રિય રીતે સંકળાએલા હતા. ઇ. ૧૯૬૯થી તે ૧૯૭૯ સુધી તેઓ ટાઈમ્સ ઑવ ઈંડિયા આદિ પત્રોની માલિક બૅનેટ કોલમૅન ઍન્ડ કંપનીના નિર્દેશક મંડળમાં સભ્ય હતા. એમના અવસાનથી એક રાષ્ટ્રવાદી મનીષી ને સમાજસેવકની ખોટ પડી છે.

સાહિત્યકાર રાધાકૃષ્ણજી

હિન્દી સાહિત્યના તપસ્વી લેખક, પ્રતિષ્ઠિત નવલકથાકાર અને પત્રકાર શ્રી રાધાકૃષ્ણજી ત્રીજી ફેબ્રુઆરીએ (૧૯૭૯) ૬૮ વર્ષની ઉમરે રાંચી (બિહાર)માં સ્વર્ગવાસી થયા.

હિન્દીભાષી જગતમાં સ્વ. પ્રેમચંદજીની પેઢીના યશસ્વી કથાલેખક શ્રી રાધાકૃષ્ણ ઈ. ૧૯૧૨માં રાંચી મુકામે જન્મ્યા હતા. નાનપણમાં જ માતા-પિતાનું શિરછત્ર ગુમાવી બેસવાથી એ પાંચ ધોરણથી વધુ ભણી શક્યા નહિ. પણ મનમાં વાંચવા-લખવાની અદમ્ય આકાંક્ષા, એટલે જીવન-નિર્વાહ માટે બસમાં કંડક્ટરી કરીને તથા દુકાનો અને સંસ્થાઓમાં લહિયા તરીકે કામ કરતાં કરતાં તેમણે સ્વાધ્યાય ચાલુ રાખ્યો અને વાર્તાલેખન શરૂ કર્યું. પછી અનેક માસિકો ને અઠવાડિકોમાં કામ કર્યું. આમ સ્વાવલંબનને બળે વાર્તા, નવલકથા અને વ્યંગ લેખક તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી.

હિન્દીમાં પ્રેમચંદ-યુગમાં પચીસ વર્ષથી નીચેની ઉપરવાળા કોઈ જુવાન વાર્તાલેખકે આટલી પ્રશંસા નહોતી મેળવી. શ્રી પ્રેમચંદજી સંપાદિત માસિક 'હંસ' અને અઠવાડિક 'જાગરણ'માં તેઓ ખૂબ લખતા. દિવસોમાં બસની કંડક્ટરી અને રાતમાં વાચન-લેખન ચાલુ રાખ્યું. પ્રેમચંદજીએ પણ જીવ્યા ત્યાં સુધી રાધાકૃષ્ણ પ્રત્યે ખૂબ પ્રેમભાવ રાખ્યો. વચ્ચે જીવનનિર્વાહ માટે સાગર મૂવીટોનમાં વાર્તાલેખક તરીકે રહીને મુંબાઈ પણ જઈ આવ્યા. જાતજાતની નોકરીઓ કરતાં કરતાં સાહિત્ય સર્જન નિર્બાધ ચાલતું રહ્યું. હિંદી સાહિત્યને પચાસથી વધુ સારી સામાજિક નવલકથાઓ ને વાર્તાસંગ્રહો આપી ગયા; તે કેટલાક ગ્રંથોનું ભાષાંતર કર્યું; બાલસાહિત્યની રચના કરી; ઘોષ-બોઝ-બૅનર્જી-ચૅટર્જીના ગુપ્ત નામથી હાસ્ય ને વ્યંગલેખનમાં પણ સારી નામના મેળવી; સરકારી સામયિક પત્રોના તંત્રી બન્યા; અને છેવટે આકાશવાણીના પટણા અને રાંચી કેન્દ્રમાં ડ્રામા પ્રોડ્યુસર તરીકે સેવા બજાવી; ઉત્તર પ્રદેશ અને બિહાર સરકાર તરફથી ઉત્તમ વાર્તાલેખક તરીકે તે સંમાનિત અને પુરસ્કૃત થએલા. કલકત્તા, રાંચી, કાશી અને જમશેદપુરની વિવિધ સાહિત્યિક સંસ્થાઓ તરફથી પણ એ બહુમાન પામેલા. સાહિત્યસેવી મિત્ર વર્તુલમાં તેઓ લાલબાબુના નામથી ઓળખાતા.

રણાને પાયામાં રાખી પ્રા. બબાભાઈ પટેલે આ નાના પુસ્તકનાં ૧૨ પ્રકરણોમાં સમ્યક્ આત્મ-પરિચય કહેવાય એવું વિચારપાથેય સરળ શૈલીમાં પૂરું પાડયું છે. (કાચું પૂંઠું, પૃ. ૧૪૪, રૂ. ૬.)

સમાપ્ત: શ્રી યશોધર મહેતાના આ પુસ્તકમાંના ૩૨ ચિંતનાત્મક લઘુ લેખોમાં એમની આધ્યાત્મિક વિચારણાનો ફલક હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, જૈન-બૌદ્ધ ધર્મ, ઈસ્લામ ધર્મ એમ ઘણો વિસ્તૃત રહ્યો છે. મૂળ તો આ લેખો વર્તમાન પત્રોમાં પ્રકટ થયા હોવા છતાં એની ભાષાશૈલી તદ્દન છાપાળવી નથી રહી. તેની પાછળ એમની અનુભૂતિની સચ્ચાઈ પ્રતીત થયા વગર નહિ રહે. આ ચિંતન કેવળ તર્કની ભૂમિકામાંથી આવેલું લાગતું નથી, એટલે એ હૃદયને પણ સ્પર્શ્યા વગર રહી

શકતું નથી. (પાકું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૬.)

ધર્મતત્ત્વવિચાર ભાગ-૨: ગુજરાતના વિદ્વાન તત્ત્વવિચારક નર્મદાશંકર દેવશંકર મહેતાના અગાઉ શ્રેયઃસાધક અધિકારી વર્ગના છમાસિક પત્ર 'સદુપદેશશ્રેણી'માં પ્રકટ થએલા ૨૦ લેખોનો, જાણીતા સાક્ષર શ્રી અનંતરાય રાવળે પોતાના અભ્યાસનિષ્ઠ પુરોવચન સાથે સંપાદિત કરેલો આ ગ્રંથ લેખકની હિંદુ ધર્મની ઊંડી સૂઝ અને મૌલિક તત્ત્વવિચારણાનો પરિચાયક હોઈ આપણા આ પ્રકારના ચિંતનપ્રધાન સાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો કરે છે અને તદ્‌વિષયક અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓને સમ્યક્ વાચનસામગ્રી પૂરી પાડી રહે છે. (પાકું પૂઠું, પૃ. ૪૧૯, રૂ. ૨૫.)

દીપ બુઝાયો: કવિ વિવેચક-અધ્યાપક સ્વ. પ્રેમશંકર હ. ભટ્ટના આ પાંચમા અને નિધનોત્તર કાવ્યસંગ્રહમાં લઘુ અને મધ્યમ કદનાં ૨૨ કાવ્યો સંગૃહીત કરવામાં આવ્યાં છે, જેમાંનું 'ઊગ્યો રવિ' તેલુગુનો ને 'જિંદગી મૂર્ખની વહે' મુક્તક સંસ્કૃત સુભાષિતનો અનુવાદ છે. આ સિવાયની મૌલિક રચનાઓ— મુક્તક, સૉનેટ, ગીત, સંગીતરૂપકમાં ગાંધીયુગીન વિષયનિરૂપણ અને ભાષાશૈલીનો ઠીક ઠીક ઘૂંટાએલો ફાલ ઊતર્યો છે તેમાંથી 'અશ્વને', 'હે હિમાલય' 'દીપ બુઝાયો' 'હું શું માગું' વગેરે સવિશેષ આસ્વાદ્ય છે. (પાકું, પૃ. ૫૬, રૂ. ૫.)

કચ્છની રસધાર-૪: શ્રી દુલેરાય કારાણીની રસમય કલમે આલેખાએલી કચ્છની વિવિધ ક્ષેત્રની વિભૂતિઓ-જગડૂ દાતાર, જમાદાર, ફતેહમહમ્મદ, શ્યામજી કૃષ્ણવર્મા, હાજી-મહમ્મદ અલારખ્યા શિવજી, શેઠ ખટાઉ મકનજીનાં રેખાચિત્રોનો આ સંગ્રહ સુવાચ્ય બન્યો છે. (પાકું પૂઠું, પૃ ૧૬૮, રૂ. ૧૦.)

હાલા તારા હાથ વખાણું: શ્રી દોલત ભટ્ટના આ પુસ્તકમાં ગુજરાત-સૌરાષ્ટ્રના લોકસમાજની ખાનદાની, ખુમારી તેમ જ ટેકને રજૂ કરતાં, કૃતક લોકશૈલીમાં આલેખાએલાં આ પ્રસંગચિત્રો પ્રેરણાદાયી વાચનસામગ્રી પૂરી પાડે તેવાં છે. (પાકું પૂઠું. પૃ. ૧૯૩, રૂ. ૯.)

આઈન્સ્ટાઈન: જગતના મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઈનનું નામ સાપેક્ષાવાદના સિદ્ધાંતથી ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં અમર રહેવા સર્જાયું છે. પણ શાળાજીવન દરમિયાન તો આ મહાન વિજ્ઞાની મૂઢમતિ જેવો ગણાતો. આવા વિકસિત માનવની જીવનઝાંખી કરાવતું આ પ્રેરણાદાયી પુસ્તક ડૉ. ઉષા જોશીએ તૈયાર કર્યું છે. (કાચું પૂઠું, પૃ. ૧૩૧, રૂ. ૬–૫૦)

અમૃતનું આચમન: સુરતના દૈનિક 'ગુજરાતમિત્ર'માં દર પખવાડિયે 'અમૃતનું આચમન' શીર્ષક નીચે પ્રકટ થતી રહેલી માળાના, આંતરજીવનની વિકાસયાત્રામાં સહાયરૂપ થાય તેવા પ્રસંગપ્રધાન આ લેખો તેના લેખક શ્રી કાન્તિલાલ કાલાણીની જીવન પ્રત્યેની અધ્યાત્મવૃત્તિના અનુભવમાંથી આવ્યા હોવાની તેની લખાવટ દ્વારા પતીજ પાડી રહે છે. નિર્દંભ અને સરળ શૈલી વિષયની ગહનતાને વિશદ બનાવવામાં કામયાબ નીવડે તેવી હોઈ એ સામાન્યજનને પણ રસ લેતા કરશે એમાં શંકા નથી. (કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૬–૫૦.)

ઍબ્સર્ડ: 'કિમપિ' સામયિકના ઍબ્સર્ડ વિશેષાંકની પૂર્તિરૂપે પ્રકટ થએલા આ પુસ્તકમાં વિશ્વના એ પ્રકારના નાટ્યક્ષેત્રના સર્જકોની કેટલીક રચનાઓના ગુજરાતી અનુવાદો ઉપરાંત ઍબ્સર્ડ વિષેના સર્વશ્રી મધુસૂદન બક્ષી, પ્રમોદકુમાર પટેલ અને સુરેશ જોષીના ત્રણ લેખો પણ ઉમેરાયા છે. આ પુસ્તકના સંપાદક શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ તરફથી સંપાદક તરીકેનું એમનું માત્ર નામ જ મળે અને કશું એતદ્ ક્ષેત્રીય લખાણ ના મળે એ એક આશ્ચર્ય ગણાય. (પાકું પૂઠું, પૃ. ૨૫૮, રૂ. ૨૦.)

આવકાર

આર. આર. શેઠની કંપની

મુંબઇ અને અમદાવાદ

વ્યોમ લિપિ: લે. પ્રિયકાન્ત મણિયાર. કાચું પૂઠું. પૃ. ૮૦, રૂ. ૧૦-૦૦.

લીલેરો ઢાળ: લે. પ્રિયકાન્ત મણિયાર. કાચું પૂઠું, પૃ. ૭૫, રૂ. ૧૦-૦૦.

આ અવધપુરી આરામ: લે. શિવકુમાર જોશી. કાચું પૂઠું. પૃ. ૩૨૩, રૂ. ૨૦–૭૫.

ચઢતા સૂરજની વેળા: લે. સારંગ બારોટ. પાકું પૂઠું, પૃ. ૨૮૭, રૂ. ૧૮–૨૫.

અધિપુરુષ: લે. પિનાકીન દવે. પાકું પૂઠું, પૃ. ૩૨૨, રૂ. ૨૦–૭૫.

પરોઢનું અંધારું: લે. ઇશ્વર પેટલીકર. પાકું પૂઠું, પૃ. ૩૨૪, રૂ. ૨૦–૦૦.

અશોકવન: લે. રઘુવીર ચૌધરી, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૭-૫૦.

ઝૂલતા મિનારા: લે. રઘુવીર ચૌધરી. કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૬–૫૦.

કમળના તંતુ: લે. હરિવલ્લભ ભાયાણી. પાકું પૂઠું, પૃ. ૨૯૬, રૂ. ૧૯–૦૦.

મારગ આ પણ છે શૂરાનો: લે. શિવકુમાર જોશી. પાકું પૂઠું, પૃ. ૨૯૧, રૂ. ૨૨–૫૦.

નગરી શોભાવતી: લે. ગુણવંતરાય આચાર્ય, પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૮–૫૦

રુદ્ર મહાલય: લે. રઘુવીર ચૌધરી. પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૮–૦૦. □

ઑપરેશન ચૅરીઅટ (અનુ. પૃષ્ઠ ૧૦૮થી) પણ ત્યાં સર્જાએલી સ્થિતિ જોતાં ન્યૂમૅન સમજી ગયો કે હવે એ અશક્ય હતું અને કદાચ ત્યાં પહોંચાય તો યે એમને બચાવીને નસાડી જવા એકે ય બ્રિટિશ લૉંચ ત્યાં મળવાનો સંભવ નહિવત જ હતો. શાંતિથી એણે પોતાના સાથીઓને હવે તળભૂમિ તરફ ભાગી છૂટવા હુકમ આપી દીધો. એમ કરતાં જે બચી જાય તે સૌએ સ્પેઈનમાં એકઠા થવાનું નક્કી કરી લીધું. પણ આ દોજખમાંથી છટકવું એમને માટે સરળ નહોતું. થોડા જ સમયમાં જર્મન કુમક આવી પહોંચી અને આખા વિસ્તારને એણે ચોપાસથી ઘેરી લીધો. કમાન્ડર બિટ્ટી, ન્યૂમૅન અને બીજા ઘણાખરા કમાન્ડો જર્મનોના હાથમાં ઝડપાઈ ગયા.

સવારે અને પછી એ આખો દિવસ સેન્ટ નાઝરી પર ધુમાડાના ગોટ ઘુમરાતા જ રહ્યા. હબકી ગએલા શત્રુઓને રાતે સર્જાએલી હોનારતની ધીરેધીરે કળ વળી ત્યારે એમણે જોયું કે એ નાનકડા બ્રિટિશ કાફલાએ આખા વિસ્તારમાં ભંગારના ગંજ ખડકી દીધા હતા.

લગભગ સાડા અગિયાર વાગ્યે ત્યાંના જર્મન ઍડમિરલ ને તેના અન્ય અફસરો કૅમ્પબેલ ટાઉનને જોઈ રહ્યા હતા. ડૉક ગેટને તોડી પાડવા બ્રિટિશોએ એવી જૂની ગંજાવર ડિસ્ટ્રૉયરને અથડાવવાની મૂર્ખાઈ કેમ કરી હશે એ તેઓને સમજાતું નહોતું. પણ એકાદ મિનિટમાં જ એનો ઉત્તર મળી ગયો. કૅમ્પબેલ ટાઉનની અંદર રાખેલો પેલો મબલખ દારૂગોળો એક સાથે એકાએક ફાટયો ને ડૉકગેટમાં વિશાળ ભગદાળું પડી ગયું. તુરત ત્યાંથી દરિયાનું પાણી ઘોડાપુરે અંદર ધસવા લાગ્યું અને તેની સાથે ઊંચકાઇને ભંગાર જેવી કૅમ્પબેલ ટાઉન પણ અંદરની બાજુ ખેંચાઈ આવીને ખોડાઈ ગઈ. ટર્મિટ્ઝ માટે હવે આ લંગારગાહનો આશ્રય બંધ થઈ ગયો અને યુદ્ધ ચાલ્યું ત્યાં સુધી જર્મનો સેન્ટ નાઝરીની બંદરગાહનો ઉપયોગ કરી શકયા નહિ. બ્રિટિશોની પણ મુખ્ય તો આ જ નેમ હતી. બીજું બધું જે નુકસાન થઈ શક્યું એ તો એમનો વધારાનો નફો હતો.


બે જ કલાકનો આ બધો તાસીરો હતો. પણ ચોક્કસ આયોજન, પ્રત્યેક સૂચનનું ચુસ્ત પાલન, સહકારભરી કામગીરી અને દેશને ખાતરની સરફરોશીની તમન્નાથી આ પરાક્રમ પાર પડયું. આ અદ્‌ભુત કામગીરી માટે રાઈડર, કર્નલ ન્યૂમૅન, બિટ્ટી, ફ્રૅન્ક ડયુરાન્ટ અને બિલ સૅવેજને વીરત્વના ઉત્તમોત્તમ બ્રિટિશ બહુમાન સમા વિક્ટોરિયા ક્રૉસની નવાજિશ થઈ. 'ઑપરેશન ચૅરીઅટ' એ બ્રિટિશ યુદ્ધ–પરાક્રમોનું એક સદાનું પ્રેરક પ્રકરણ બની રહ્યું. □

ભારતનાં વાદ્યો–૪ સિતાર

ઉત્તર હિંદુસ્તાની સંગીતક્ષેત્રમાં સિતારનું સ્થાન કર્ણાટકી સંગીતમાં વીણાના સ્થાન બરોબરનું છે. વીણાવાદન કરતાં સિતારનો બાજ (વાદન) વધુ સરળ હોઈ એની લોકપ્રિયતા પણ વિશેષ છે. બાજની આ સરળતા સાધવામાંથી જ વીણાના એક રૂપાંતરિત સ્વરૂપે સિતારની રચના થઈ હોવાનું મનાય છે અને તેની શોધ અલાઉદ્દીન ખીલજીના સમયના દિલ્હીના પ્રખ્યાત કવિ અમીર ખુશરુએ કરી હોવાની માન્યતા છે. કહે છે કે એણે બનાવેલી સિતારમાં ત્રણ જ તારનો ઉપયોગ થતો હતો, પણ આજે સિતારમાં મુખ્યત્વે સાત તારનો ઉપયોગ થાય છે. જેમાં જમણી બાજુના પહેલા મુખ્ય તારને બાજનો તાર કહે છે. છેલ્લા બે તારોને 'ચિકારી', 'છિંગારી' કે 'પપૈયા'ના તાર કહે છે. આ તારોની નીચે સિતારના દંડ ઉપર મંદ્ર સપ્તકના મધ્યમથી આરંભીને તાર સપ્તકના મધ્યમ સુધીના પર્દા બાંધેલા હોય છે.

કેટલીક સિતારમાં પર્દાની નીચે તાર બાંધેલા હોય છે જેને 'તરપ' કે 'તરબ' કહે છે. સિતારવાદનમાં તે સવિશેષ રણકાર પૂરે છે.

સિતારવાદનમાં પણ કેટલીક વિશિષ્ટ શૈલી છે. એ પં. રવિશંકરે પોતાના વાદનથી સિતારને દુનિયાભરમાં ખ્યાતિ અપાવી છે. વૃંદવાદનમાં પણ સિતારનો બહોળો ઉપયોગ થાય છે.





મધુકરી

એક ઠોકરથી સફર ક્યારે ય પણ રોકાય ના,
કે સમય કેરી ક્ષણોથી મંજિલો જોખાય ના.
હું પડ્યો, તો ધૂળ મૂઠીમાં ભરી લીધી સદા,
ઠોકરોની એય પણ ક્યારે ય ખાલી જાય ના.

—દીનાનાથ વ્યાસ

સ્વ. 'વનફૂલ': ડૉ. બલાઈચંદ મુખોપાધ્યાય


બંગ-સાહિત્યના મૂર્ધાભિષિક્ત સાહિત્યકાર ડૉ. બલાઈચંદ મુખોપાધ્યાય નવમી ફેબ્રુઆરીએ (૧૯૭૯) કલકત્તામાં અક્ષરધામવાસી થયા છે. અવસાન સમયે તેમની ઉંમર એંશી વર્ષની હતી.

સાહિત્ય જગતમાં 'વનફૂલ' નામથી વધુ વિખ્યાત શ્રી બલાઈચંદનો જન્મ ૧૯ જુલાઈ ૧૮૯૯માં બિહાર પ્રદેશના પૂર્ણિયા જિલ્લામાં મણિહારી ગામમાં થયો હતો. એમના પિતાશ્રી સત્યાચરણ મુખોપાધ્યાય મણિહારીના વિખ્યાત ડૉક્ટર હતા. પાંચ પુત્રોમાં બલાઈચંદ સૌથી મોટા હતા. પ્રારંભિક શિક્ષણ ગામમાં જ પૂરું કરીને પટણા અને કલકત્તામાં દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરી ઉજ્જવલ વિદ્યાર્થી તરીકે એમણે એમ. બી. બી. એસ.ની પદવી પ્રાપ્ત કરેલી. પછી ભાગલપુર શહેર (બિહાર)માં જ નિષ્ઠાપૂર્વક ચિકિત્સા વ્યવસાય ને સાહિત્ય-સર્જન કરતા રહ્યા હતા. ત્યાંથી નિવૃત્ત થયા પછી તેઓ છેલ્લાં દસ વર્ષથી કલકત્તાના લેઈક ટાઉન લત્તામાં વસ્યા હતા.

જ્યારે તેઓ છેક આઠમા વર્ગમાં ભણતા હતા ત્યારે 'મયૂર' શીર્ષકવાળી એમની એક કવિતા 'માલંચ' (ફૂલવાડી) નામની પત્રિકામાં છપાઈ હતી. તેમના સાથીઓ અને શિક્ષકોમાં તેની સારી પ્રશંસા અને આલોચના થઈ હતી અને વિરોધ પણ. તેથી તેમણે 'વનફૂલ' ઉપનામથી લખવાનું શરૂ કર્યું. 'વિકલ્પ' નામનું એક હસ્તલિખિત સામયિક પણ તેઓ ચલાવતા.

ચિકિત્સા-વ્યવસાયની સાથોસાથ સાહિત્ય પ્રત્યે પણ એમને ખૂબ જ અનુરાગ હતો. ટૂંકી વાર્તાઓથી એમણે સર્જનકાર્ય શરૂ કરેલું પણ સાહિત્યના બધા જ પ્રકારો-લઘુકથા, નાની નવલિકા, મોટી નવલકથા, નાટક, નિબંધ, કવિતા અને આત્મકથા પર પણ એમણે સમાન હાથ અજમાવેલો. એમની રચનાઓમાં બંગદેશ અને હિંદી પ્રદેશના ગ્રામ-જીવનનાં સ્પંદનો નૈપુણ્યથી આલેખાયાં છે.

છત્રીશ વર્ષની વયે એમની પહેલી નવલકથા 'તૃણખંડ' પ્રસિદ્ધ થઈ. તે પહેલાં નાનીનાની ઘણી વાર્તાઓ અને કવિતાઓ એ લખી ચૂક્યા હતા. ૧૯૩૬માં એમનો કાવ્ય-સંગ્રહ 'વનફૂલેર કવિતા' પ્રકટ થયો હતો. તૃણખંડથી બંગસાહિત્યમાં સારી હલચલ પેદા થઈ હતી. ત્યાર પછી 'વૈતરણીરતીરે'માં એક ડૉક્ટરનું સરસ પાત્રાલેખન કર્યું. કવિગુરુ શ્રી રવીન્દ્રનાથે તેઅંગે લખ્યું કે



'એર મધ્યે બીભત્સ રસ ઓ કરુણરસેર જે મિશ્રણ ઘટિતે છે, તાતે તોમાર સાહસ એવં નૈપુણ્ય પેયે છે. એર મધ્યે રચનાર અપૂર્વતા આછે.'

એમની વિવિધ રચનાઓની સંખ્યા ૧૦૦થી ઉપર જાય છે. ટૂંકી વાર્તા અને નવલકથાનાં વિષયવસ્તુ, રચનાશૈલી અને સંયોજનમાં એમણે જાતજાતના પ્રયોગો કર્યા છે. એમની લઘુકથા-કલા વિષે પીઢ બંગીય પત્રકાર શ્રી સંતોષકુમાર ઘોષ લખે છે: 'એક પોસ્ટકાર્ડમાં એક વાર્તા લખી શકાય તે આપણા સાહિત્યમાં વનફૂલે સર્વ પ્રથમ બતાવી આપ્યું. વાર્તાના સ્વરૂપ અને ઉપકરણ વિષે એમણે જેટલી ચર્ચા કરી છે એટલી કદાચ કોઇએ કરી નથી.

બંગદેશ બહારની દુનિયાને બંગસાહિત્યમાં જો કોઈ વધુ લાવ્યું હોય તો તે છે વનફૂલ. શ્રી શરદચંદ્રની રચનાઓમાં બંગાળ બહારની દુનિયાની છાપ સાવ નજીવી છે. શ્રી સતીનાથ ભાદુડી તો એ દિશામાં ઘણા મોડા આવ્યા, પરંતુ વનફૂલે સર્વ પ્રથમ આ રાજમાર્ગ ખુલ્લો કરી આપ્યો.'

ભાગલપુરના નિવાસ દરમિયાન એમનું સાહિત્યસર્જન સારી પેઠે ફૂલ્યુંફાલ્યું જેમાં પંદરેક તો ખાસ ગણનાપાત્ર છે. દા. ત. સ્થાવર, જંગમ, ચતુર્દશી, કર કમલેષુ, સુરસપ્તક, મંત્ર-મુગ્ધ, ધિરથ, મંડાંડ, ભીમપલાસી, અર્જુન મંડળ, હાટે-બાઝારે, ભુવન શોમ, મૃગયા, અગ્નીશ્વર, હરિશ્ચન્દ્ર વગેરે. એમના કથાસર્જનમાં, સામાન્યતયા, જીવનમાં જેની કોઈ વિશેષતા હોતી નથી અથવા જેનું જીવન વૈશિષ્ટયોથી ભરપૂર હોય છે એવાં પાત્રો આપણને વધુ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ જેઓ ઉદ્ભ્રાંત છે, સામાન્ય અને અસામાન્યના વર્તુલથી બહાર છે, જેઓ થોડા અસ્વસ્થ ને થોડા વિકૃત છે તેમને ઓળખવાનો અવસર આપણને વધુ મળતો નથી. વનફૂલે આપણી સામે આ ત્રીજા પ્રકારના મનુષ્યોની રજૂઆત કરી છે. એ દૃષ્ટિએ જોતાં વનફૂલની 'સે ઓ આમી' નામની રચના અસાધારણ મનાય છે. એમનાં શ્રી મધુસૂદન, વિદ્યાસાગર, રૂપાંતર, કંચિ, બંધન-મોચન વગેરે નાટકો પણ સારી પ્રશંસા પામ્યાં છે. 'પશ્ચાત્ પટ' નામથી એમણે આત્મકથા પણ લખી છે. હાટે-બાઝારે, ભુવન શોમ ને આરોહીને આધારે ઉત્તમ ફિલ્મો પણ બની છે, જેમાં 'ભુવન શોમ'ને તો રાષ્ટ્રપતિ-ચંદ્રક પણ મળ્યો હતો. હાટે-બાઝારે માટે એમને ૧૯૬૨માં શ્રેષ્ઠ નવલકથા તરીકે બંગીય રાજ્ય સરકારનો ૫૦૦૦ રૂપિયાનો 'રવીન્દ્ર પુરસ્કાર' મળ્યો હતો. ૧૯૭૫માં એમની સાહિત્યની ઉદાત્ત સેવાઓ બદલ 'પદ્મ-ભૂષણ'નું માન મળ્યું હતું. તેઓ 'બંગીય-સાહિત્ય-પરિષદ'ના અધ્યક્ષ પણ બની ચૂકયા હતા. એમનાં ધર્મપત્ની શ્રીમતી લીલાવતીદેવી બે વર્ષ પૂર્વે અવસાન પામ્યાં હતાં, એમની સ્મૃતિમાં એમના નામના પ્રથમાક્ષરથી 'લી' નામની નવલકથા એમણે લખી છે. એમના નાના ભાઈ અરવિંદ મુખોપાધ્યાય બંગાળી સિનેજગતના એક લોકપ્રિય નિર્દેશક છે. વનફૂલની કેટલીક કૃતિઓ નાટક રૂપે રંગમંચ ઉપર પણ ભજવાઈ છે. કથાકાર સિવાય તેઓ ચિત્રકાર પણ હતા. એમનું નિવાસગૃહ જોતાં ખબર પડે કે એમનાં સાહિત્યિક શબ્દચિત્રો અને આ ચિત્રોમાં કેટલું બધું સામ્ય છે!

સાહિત્યકાર તરીકે કીર્તિને શિખરે પહોંચ્યા પહેલાં અને પછી પણ વનફૂલને એમનાં સાહિત્યિક જીવન અને ગૃહસ્થ જીવનમાં કોઈ ઘર્ષણ, વિસંવાદ કે અંતરાય આવ્યો નથી. એમની વિવિધ સેવાઓનાં સન્માન માટે ભાગલપુર વિશ્વવિદ્યાલય અને યાદવપુર (કલકત્તા) વિશ્વવિદ્યાલયે એમને ડી. લિટ્.ની માનાર્હ પદવી આપી હતી. એમનાં સંતાનોમાં એક પુત્ર અસીમ મુખોપાધ્યાય બર્દવાન મેડિકલ કૉલેજમાં ચિકિત્સાશાસ્ત્રના પ્રાધ્યાપક છે. બીજા પુત્ર ચિરંતન એંજિનીઅર છે. પુત્રીઓમાં સૌ. કેયા અને સૌ. કરબી સારે સ્થળે પરાણાવી છે. —શંકરદેવ વિદ્યાલંકાર

નાળિયેરનું પાણી

લીલાં, જેમાં કોપરું ન બંધાયું હોય એવાં નાળિયેરમાં પાણી ઠીક ઠીક હોય છે. સમુદ્રકિનારે બહુધા થનારી નાળિયેરીનાં ઝાડ દરિયાનું ખારું પાણી પીને મનુષ્યોને મીઠું અમૃત જેવું પાણી આપે છે. લોકો એ પાણી દરદીઓને આપવાનું જાણે છે. પ્રત્યેક દવાખાના આગળ એ તરોપાની લારીઓ ઊભેલી જ હોય છે. આયુર્વેદ એ પાણીના ગુણ આ પ્રમાણે આપે છે: 'નાળિયેરનું પાણી સ્નિગ્ધ, સ્વાદમાં મીઠું. વૃષ્ય અર્થાત્ વીર્ય વધારનાર, ઠંડું ને પચવામાં હલકું છે. તે તરસને છીપાવનાર, પિત્તનો નાશ કરનાર, વાયુ હરનાર ને જઠરાગ્નિ ઉદ્દીપ્ત કરનાર છે. પેશાબ સારો લાવનાર હોવાથી કિડની અને મૂત્રાશયના રોગોમાં ઉપયોગી છે.'

આ પાણી એટલું સ્વચ્છ છે કે નસમાં તેનાં ઇંજેકશન અપાય છે. મૂળમાંથી પાણી ઝાડની ટોચે પહોંચી, પથ્થર જેવા કવચવાળા નાળિયેરમાં પહોંચે છે. ફળમાં કયાં ય તિરાડો નથી હોતી. ગ્લુકોઝ સેલાઈનનાં ઇંજેકશનો પેઠે તેનો ઉપયોગ કરી શકાય છે. એટલી જ શરત કે તે કાઢયા પછી (પીવામાં પણ) ત્વરાથી ઉપયોગમાં લઈ લેવું જોઈએ. નાળિયેર તોડીને તુરત જ પી જવું જોઇએ. અમુક વખત સુધી રાખવાથી એમાં જંતુઓ પડવાનો ડર રહે છે. માટે એને કદી રાખી મૂકવું ન જોઈએ.

પાણીછલ્લા નાળિયેરમાં કેટલીક વખત કોમળ કોપરું વળગેલું હોય છે. એ અત્યંત મૃદુ, સ્વાદિષ્ટ અને બલ્ય છે. એ નાળિયેરની મલાઈ છે. માખણ છે, માખણ પેઠે એ ખાવાથી શક્તિ આવે છે.

કોઈ પડી ગયું હોય, લોહી જામી ગયું હોય ત્યાં નાળિયેરનું પાણી ખાસ આપવામાં આવે છે. જલોદર જેવા રોગમાં પાણી બંધ કરવામાં આવે છે, જ્યારે તરોપાનું પાણી આપવા ખાસ ભલામણ કરવામાં આવે છે. એથી તરસ છીપાય છે અને બસ્તિ (બ્લૅડર)નું શોધન થાય છે.

ખારું પાણી પીને (કારણ નળિયેરીનાં ઝાડ બહુધા સમુદ્રકિનારે જ થાય છે) મીઠું પાણી બનાવતું આ વૃક્ષ ખરેખર કલ્પતરુ છે.

(ગુજરાતમિત્ર) —બાપાલાલ વૈદ્ય

સંતરાં

આપણે ત્યાં સંતરાંનો પાક સારા પ્રમાણમાં થાય છે. સંતરાંનો ખટમધુરો સ્વાદ પ્રસન્ન કરે છે. નાગપુરી સંતરાં મીઠાં હોય છે. અજીર્ણ થાય



ટિકિટ-સંગ્રહ


તાજેતરમાં બ્રિટને બહાર પાડેલી આ ચાર ખાસ ટિકિટો ઉપર (ટિકિટોના મૂલ્યાનુક્રમ પ્રમાણે) ભરવાડોનો અસલી કૂતરો (શીપ ડૉગ), વેલ્સનો સ્પ્રિંગર સ્પેનીઅલ, વેસ્ટ હાઇલૅન્ડ ટેરીઅર અને આઇરિશ સેટર કૂતરાઓનાં લાક્ષણિક ચિત્રો આપ્યાં છે.

(પ્રેષક : રમણિકલાલ સોલંકી, લંડન)

શતરંજ : કૉમ્બિનેશન્સ . . . . સુરેશ મોદી

ઝુકરટોર્ટ અને મોર્ફીના કૉમ્બિનેશન્સમાં વજીરના ભોગથી સર્જાએલ સ્થિતિઓ એક એવી પરિસ્થિતિની યાદ આપે છે. જેમાં સફેદ ચાર વખત વજીરનો ભોગ આપે છે. ત્રણ વખત તો તે ભોગનો અસ્વીકાર કરીને કાળો રમત સંભાળી લઈ શકે છે, પણ ચોથી વખત તેની

Torre



Adams
White to play

પાસે બચવાનો કોઈ માર્ગ રહેતો નથી.

બન્ને પક્ષે સરખાં જ મહોરાં છે, સ્થિતિ પણ બરાબર જ લાગે છે, પણ સફેદ એક બહુ જ આશ્ચર્યજનક ચાલથી તરત જીતી જાય છે.

1 Q–KN4! વજીરને કોઈનો ટેકો નથી. પણ કાળો વજીરનો ભોગ સ્વીકારે તો 1..., Q×Q?, 2 R×Rch, R×R, 3 R×R-થી મ્હાત થઈ જાય. વજીર તેના KRનું રક્ષણ રહે તેવી જગ્યાએ જ જઈ શકે.

1..., Q–N4!; 2 Q–QB4! સફેદ વજીરનો બીજી વખત ભોગ! આ વખતે પણ વજીરનો ભોગ સ્વીકારે તો કાળો ઉપર બતાવ્યા પ્રમાણે બે ચાલમાં મ્હાત થાય. માટે 2..., Q–Q2; 3 Q–B7!

સફેદે ત્રીજી વખત વજીરનો ભોગ આપ્યો. કાળો પોતાના વજીર કે હાથી વડે એ વજીરને મારે તો બે ચાલમાં મ્હાત થઈ જાય.

3..., Q–N4; 4 P–QR4, Q×P; 5 R–K4!

હવે હાથીનો ભોગ! તે પણ અસ્વીકાર્ય છે. દા. ત. 5..., R×R?; 6 Q×Rch, R–K1; 7 Q×Rch, Q×Q, 8 R×Q mate કે 5..., Q×R; 6 R×Q, R×Q; 7 R×R mate અથવા 6..., R×R; 7 Q×Rch, R–K1; 8 Q×R mate. માટે–

5..., Q–N4; 6 Q–NP!

સફેદ વજીરનો ચોથી વખત ભોગ! KRનું રક્ષણ જ્યાંથી રહે તેવા દરેક ખાના પર સફેદનો કાબૂ છે તેથી વજીરને જવા કોઈ જગ્યા નથી. વજીર વજીરને મારે તો આગળ આપણે જોયું તેમ બે ચાલમાં મ્હાત થાય છે. એટલે હવે 6..., Resigns.

આ કૉમ્બિનેશન વજીરના ઉપરાઉપરી ભોગ આપવાના ઉત્સાહમાં જો સફેદ 4 Q×NP? રમે તો બાજી પલટાઈ જાય. જુઓ 4 Q×N?, Q×R; 5 R×Q, R–B8ch; 6 N–K1, R×Nch; 7 R×R, R×R mate. આથી 4 P–QR4! અને 5 R–K4! આવશ્યક છે. આ વિકલ્પથી કૉમ્બિનેશનનું આકર્ષણ ઘણું વધી જાય છે.

આ સ્થિતિ એવી સચોટ છે કે રચેલા કોયડા જેવી લાગે છે. તેથી જ વિશ્વવિજેતા કે તેવા જ ઊંચા સ્તરના ખેલાડીઓએ રમેલાં કૉમ્બિનેશન્સની આ લેખમાળામાં પ્રમાણમાં સાધારણ ખેલાડીના કૉમ્બિનેશનનો સમાવેશ કરવાનું પ્રલોભન ટાળી શકાયું નથી. □

કે ભૂખ ન લાગે ત્યારે લોકો સંતરાં ચૂસે છે અથવા સંતરાંનો રસ પીએ છે. આ પ્રયોગ એક-બે દિવસ કરવાથી કકડીને ભૂખ લાગે છે ને પેટ સાફ આવે છે. ઉપવાસ કરતી વખતે કે ઉપવાસનું પારણું કર્યા પછી ઘણા સંતરાંનો રસ પીએ છે. સંતરાંનો રસ જઠરને શુદ્ધ કરે છે, મળ શુદ્ધિ કરે છે, ખોટી ગરમી શાંત કરે છે અને લોહીને ચેતનવંતુ બનાવે છે.

ગરમીના દિવસોમાં લીંબુ અને સંતરાં ઉપયોગી છે. આ બંને ફળો ખોટી ગરમી શાંત કરે છે, પેશાબ સાફ લાવે છે ને જૂની કબજિયાત મટાડે છે. ઉપરાંત સંતરાં ખાવાથી દાંત સ્વચ્છ બને છે, દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે, આંખોની બળતરા ઓછી થાય છે ને તરસનું પ્રમાણ ઘટે છે. આમ સંતરાં અનેક રીતે ઉપયોગી ફળ છે.

પ્રકૃતિને માફક આવે તેણે એક અથવા બે સંતરાં રાત્રે સૂતી વખતે ચૂસીને લેવાં ને અનુકૂળ આવે તો સવારે દાતણ કરીને, મોં બરાબર સાફ કરીને એકાદ સંતરું ચૂસીને જરૂર લો. આ રીતે સંતરાંનો નિત્ય ઉપયોગ કરવાથી કકડીને ભૂખ લાગશે, કબજિયાત હશે તો દૂર થશે અને નિત્ય એકથી બે દસ્ત પચીને આવશે.

સંતરાંના ગુણ તો અનેક છે. ખાસ કરીને ખોરાક પચતો ન હોય, મોટાં આંતરડાંમાં વિવિધ પ્રકારનાં ઝેરી તત્ત્વો હોય, મળ સડતો હોય, મોટાં આંતરડાંમાં મળ સખત રીતે જામી ગયો હોય, કોઈ પણ રીતે જૂની કબજિયાત મટતી ન હોય,—આ બધાં કારણો એકીસાથે આપણા શરીરમાં તોફાન મચાવતાં હોય ત્યારે દિવસના ભાગમાં બે-ત્રણ વખત સંતરાંનો રસ લેવાથી થોડા દિવસમાં ઘણી બધી ફરિયાદો નાબૂદ થઈ જશે.

નાજુક પ્રકૃતિવાળા લોકોને કેટલીક વખત સંતરાંનો રસ શરદી કરે છે. આવી પ્રકૃતિવાળાએ સંતરાંના રસમાં થોડું ગરમ પાણી ઉમેરીને પ્રયોગ કરવો અથવા ગરમ પાણીની તપેલીમાં રસ ભરેલો કાચનો પ્યાલો કે કલાઈ કરેલો પિત્તળનો પ્યાલો થોડો સમય રાખીને રસ ગરમ થયા બાદ એ રસ ધીરે ધીરે ચૂસીને પીવો. આથી રસ પીવાથી શરદી નહિ થાય.

ગર્ભવતી સ્ત્રીઓને આવતા ઊબકા અને ઊલટી પર સંતરાંનો રસ પીવાથી ઘણો લાભ થાય છે. ભોજન કર્યા પછી સંતરાં ચૂસીને લેવાથી ઊલટી થતી નથી. નાનાં બાળકોને દૂધની સાથે સંતરાંનો રસ આપવાથી દૂધ જલદી હજમ થાય છે. કેટલાંક બાળકોને દૂધ માફક નથી આવતું, જેથી વારંવાર ઝાડા થઈ જાય છે. આથી બાળકનું શરીર દિન પ્રતિદિન ઘસાતું જાય છે. આવી સ્થિતિમાં બાળકને દૂધ ને સંતરાંનો રસ આપવામાં આવે તો થોડા વખતમાં બાળકનું શરીર તંદુરસ્ત બને છે. દૂધમાં જે ચૂનાનું તત્ત્વ છે તેને પચાવવા માટે સંતરાંનો રસ ઉપયોગી નીવડે છે.

સંતરાંનો રસ હૃદયને હિતકર છે, તેમ જ જેમને દૂધ પીધા પછી પેટમાં વાયુ થાય છે તેમને માટે એ વધારે મદદરૂપ બને છે. વાયુને દૂર કરીને પચાવવામાં રસ ઉપયોગી નીવડે છે તેમ જ રક્તપિત્ત મટાડે છે. આંતરડાંમાં રહેલા અપક્વ મળને પચાવવામાં તે સહાય કરે છે. વળી કૃમિનો નાશ કરે છે. સંતરાંનો રસ અલ્કલ તત્ત્વોથી ભરપૂર હોઈ અશુદ્ધ લોહીને શુદ્ધ કરવાનો ખાસ ગુણ ધરાવે છે, ને નિયમિત લેવામાં આવે તો જઠર, આંતરડાં અને મૂત્રપિંડો શુદ્ધ કરે છે અને લોહીનું ઊંચું દબાણ ઘટાડે છે. ખોટી ગરમીને લીધે ગૂમડાં થયાં હોય તો તે પણ મટાડે છે. વળી પિત્તને શાંત કરે છે ને ચક્કર નાબૂદ કરે છે.

સંતરાં અનેક રીતે આરોગ્ય માટે ઉપયોગી ફળ છે. એમાં વિટામિન 'સી' સારા પ્રમાણમાં છે. ઉપરાંત બીજા ક્ષારો છે. ચામડીનાં દર્દોમાં સંતરાં ઔષધ જેવું કાર્ય કરે છે ને સૂકી ચામડી રેશમ જેવી મુલાયમ બનાવે છે. વજન તથા ચરબી ઘટાડવા માટે પણ સંતરાં ચૂસીને ખાવાં જોઈએ.

જેમને માફક આવે તેમણે સંતરાંનો આહારમાં ઉપયોગ કરવો. માંદાં માણસો માટે તે મીઠાં હોવાં જોઈએ. જે લોકોની તબિયત સારી છે તેઓ માટે ખટમધુરાં સંતરાં વધારે લાભદાયક નીવડશે.

કફ થતો હોય, દમ હોય, ઉધરસ હોય, પ્લુરસી હોય, શરદી-સળેખમ રહેતાં હોય, લોહીનું નીચું દબાણ હોય તેવાઓએ સંતરાં ખાવાં નહિ. તબિયત સારી થયા પછી માફક આવે તો સંતરાં લઈ શકાય. નાનાં બાળકોને કફ-ઉધરસ હોય તેમને પણ સંતરાં કે તેનો રસ આપવાં નહિ. (તંદુરસ્તી)

ફ્રીમેસનરી

ફ્રીમેસનરી એ કોઈ ધર્મસંપ્રદાય નથી પણ ધર્મ કે જાતિના ભેદભાવ વિના પોતાના સભ્યોમાં અરસપરસ સંપૂર્ણ સહાય કરવાની ભાવના સાથે સત્ય, દાન, ઔદાર્ય ને ભ્રાતૃભાવ વગેરેનો પ્રચાર કરવાના ઉદ્દેશવાળી એક સંસ્થા, સંઘ કે બિરાદરી છે. પોતાના વ્યવહારમાં ગુપ્ત વિધિવિધાન અને સંકેતોનો ઉપયોગ કરવાનું સ્વીકારવાના કારણે એની આસપાસ ગૂઢતાનું એક જાળું રચાએલું રહ્યું છે. અસલ તો પોતાની બિરાદરીમાં ભળેલા પ્રતિ સંપૂર્ણ બંધુભાવ રાખી એકબીજાને સહાયરૂપ બનતા નિષ્ણાત કડિયા-સલાટોનો એ સંઘ હતો. દેવળો અને મહાલયો જેવી ભવ્ય ઈમારતો બાંધવામાં નિષ્ણાત એવા કારીગરોને જ્યાં એવું કામ ચાલતું હોય ત્યાં જવા-આવવાનું થતું. અજાણ્યા મુલકમાં કામ કરવામાં એમને અનેક પ્રકારની સહાયની જરૂર પડતી અને તે એમની આ બિરાદરી દ્વારા મળી શકતી. માત્ર નિષ્ણાત કારીગરોને તેમાં પ્રવેશ મળતો એટલે આ બિરાદરીનું સભ્યપદ એ એના નૈપુણ્યનો પુરાવો બની રહેતું. એ સભ્યપદની ખાતરી માટે તેમણે કેટલાક ગુપ્ત સંકેતો યોજ્યા હતા કે જેથી કોઈ ફાલતુ કારીગર કંઈ ગેરલાભ ન ઉઠાવી જાય.

આ જ આદર્શ ઉપર પછી ઠેરઠેર ફ્રીમેસન સંસ્થાઓ સ્થપાઈ અને તેનો ઉદ્દેશ વધુ વ્યાપક બનતો ગયો. મનાય છે કે એશિયામાં એનો ઉદ્ભવ થએલો અને તેરમા સૈકામાં રોમમાં અને પછી યુરોપના અન્ય દેશોમાં તેનો ફેલાવો થયો. ઝનૂની ખ્રિસ્તીઓથી પોતાનો બચાવ કરવા જર્મનીમાં ફ્રીમેસન મંડળ સ્થપાએલું. સ્પેઈનમાં આફ્રિકાના મુસલમાનોએ પણ એવી બિરાદરી સ્થાપી હતી. પોતાના ગુપ્ત વિધિવિધાન અને સંકેતોના ચુસ્ત પાલન માટે આકરા સોગંદ લઇને કોઈ પણ વ્યક્તિ ધર્મ કે જાતિના ભેદભાવ વિના તેમાં જોડાઈ શકે છે.

સત્તરમા સૈકાના આરંભમાં ફ્રીમેસન સોસાએટીઓએ માનાર્હ સભ્યો પણ સ્વીકારવા માંડ્યા, જેમને તેઓ પોતાના કૌશલના કાલ્પનિક ઇતિહાસનું જ્ઞાન અને પોતાનાં ગુપ્ત વિધિવિધાનો ને સંકેતો શીખવતા. આવા માનાર્હ સભ્યો સ્વીકૃત સભ્ય (ઍક્સેપ્ટેડ મેસન) કહેવાતા. આવું સભ્યપદ મેળવવું. એ ત્યારે એક ફૅસનેબલ મહત્ત્વાકાંક્ષા બની ગએલું. ઈ. ૧૭૧૭માં આવી ચાર સોસાએટી લંડનમાં હતી. એમણે ઐક્ય સાધીને નવા બંધારણ અને નવાં વિધિવિધાનો અને સંકેતો યોજના સાથે પોતામાંની એકને પોતાની ઉપરી બનાવી. આવી સર્વોપરી શાખાને 'ગ્રાન્ડ લૉજ' અને તેના હાથ તળેની બીજી બધી શાખાઓ 'લૉજ' કહેવાય છે. નવેસરથી રચાએલી આ બિરાદરીનો ઉદ્દેશ પોતાના શબ્દોમાં ભ્રાતૃભાવ વધારી પરસ્પર સહાયરૂપ બનવાનો છે. લંડનની એ ગ્રાંડ લૉજ પછી ગ્રેટ બ્રિટનની ને દુનિયાની એની અન્ય શાખાઓની વડીલ બની.

■ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ તરફથી તેર વર્ષથી મોટી ઉંમરનાં બેનો-ભાઈઓ માટે ગ્રીષ્મ વ્યાયામ વર્ગો ને ફક્ત બહેનો માટે ગ્રીષ્મ તાલીમ શિબિર યોજવામાં આવ્યાં છે. તે માટેનાં પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તા. ૧–૫–૧૯૭૯ છે. વધુ વિગતો તથા પ્રવેશપત્ર માટે 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, મહાજન શક્તિદળ, રાજપીપળા (જિ. ભરૂચ)ને લખવું.

ફારસી કાવ્ય-ચમત્કૃતિ

પ્રાચીન ઈરાનના રાજવીઓની રહેણીકરણી અને ઠાઠમાઠ ભારે હતાં. ભલે રાજ નાનું દીવાસળીના ખોખા જેવડું હોય, રોજ દરબાર ભરાતો, વજીર, સૂબાઓ, હકીમ. નજૂમી, કવિ, ઉમરાવો વગેરે તેમાં બિરાજતા. રાજવી પોતે પણ ઘણા કલાપ્રેમી, કાવ્યાનુરાગી અને કદર-દાન હતા. કાવ્યવિનોદની ચર્ચામાં એક વાર એક કવિએ પોતાની પ્રિયાને ચંદ્રમુખી જેવી સુંદર કહી. આ ઉપમા રાજવીને પસંદ ન આવી. તેણે કવિને કહ્યું કે ચંદ્ર લાંછિત છે તેથી ચંદ્રમુખીનો અર્થ લાંછનમુખી થઈ જાય છે. માટે ચંદ્રને લગતી જ બીજી ઉપમા આપો.

કવિએ સહેજ વિચાર કરી નવી ઉપમા આપી. શબ્દો સરળ છે :

‘હુસ્ને માહરાબા તુ સંજીદમ બ મીઝાને ખયાલ
પલ્લએ માહ બર ફલક શુદ, તૂ બમાન્દી બર ઝમીન’

હે પ્રિયતમા, મેં તારા હુસ્નને-સૌન્દર્યને-કલ્પનાના એક ત્રાજવામાં-મીઝાને ખયાલમાં ચંદ્ર સાથે તોલ્યું. ત્રાજવામાં જે પલ્લામાં વજન વધુ હોય તે પલ્લું નીચું રહે અને ઓછું હોય તે પલ્લું ઊંચું જાય. તારું સૌન્દર્ય વધારે હતું તેથી તું જમીન પર રહી. અને ઓછા સૌન્દર્યવાળા હલકા ચંદ્રના પલ્લાની દાંડી આસમાનને લાગી ગઈ તેથી ચંદ્ર આસમાન પર છે.

—શશિકાન્ત જરદોસ

(સમર્પણ)

અંકિત-ગમ્મત

૧૭	૨૪	૧	૮	૧૫
૨૩	૫	૭	૧૪	૧૬
૪	૬	૧૩	૨૦	૨૨
૧૦	૧૨	૧૯	૨૧	૩
૧૧	૧૮	૨૫	૨	૯

૯	૨૦	૧	૧૨	૨૩
૧૫	૨૧	૭	૧૮	૪
૧૬	૨	૧૩	૨૪	૧૦
૨૨	૮	૧૯	૫	૧૧
૩	૧૪	૨૫	૬	૧૭

૧૯	૨૨	૫	૮	૧૧
૨૩	૧	૯	૧૨	૧૦
૨	૧૦	૧૩	૧૬	૨૪
૬	૧૪	૧૬	૨૫	૩
૧૫	૧૮	૨૧	૪	૭


૭	૧૬	૫	૧૪	૨૩
૧૧	૨૫	૯	૧૮	૨
૨૦	૪	૧૩	૨૨	૬
૨૪	૮	૧૭	૧	૧૫
૩	૧૨	૨૧	૧૦	૧૯

૧	૧૪	૨૨	૧૦	૮
૨૫	૮	૧૬	૪	૧૨
૧૯	૨	૧૫	૨૩	૬
૧૩	૨૧	૯	૧૭	૫
૭	૨૦	૩	૧૧	૨૪

૩	૧૬	૯	૨૨	૧૫
૨૦	૮	૨૧	૧૪	૨
૭	૨૫	૧૩	૧	૧૯
૨૪	૧૨	૫	૧૮	૬
૧૧	૪	૧૭	૧૦	૨૩

ઉપરનાં ૬ યંત્રમાં દરેકમાં ૧થી ૨૫ સુધીના ક્રમિક અંક એવી રીતે ગોઠવ્યા છે કે તે પ્રત્યેકની દરેક ઊભી સળંગ હાર, દરેક આડી સળંગ હાર ને દરેક વીકર્ણ સળંગ હારનો સરવાળો ૬૫ આવશે. તેમાં કોઈ પણ એક અંક બે વાર આવેલો નથી. તેમ કોઈ પણ અંક આવવા વગર રહી ગએલો નથી.

એ દરેકે દરેક યંત્રની પાછળ તેમાં અંક ભરવાની ખાસ રીત છે.



એપ્રિલ-મેનું આકાશદર્શન

સ્વાતિ, બ્રહ્મમંડળ, મૃગ, મિથુન, શશક, શ્વાન વગેરે તારામંડળો હવે તો છેક પશ્ચિમે ઊતરી ગયાં છે. દક્ષિણમાં અગસ્ત્ય પણ હવે વહેલો વહેલો આથમતો જઈ ૭મી મે પછી એ રાતે દેખાતો બંધ થઈ જશે. જ્યારે બીજી બાજુ પૂર્વાકાશે ઈશાનમાંથી કાલિય તારામંડળ હવે ઠીકઠીક ઊંચું ખસી આવેલું દેખાવા લાગશે. સપ્તર્ષિ તારામંડળમાં હવે સાતે ય ઋષિઓનાં દર્શન લભ્ય થવા લાગશે. ભૂતેશ, કન્યા, હસ્ત, નરાશ્વ વગેરે તારામંડળો પણ હવે પૂરાં જોઈ શકાશે. ભૂતેશમાં સ્વાતિ તારો ક્ષણેક્ષણે રંગ બદલતા એના ઝબકારાથી ખાસ ધ્યાન ખેંચે છે. ભૂલથી ઘણા એને ક્યારેક મંગળ ધારી લે છે. કન્યા તારામંડળનો ચિત્રા પણ તેના આગવા તેજથી અલગ તરી આવે છે. મઘાની પેઠે ચિત્રા પણ ક્રાન્તિ વૃત્ત પર આવેલો તારો છે. છેક દક્ષિણે સ્વસ્તિક તારામંડળ હવે સ્પષ્ટ થવા લાગ્યું છે ને તેમાં ત્રિશંકુ પોતાના તેજથી ખાસ ધ્યાન આકર્ષે છે. હાલમાં દેખાતા ગ્રહોમાં ગુરુ અને શનિ હવે ધારેધીરે મધરાત સુધીમાં આથમી જવા લાગશે. મંગળ ૨૯મી એપ્રિલથી પૂર્વાકાશમાં ઊગવા લાગી સૂર્યોદય પહેલાં જોઈ શકાશે. બુધ ૨૧મી એપ્રિલે પૂર્વાકાશમાં વધુમાં વધુ ઊંચે ચડેલો દેખાશે એટલે એ દિવસ એના દર્શન માટે સર્વોત્તમ છે. પાંચમી મેએ આ મંગળ બુધ ગ્રહોની યુતિ છે. તે તારીખે સૂર્યોદય પહેલાં પૂર્વાકાશમાં મંગળને તેના રક્તવર્ણ વડે સરળતાથી ઓળખી શકાશે, અને તેના આધારે તેનાથી પૂર્ણ ચંદ્રના ચારેક બિંબ જેટલે દૂર બુધને પણ પકડી શકાશે. સવારના પાંચેક વાગ્યાથી સૂર્યોદય સુધીમાં શુક્રનું પણ પૂર્વાકાશમાં દર્શન થઈ શકે તેમ છે. અને હવે તો આકાશગંગા પણ ધ્યાન ખેંચાય તેમ નૈઋર્ત્ય તરફ ઢળતી જતી દેખાશે.

—બિ. ટાંક

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૧/૧૫૧૦ પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્કે દખ્ખણના આદિલશાહ પાસેથી ગોવા જીતી લીધું

તા. ૧/૧૯૩૨ દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ પર પહેલી વાર વિમાનનું ઉડ્ડયન થયું.

તા. ૬/૧૮૯૬ પ્રાચીન ગ્રીક નગર ઑલિમ્પિયામાં દર ચાર વર્ષે યોજાતા ઑલિમ્પિક રમતોત્સવો છેક ઈ. ૩૯૪થી બંધ પડેલા તેને ફરી પુનર્જીવિત કરીને ગ્રીસમાં ઍથેન્સ ખાતે પહેલી ઑલિમ્પિક રમતો રમાઈ. તે પછી ૧૯૦૦ અને ૧૯૦૪માં પણ તેનું આયોજન થએલું. પરંતુ ત્યારે તેમાં યોગ્ય પ્રતિનિધિત્વ કે બંધારણ નહોતું. ૧૯૦૮માં લંડનમાં આ રમતોત્સવ યોજાયો ત્યારે તેને પહેલું વાસ્તવિક બંધારણ મળ્યું અને આજે એ એક વિશ્વસંસ્થા બની રહી છે.

તા. ૭/૧૯૪૨ હિંદભરમાં ગુજરાતના નામને ઊજળું કરનાર પ્રતિભાવાન ગુજરાતી સાક્ષર અને શિક્ષણકાર, વિવેચક અને ચિંતક, વિદ્વાન તત્ત્વદર્શી આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું અવસાન.

તા. ૮/૧૯૨૯ 'નિદ્રિત દેશને જાગૃત કરવા' ભગતસિંહે વડી ધારાસભામાં બૉમ્બધડાકો કર્યો.

વ્યક્તિવિશેષ

તા. ૯/૧૮૯૩ ઉત્કટ જ્ઞાનવ્યાસંગી ને અપ્રતિહત યાત્રી રાહુલ સાંકૃત્યાયનનો ઉત્તર પ્રદેશના પન્દાહાટ ગામે એક શાક્ત બ્રાહ્મણ પરિવારમાં જન્મ. એમનું મૂળ નામ તો કેદારનાથ પાંડેય. જ્ઞાનાર્જન માટે ઘેરથી નાસી જઈ બિહારમાં રામઉદર દાસ નામે વૈષ્ણવ સાધુ બની હિંદુ ધર્મનો અભ્યાસ કર્યો. એનાથી તૃપ્ત ન થતાં આર્યસમાજી થયા. અરબી ભાષા શીખી કુરાન અને ઈસ્લામનો પણ અભ્યાસ કર્યો. પછી બૌદ્ધ થઈ રાહુલ સાંકૃત્યાયન બન્યા. માનવતા વિરોધી કાર્યોના કોઈ પણ ક્ષેત્રમાં વિરોધ કરવાની તેમની ખાસિયત હતી જલિયાંવાલા બાગના હત્યા કાંડના વિરોધ માટે છ માસ જેલ ભોગવેલી. બિહારમાં કૉંગ્રેસનુ કામ પણ કરેલું અને ત્યાંના સામ્યવાદ પ્રેરિત કૃષક આંદોલનોમાં પણ ભળેલા. પછી સામ્યવાદ અને રાજકારણ પણ છોડી દઈ માત્ર સાહિત્યસર્જનમાં જ લાગેલા. જ્ઞાનપ્રાપ્તિ માટે એમણે અનેક વિસ્તૃત ને જોખમી પ્રવાસો પણ ખેડેલા. વેશપલટો કરી તિબેટના અભેદ્ય પ્રદેશોમાં સવા વર્ષ સુધી રહેલા ને પાછા ફરતાં ત્યાંથી ૮૧ ખચ્ચરો પર લાદી સંખ્યાબંધ હસ્તલિખિત બૌદ્ધ ગ્રંથો લઈ આવેલા. તે પછી યે ત્રણ વાર તિબેટ જઈને ૬૦૦૦ જેટલા બહુમૂલ્ય હસ્તલિખિત ગ્રંથો એકઠા કરેલા. હિમાલય પ્રદેશની વિભિન્ન જાતિઓ વિષે એમને ઊંડું જ્ઞાન હતું. લંકામાં એમણે સંસ્કૃત શીખવવા સાથે પાલિ ભાષાનું અધ્યયન કરી 'ત્રિપિટકાચાર્ય'ની પદવી મેળવેલી. તિબેટી અને સિંહાલી ભાષાનાં વ્યાકરણો પણ એમણે લખેલાં. રશિયાના આમંત્રણથી લેનિનગ્રાડ યુનિ૰માં પ્રાચ્યવિદ્યાનું સંશોધન કરેલું ને રશિયન ભાષા પણ શીખેલા. કોરિયા, ચીન, મૉંગોલિયા, મધ્ય અને પશ્ચિમ એશિયા તથા યુરોપ અને ઈરાનનો પ્રવાસ પણ કરેલો. એશિયા અને સ્લાવ દેશોની કેટલીક જૂની બોલીઓ અને મૃત ભાષાઓ સાથે ૩૬ જેટલી ભાષાઓ તેઓ જાણતા રાજનીતિ, ધર્મશાસ્ત્ર, યાત્રા, ઇતિહાસ, પુરાતત્ત્વ, સમાજશાસ્ત્ર, જીવનચરિત્રો, આત્મકથા, નવલકથા, નાટકો વગેરેની બધી મળી ૧૭૦ જેટલી કૃતિઓ એમણે રચી છે. ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'ના માનથી નવાજેલા. ઈ. ૧૯૬૩ની ૧૪મી એપ્રિલે દાર્જીલિંગમાં એમનું અવસાન થયું.

તા. ૧૪/૧૮૯૪ સિનેમાની પોતાની શોધ એડિસને પહેલી વાર ન્યૂ યૉર્ક શહેરમાં બતાવી.

તા. ૨૧/૧૫૨૬ પાણીપતમાં એક જ દિવસની લડાઈમાં બાબરે પઠાણોને હરાવીને દિલ્હી કબજે કર્યું. યુરોપ અને તુર્કસ્તાનમાં ત્યારે વપરાતી થએલી તોપોનો એણે અહીં હિંદુસ્તાનમાં આ યુદ્ધમાં પહેલી જ વાર ઉપયોગ કરીને આ વિજય મેળવી હિંદમાં મુઘલાઇનો પાયો નાખ્યો.

પ્રસંગવિશેષ

તા. ૨૪/૧૮૩૭ અનેક વાર લૂંટાએલા અને રંજાડાએલા ગુજરાતના નગર સૂરતની સોનાની મૂરતના રહ્યાસહ્યા તેજને છેલ્લી ઝાંખપ આપનાર પ્રચંડ આગ. એક પારસી વેપારીના ઘરમાં ઊકળતા ડામરમાંથી એ શરૂ થએલી અને બે દિવસ પછી તે કાબૂમાં આવી તે દરમિયાન તેમાં ૯૩૬૩ ઘર બળી ગયાં અને ૪૬,૮૬,૫૦૦ રૂપિયાનું નુકસાન થવા સાથે અસંખ્ય માણસો બળી મરેલાં, જેમાં મોટા ભાગે સ્ત્રીઓ હતી. સૂરતની જે કંઈ રોનક બચી હતી તેને આ ભયાનક આગે ત્યારે ખાક કરી નાખી.



કારકુન : હું ત્રીસ વરસથી આપની નોકરીમાં છું, કદી પગારવધારો માગ્યો નથી.

શેઠ : એ જ કારણે તમને અહીં ત્રીસ વર્ષ સુધી રાખ્યા કર્યા છે.

∞

શિક્ષક એક દાક્તરના દીકરા પર એટલા ગુસ્સે થયા કે બરાડી ઊઠયા : 'મારે તારા બાપુજીને અહીં બોલાવવા પડશે.'

દાક્તર-પુત્ર : રખે એવું કરતા સાહેબ! એમની વિઝિટ ફી પચીસ રૂપિયા છે.

∞

ધીરજની મોટામાં મોટી કસોટી ત્યારે જ થાય છે, જ્યારે એક તોતડાતો વકીલ બહેરા ન્યાયાધીશ આગળ અચકાતી જીભવાળા સાક્ષીની ઊલટતપાસ લેતો હોય.

∞

સુશીલા : વસ્તુનું ખરું મૂલ્ય આપણે જ્યારે તે ગુમાવીએ છીએ ત્યારે જ સમજાય છે.

વિધવા માણેક : ખરી વાત છે—મારા પતિની શોકસભામાં મેં એમને અપાતી અંજલિઓ સાંભળી ત્યારે જ મેં જાણ્યું કે મારા પતિ કેટલા મહાન હતા.

∞

દરદી : સાચું કહેજો દાક્તર સાહેબ, મારા બચવાની આશા કેટલી છે?

દાક્તર : સોએ સો ટકા! આંકડા કહે છે કે આ દરદમાં સોએ નવ માણસો સાજા થાય છે. મારા આવા નવ દરદીઓ ગુજરી ગયા છે અને તમે દસમા છો.



(જનસત્તામાં સ્વ. 'શિવ')

શિખરિણી

અસત્યો માંહીથી, પ્રભુ, પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ, પરમ તેજે તું લઈ જા.

—નાનાલાલ

ન્યાયમૂર્તિ રાનડે નાનપણમાં અત્યંત તામસી સ્વભાવના હતા. કૉલેજમાં આવ્યા પછી એ ઘણી વાર કલાકો સુધી પોતાની ઓરડીમાં પુરાઈ રહેતા. એક વાર એક મિત્રે આનું કારણ પૂછતાં તેમણે કહ્યું : 'હવે જ્યારે રોષનો પ્રસંગ આવે છે ત્યારે મારા મોંમાથી માઠું વચન ન નીકળી જાય એ માટે શાંત થતાં સુધી હું અંદર ભરાઈ રહું છું અને આમ સંયમ કેળવું છું.'

કહેવતો : 'ગોળના પાણીએ નવડાવવું'— મીઠુંમીઠું બોલીને-ખોટું આશ્વાસન આપીને ફોસલાવવા, છેતરવા કે ઠગી જઈને નુકસાન પહોંચાડવા માટે વપરાતી કહેવત.

અંકસંદર્ભ-આઠ: બૌદ્ધ ધર્મના અષ્ટાંગ- સચ્છ્રદ્ધા, સદિચ્છા, સદ્‌વચન, સદ્વર્તન, સન્માર્ગ, સત્પરિશ્રમ, સચ્ચિંતન, સન્નિશ્ચય.

ગણિત-ગમ્મત : ૧ થી ૯ સુધીનો કોઈ પણ અંક ધારવાનું તમારા મિત્રને કહો. તેને ૨ વડે ગુણાવો. ગુણાકારમાં ૫૦ ઉમેરાવો. જે જવાબ આવે તેમાંથી ધારેલો અંક બાદ કરાવો અને શો જવાબ આવ્યો તે પૂછો. તે રકમનો છેલ્લો આંકડો તે જ એનો ધારેલો આંક હશે. (જયંત ધોકાઈ)



કલાકણિકા : બ્રિટનના એક નાના ગામ કાર્ટમેલમાં માઈકલ ગિબન નામના એક કાષ્ઠશિલ્પીએ પોતાની વિધવિધ કલાકૃતિઓનું એક નાનુશું સંગ્રહસ્થાન ઊભું કરેલું છે. એમાંની આ એક કલાકણિકામાં એણે વેલપત્તીની ભાતથી આવૃત્ત ભિડાએલાં આંગળાંનું કલામય અને સજીવ શું સુંદર નિરૂપણ કર્યું છે.

માથું દુખતું હોય તો તુલસીનાં પાન અને અગરબત્તી વાટીને માથે ચોપડી લેજો.

व्याघ्रीव तिष्ठति जरा परिकर्त्तयन्ती
रोगाश्च शत्रव इव प्रहरन्ति गात्रे ।
आयुः परिस्रवति भिन्न घटादिवांभो
लोको न चात्महितमाचरतीति कष्टम् ॥

વાઘણની જેમ વૃદ્ધાવસ્થા કરડવા માટે આવી રહી છે. શત્રુઓની જેમ નાના વ્યાધિઓ શરીર પર આક્રમણ કરી રહ્યા છે. ફૂટેલા ઘડામાંથી ટપકતા પાણીની જેમ ઉંમર પણ ઘટી રહી છે, છતાં, દુઃખની વાત તો એ છે કે લોકો આત્મહિતની વાતોનું આચરણ નથી કરતા.

અનેકાર્થી શબ્દ : **વાત**=વાયુ,પવન; શરીરની ત્રણ ધાતુઓ (વાત, પિત્ત, કફ)માંની એક; વાર્તા, કથા; હકીકત, બીના કે વૃત્તાંત; વાતચીત કે સંભાષણ; લોકોમાં ચાલતો ગપાટો; કહેવાનો મુદ્દો (ઉદા. તમારી વાત હું સમજ્યો); વિસાત (એમાં તે શી મોટી વાત છે?); વિષય, બાબત (પારકી વાતમાં માથું ના મારો); રીત, વર્તન, વહેવાર (પૈસાદારની વાત જુદી છે); વર્ણન, ગુણગાન (એની તે વાત થાય?); સરસાઈ, વાદ (એની શી વાત કરવી?); કહેવાનું કે કરવાનું તે (વખત આવે ત્યારે વાત); યોજના ગોઠવણ (મારી બધી વાત મારી ગઈ); ભેદ, રહસ્ય (વાત બહાર પડી ગઈ); શિખામણ (મેં એને બે વાત કહી); પિંગળનો એક છંદ.



સ્નાયુઓ શરીરમાંથી ગરમી મેળવવાનું સૌથી વધુ મહત્ત્વનું સાધન છે. ઠરીને જામી જવાની સ્થિતિ સુધીના બે રતલ ઠંડા પાણીને એક કલાકમાં ઉકાળી શકાય એટલી ગરમી તંદુરસ્ત માણસના સ્નાયુઓમાં હોય છે.

કોઈની સાથે વાતો કરતી વખતે તમે બીજાની જ વાતો કર્યા કરશો તો ચુગલીખોર લાગશો; તમારી પોતાની જ વાત કર્યા કરશો તો શેખીખોર ગુંદરિયા લાગશો; અને સાંભળનાર માણસની વાત કરશો તો સરસ મિત્ર લાગશો!

'તમને હાથ જોતાં આવડે છે?'

'ખાસ તો ન કહી શકું, પણ એક વાર મેં એક બહેનનો હાથ જોયો હતો અને તરત જ મને લાગેલું કે તે ફાવવાની છે.' 'તે કેવી રીતે?'

'તેના હાથમાં ચાર એક્કા ને કાળીના બાદશાહ, રાણી, ગુલામ, દસ્સો તથા નવ્વો હતા.'



ટિકિટકથા ગઈ સાલ અમેરિકન પોસ્ટઑફિસે અંગત પત્રો માટે ૧૩ અને વ્યાપારી પત્રો માટે ૧૬ સેન્ટના નવા દર દાખલ કરવા વિચારેલું, પણ છેવટે પછી ૧૫ સેન્ટનો સામાન્ય દર નક્કી થએલો. આ નવો દર જારી કર્યો ત્યારે તે કિંમતની ટિકિટો તૈયાર ન હોઈ અગાઉ વર્ષો પહેલાં અછત માટે છાપી રાખેલી ટિકિટોનો તાત્કાલિક ઉપયોગ કરવો પડેલો. આ ટિકિટો પર મૂલ્યના સ્થાને માત્ર 'A' અક્ષર છાપેલો હતો. આંતરિક ટપાલ માટે ૧૫ સેન્ટની ટિકિટ તરીકે એ વપરાઈ હતી. અગાઉ ૧૯૭૫-ની નાતાલમાં પણ આવી મૂલ્ય છાપ્યા વિનાની ટિકિટો ત્યાં વાપરવી પડી હતી.



યહૂદીઓની પવિત્ર દીપમાળા મેનોરાહ : તેને પ્રકટાવી ડિસેમ્બરની પહેલીથી આઠ દિવસ સુધી 'હનુક્કા' નામનો એક દીપોત્સવ તેઓ ઊજવે છે, જેમાં રોજની એક મીણબત્તી પ્રકટાવતા-વધારતા જઈ આઠ દિવસે તેઓ એ આખી દીપમાળા પૂરી કરે છે. (વધારાની વચલી મીણબત્તી એ દરેક દીપ પ્રકટાવવા માટે છે.)

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૧૦૦થી

બીજા અને ત્રીજા અક્ષરના લઘુ ગુરુ વ્યુત્ક્રમથી એનો કરતાં એ ચરણ ખોડંગાય છે, અને કાવ્યપઠનમાં રસક્ષતિ થાય છે.

મને લાગે છે કે 'ગ્રીષ્મતાપભર્યો'ને સ્થાને 'ગ્રીષ્માતપભર્યો' એવો પાઠ જોઈએ. કવિશ્રીને પણ એ જ અભિપ્રેત હશે. સંભવતઃ આ મુદ્રણદોષ તો નથી ને?

(૨) ઉપર્યુક્ત અંકના અંતિમ પાને (પાનું ૪૫૬) મૂકેલા શ્રી સુરેશ દલાલના મુક્તકનો સંસ્કૃત ભાવાનુવાદ મોકલું છું, જે 'કુમાર'ના સુજ્ઞ રસિક વાચકોના ચિત્તને પ્રમુદિત કરશે.

सुखेषु किं मदः कार्यः
कार्यः शोको दुःखेषु किम् ।
प्रतिशाखं प्रनृत्यन्ति
पुष्पाणि सह कण्टकैः ॥

(દ્વારિકા) —લક્ષ્મીશંકર અ. જોષી

સમસરવાળાના અંકચોરસો

ફેબ્રુઆરી અંકમાં 'પચ્ચીસ વર્ષ પહેલાં'ની કૉલમમાં મારા તથા શ્રી રોહિત દેસાઈના સમસરવાળાના અંકચોરસો અંગેના લેખો ફરી વાર પ્રગટ થએલા જોઈ રોમાંચ અનુભવ્યો. આજે પણ આ લેખોની તાજગી જોતાં, 'કુમાર'માં પ્રકટ થતી કૃતિઓ કદી વાસી થતી નથી કે કરમાતી નથી તેની પ્રતીતિ થઈ.

આ લેખો અંગે થોડો રસિક ઇતિહાસ પણ છે. 'કુમાર'ના તે વખતના એક અંકમાં સમસરવાળાના અંકચોરસો અંગે કંઈક લખાણ પ્રકટ થતાં તેને સરળતાથી બનાવવાની રીત શોધવાની, મને તથા શ્રી રોહિત દેસાઈને એકીસાથે જ પ્રેરણા થઈ. અમે બંને પૂના એંજિનીઅરિંગ કૉલેજમાં ૧૯૫૦-૫૧ની સાલમાં સાથે ભણતા હતા, પરંતુ અભ્યાસ પૂરો કર્યા પછી અમે છૂટા પડી ગયા હતા. હું સૌરાષ્ટ્રમાં હતો જ્યારે તેઓ મુંબઈમાં સ્થાયી થયા હતા. બંનેને એક જ જાતની પ્રેરણા થવા અંગે બંને અણજાણ હતા. આ લેખ જ્યારે ૧૯૫૪માં પ્રકટ થયો ત્યારે મેં તેમને પુછાવ્યું કે આ રોહિત દેસાઈ તમે તો નહિ!

આ લેખો ૨૫ વર્ષ પહેલાં લખાએલા હતા, જે સમયે જોગાનુજોગ અમારી ઉમર પણ ૨૫ વર્ષની હતી, એટલે કે અમારી જિંદગીનું રજતજયંતી વર્ષ હતું. આજ ૨૫ વર્ષ પછી, અમારા આયુષ્યના સુવર્ણ જયંતી વર્ષમાં આ બંને લેખો બીજી વખત એક જ અંકમાં સાથે પ્રકટ થયા છે ત્યારે, ફરીથી અમે એકબીજા સાથે ફોનમાં વાત કરીને અનેરો રોમાંચ અનુભવ્યો છે.

(અમદાવાદ) —નૌતમ વખારિયા